

રશિયાએ 25 યુવતીઓને બંધક બનાવી રેપ કર્યો, 700 જેટલી મહિલાઓ કેદ

PAGE NO. 19

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

FOR BUYING, SELLING & LEASING
Investment In Real Estate Can Make Your Future Better...
FOR SELLERS
Free Home Staging Consultation
Professional Photography & Virtual Tour
Attractive Advertising
Social Media Marketing
Customized Feature Sheet
Weekly Open House
Assist in Mortgage & Legal Services
FOR BUYERS
Team of Strong Mortgage Brokers
Team of Lawyers
Professional Home Inspectors
Step by Step Guidance Through out Buying Process
AMIT SHAH
Sales Representative
Dir: 647-995-5640
amit4gtahomes@gmail.com
KOMAL SHAH
Sales Representative
Dir: 647-624-5640
komal4gtahomes@gmail.com
Homekey236@gmail.com
Web: www.amitshah.ca
HomeLife/Miracle Realty Ltd., Brokerage*
Off: 416-747-9777

FRIDAY, 15 APRIL, 2022 Vol. 19, No. 15 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

## હવે ત્રીજા વિશ્વ યુદ્ધના ભણકારા

# NATO દેશોને બરબાદ કરવાની વ્લાદિમીર પુતિનની ખુલ્લી ધમકી

### ઝેલેન્સ્કીની અમેરિકા સાથે મુલાકાત થાય તે પહેલા જ રશિયા ઉશ્કેરાયું : યૂક્રેનની મદદ કરશો તો પરિણામ ભોગવવા પડશે તેવી ધમકી આપી

**મોસ્કો**

અમેરિકાના રશિયા અને યૂક્રેન વચ્ચે ભીષણ યુદ્ધ 50માં દિવસે પણ યથાવત રહ્યું છે. ત્યારે બીજી તરફ યૂક્રેનના સશસ્ત્ર દળોની કમાને બુધવારે કહ્યું હતું કે, રશિયન સેના, યૂક્રેનના દોનેટ્સ્ક અને ખેરસાન ક્ષેત્રો પર હુમલો કરવા માટે તૈયાર છે. આ ઉપરાંત અમેરિકા ઝેલેન્સ્કી સાથે મુલાકાત માટે પોતાના ઉચ્ચ સ્તરના અધિકારીઓને કિવ મોકલવા માટે વિચારણા કરી રહ્યું છે. આ ઘટનાક્રમથી ઉશ્કેરાયેલા પુતિને નાટો દેશોને યૂક્રેનની મદદથી દૂર રહેવાની અને પરમાણું યુદ્ધની પુતિને ધમકી આપી હતી.

રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના નજીકના સહયોગીએ નાટોને ગુરુવારે ચેતવણી આપી હતી કે, જો સ્વીડન અને ફિનલેન્ડ અમેરિકાના નેતૃત્વ હેઠળના સૈન્ય ગઠબંધન નાટોમાં જોડાશે, તો રશિયા પણ પરમાણુ હથિયારોના ખડકલા સહિત વિસ્તારમાં પોતાના ડિફેન્સને મજબૂત બનાવવા માટેના પગલા ભરશે.

રશિયાના પૂર્વ રાષ્ટ્રપતિ દિમિત્રી મેદવેદેવે જણાવ્યું હતું કે, જો ફિનલેન્ડ અને સ્વીડન જેવા દેશ નાટોમાં જોડાશે તો તેનો અર્થ થશે કે રશિયાની સરહદ કરતા બમણી સરહદે નાટો સેના આવી જશે અને તે સ્થિતિમાં રશિયા પોતાની ગ્રાઉન્ડ ફોર્સ અને એર ડિફેન્સને ગંભીર રીતે નવેસરથી ખડકશે તેમજ ફિનલેન્ડના અખાતમાં પોતાની નેવીની હાજરી વધારશે, તો બીજી બાજૂ લિથુઆનિયાના વડાપ્રધાન ઈન્ગ્રિડા સાઈમોનાઈટે કહ્યું છે કે, આ કંઈ નવું નથી. રશિયા ધમકી આપતું રહે છે, તેમાં કંઈ નવી વાત નથી. આ દરમિયાન ઓસ્ટ્રેલિયા સરકારે રશિયા સરકારની માલિકી ધરાવતી 14 કંપની પર પ્રતિબંધ લાદ્યા છે.



## ખાર્કિવમાં રશિયન શેલિંગ, 4ના મોત

યૂક્રેનના ખાર્કિવમાં રશિયન સેનાએ ભીષણ શેલિંગ કર્યુ છે. જેમાં જાનહાનિના અહેવાલ છે. ખાર્કિવના ગર્વનર ઓલેહ સિનિગુબોવે જણાવ્યું હતું કે, ખાર્કિવમાં રશિયન સેનાએ ભીષણ શેલિંગ કર્યુ હતું. જેમાં 4 નાગરિકોના મોત થયા હતા, જ્યારે દસ અન્ય નાગરિકો ઇજાગ્રસ્ત થયા છે.

## 9 માનવીય કોરિડોર પર બની સહમતિ

યૂક્રેનના નાયબ વડાપ્રધાન ઇરિના વેરેશચુકે જણાવ્યું હતું કે ગુરુવારે મારિયુપોલમાંથી નાગરિકોને ખસેડવા માટે માનવીય કોરિડોર બનાવવા સહતમિ વ્યક્ત કરાઇ છે. જે પ્રમાણે મારિયુપોલમાંથી 9 માનવીય કોરિડોરમાંથી નાગરિકો પોતાની ખાનગી કાર સહિતના વાહનો મારફત શહેર છોડીને બહાર નીકળી શકશે. મારિયુપોલમાં રશિયન સેનાએ કાળો કેર વર્તાવ્યો છે.

## ટ્વિટરનું હોસ્ટાઇલ ટેકઓવર કરવા પ્રયાસ

# ટ્વીટરના હસ્તાંતરણ માટે મસ્ક દ્વારા 41 અબજ ડોલરની ઓફર

**વોશિંગ્ટન**

વિશ્વના સૌથી ધનાઢ્ય એલોન મસ્કે ટ્વિટરને હસ્તાંતરણ કરવા માટે 41 અબજ ડોલરની ઓફર કરી રહી છે. ટેસ્લા અને સ્પેસએક્સના સંસ્થાપક પ્રમોટર એલન મસ્કે ટ્વિટરનું હોસ્ટાઈલ ટેકઓવર કરવાનો પ્રયાસ કર્યો છે. એક રેગ્યુલેટરી ફાઈલિંગ અનુસાર એલોન મસ્કે ટ્વિટરને ખરીદવા માટે 41.49 અબજ ડોલરની ઓફર કરી છે. 14મી એપ્રિલની ફાઈલિંગ અનુસાર આ ઓફરમાં મસ્કે ટ્વિટરને 54.20 ડોલર પ્રતિ શેરના ભાવે કેશમાં ખરીદવાની ઓફર કરી છે. મસ્ક દ્વારા ઓફર કરવામાં આવેલ ભાવ 54.20 ડોલર પ્રતિ શેર 1લી એપ્રિલના ટ્વિટરના બંધ જ્યારે મસ્કે 9% પરોક્ષ હિસ્સો ખરીદ્યો હતો તે દિવસના બંધ ભાવથી 38% પ્રીમિયમે છે. આ ઓફર નોનબાઈડિંગ છે અને તમામ સરકારી રેગ્યુલેટરી મંજૂરીઓને આધીન છે.



કંપની મસ્કમાં પોતાનું મૂડીરોકાણ કરતા રહે છે અને જરૂર પડયે તેમાં વધારે શેરની ખરીદી કરે છે અને ઘટાડી પણ શકે છે. આ અંગે ટ્વિટરના બોર્ડ સાથે ચર્ચા શરૂ કરી છે. પમી એપ્રિલે મસ્ક દ્વારા આ ઓફર કરવામાં આવી હતી અને 11મી એપ્રિલે આ પ્રસ્તાવિત સોદામાં ફેરફાર કરવામાં આવ્યા હતા.

ABOWATH
REAL ESTATE GROUP
VALUING RELATIONSHIPS OVER TRANSACTIONS EVERY SINGLE TIME!
RE/MAX
MAAZ ABOWATH
BROKER
416 893 4585
More Info on PAGE 2
વધુ માહિતી પાનું 2 પર
ABOWATH.COM

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife
Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE I FUNERAL INSURANCE I MORTGAGE INSURANCE I CRITICAL ILLNESS INSURANCE I DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE I INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS I RESP I ESTATE PLANNING I RRSP I RETIREMENT PLANNING

Need mortgage financing?
Look no further. Let me make it happen.
RBC Royal Bank®
BHAVIN PATEL
Mobile Mortgage Specialist
Royal Bank of Canada
bhavin.patel@rbc.com
mortgage.rbc.com/bhavin.patel
Serving Greater Toronto Region
Cell: 647-502-8069
Fax: 416-253-9461

CIBC
Mortgage advice that comes to you
For expert advice contact me today
Dhiresh Shah
Mobile Mortgage Advisor
Tel : 647-248-0246
dhiresh.shah@cibc.com

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપની અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

Residential
New Condos
Investments
Commercial
દુઆમાં યાદ રાખશો
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Inderpendently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# વર્ષ ૨૦૨૨ માટે ઈમિગ્રેશન ફીના નવા દર જાહેર

## અરજદારે કેનેડામાં પરમેનેન્ટ રેસિડન્સના અધિકારો માટે વધુ ૫૦૦ ડોલર્સ ચૂકવવા પડશે

**ઓન્ટેરિયો**

કેનેડાએ ૩૦મી એપ્રિલથી તમામ પ્રકારની પરમેનેન્ટ રેસિડેન્સ અરજીઓની ફીમાં વધારાની જાહેરાત કરી હતી. આ ફી વધારો ઈકોનોમિક, પરમિટધારક, પરિવાર અને માનવતાના આધારે પ્રવેશ માટે કરવામાં આવતી અરજીઓને લાગુ પડશે. ઈમિગ્રેશન, રેફ્યુજી એન્ડ સિટિઝનશિપ કેનેડા (આઈઆરસીસી)એ ૨૦૨૦નાં ફુગાવાને કારણે પરમેનન્ટ રેસિડેન્સ અરજીઓની ફીમાં વધારાની જાહેરાત કરી હતી. ૨૦૦૨માં પહેલી વખત




આઈઆરસીસીએ ફુગાવાને હિસાબે ફીમાં વધારો કરતા જણાવ્યું કે, હવેથી દર બે વર્ષે ફીમાં વધારો કરવામાં આવશે. આ અરજીઓના ફી વધારા સિવાય અરજદારે પરમેનેન્ટ રેસિડન્સના અધિકારો માટે ૫૦૦ ડોલર્સ ચૂકવવા પડશે. આ ચુકવણી અરજી કરતી વખતે અથવા તમારી અરજી મંજૂર કરવામાં આવ્યા બાદ કરવાની રહેશે. પરમેનન્ટ રેસિડેન્સ તરીકે અરજી સ્વીકારવામાં આવે ત્યાં સુધી આ રકમ અનામત રાખવામાં આવશે. જેની અરજીઓ સ્વીકારવામાં નહીં આવે તેમને એ રકમ પાછી આપવામાં આવશે. આ ચૂકવણી માટે પરમેનેન્ટ રેસિડેન્સ સ્ટેટસ એક્ટિવેટ કરવું પડશે.

### પરમેનેન્ટ રેસિડેન્સ માટે કોણે કોણે અધિકાર ફી ચૂકવવી નહીં પડે

- મૂળ અરજદાર અથવા પ્રાયોજક પર આધારિત બાળકો.
- દત્તક બાળક માટે પ્રાયોજિત અરજદાર.
- નાના ભાઈ-બહેન, ભત્રીજા-ભત્રીજીઓ અને પૌત્ર-પૌત્રીઓ માટેનાં અરજદાર.
- માનવતાનાં ધોરણે પ્રવેશપાત્ર અરજદારો સહિત રક્ષિત વ્યક્તિઓ કે જેમને રક્ષણ આપવામાં આવ્યું હોય અથવા કન્વેન્શનલ શરણાર્થી.
- પરમેનેન્ટ રેસિડેન્સ કાર્ડ, પરમેનેન્ટ રેસિડેન્સ ટ્રાવેલ ડોક્યુમેન્ટ્સ અને ઈમિગ્રેશન ડોક્યુમેન્ટ્સના રિપ્લેસમેન્ટ માટે આ વધારો લાગુ નહીં પડે.

# પિયર્સન એરપોર્ટ પર ઓન્ટેરિયો એરલાઈન્સનાં ચાલકદળ પાસેથી માદક દ્રવ્યોનો જથ્થો જપ્ત

**ઓન્ટેરિયો**

ઓન્ટેરિયો એરલાઈન્સે એપ્રિલની શરૂઆતમાં તેના કેટલાક કર્મચારીઓની સામે તપાસ શરૂ કરી છે. કારણ કે, ડોમિનિકન એરપોર્ટ ઉપરથી આવેલી ફ્લાઈટનાં ચાલકદળનાં સભ્યો પાસેથી મોટા પ્રમાણમાં માદક દ્રવ્યો મળી આવ્યાં છે. મીડિયાના અહેવાલ મુજબ એરલાઈન્સની એક ફ્લાઈટ ટોરોન્ટોના પિયર્સન આંતરરાષ્ટ્રીય હવાઈમથક પર હતી અને તે સમયે ચાલકદળનાં પાંચ સભ્યો પાસેથી પ્રતિબંધિત માદક દ્રવ્યો મળી આવતા તેને અટકાયતમાં લેવામાં આવ્યા હતા.

આ ફ્લાઈટ ટોરોન્ટો જઈ રહી હતી ત્યારે 5મી એપ્રિલે પન્ટાકેના હવાઈમથક પર ફરજિયાત ઉતરાણ કરવામાં આવ્યું હતું. ડોમિનિકન રિપબ્લિકનાં નેશનલ ડ્રગ કંટ્રોલ ડીરેક્ટોરેટે જણાવ્યું હતું કે, દરેક પેકેટમાં 25 ગ્રામ માદક દ્રવ્યોવાળા 200 પેકેટ મળી આવ્યા હતાં અને તે વિમાનનાં કંટ્રોલ કમ્પાર્ટમેન્ટમાં રાખવામાં આવ્યા હતા. જે ભારે તપાસ બાદ કબજે કરવામાં આવ્યાં હતાં. પાઈલોટે કબુલ કર્યું હતું કે, કેનેડાના નવ નાગરિકો સહિતના ચાલકદળનાં તમામ સભ્યો જેમાં એક ભારતીય નિવાસીનો પણ સમાવેશ થાય છે,

તેની માદક દ્રવ્યો મળી આવ્યા બાદ ધરપકડ કરવામાં આવી હતી. આ ટૂકડીમાં એક ડોમિનિકન નાગરિકનો પણ સમાવેશ થાય છે.

જ્યારે પ્રવક્તાને આ ધરપકડ બાબતે મીડિયા તરફથી પ્રશ્ન કરવામાં આવ્યો ત્યારે પ્રવક્તાએ જણાવ્યું હતું કે, ધરપકડ કરવામાં આવી છે, તે બાબતની અમને જાણ છે. પરંતુ આરોપીઓનાં પ્રાઈવસીના અધિકારોને ધ્યાનમાં રાખતા વધુ માહિતી આપી શકાય તેમ નથી.

# ટોરન્ટોના મેટ્રો સ્ટેશનમાંથી નીકળતા ભારતીય વિદ્યાર્થીની ગોળી મારી હત્યા

**દિલ્હી**

ગાઝિયાબાદમાં રહેતા વિદ્યાર્થી કાર્તિક વાસુદેવની કેનેડાના ટોરન્ટોમાં ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. કાર્તિકના પરિવારને પહેલા તે મિસિંગ થયો હોવાની અને થોડા કલાક બાદ તેની હત્યા થઈ હોવાની માહિતી મળી હતી. કાર્તિક સાહિબાબાદ સ્થિત રાજેન્દ્રનગરના સેક્ટર-5માં રહેતો હતો. કાર્તિકના પિતા હિતેશ વાસુદેવે જણાવ્યું કે, તેમનો પુત્ર MBAના અભ્યાસ માટે 4 જાન્યુઆરી, 2022નાં રોજ ટોરન્ટો ગયો હતો. તે અભ્યાસની સાથે એક રેસ્ટોરાંમાં પાર્ટ ટાઈમ જોબ પણ કરતો હતો. પરિવારે આ ઘટના બાદ કેનેડા એમ્બેસીનો સંપર્ક કર્યો હતો. મંગળવારે કાર્તિકના મિત્રનો તેના પિતા પર ફોન આવ્યો કે તે મિસિંગ છે. મિત્રોએ જણાવ્યું કે મંગળવારે કાર્તિક ન તો કામ પર આવ્યો ન હતો. થોડી વાર પછી સમાચાર આવ્યા કે, કાર્તિકને ગોળી વાગવાથી મોત થઈ ગયું છે. કાર્તિકના મિત્રોએ જણાવ્યું કે, કેનેડાના સમય મુજબ સાંજે 5 વાગ્યે ટોરન્ટોમાં મેટ્રો સ્ટેશનની બહાર સબ-વેમાં કાર્તિકની ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી હતી. કાર્તિક મેટ્રો સ્ટેશનની બહાર નીકળ્યો જ હતો, ત્યારે કોઈએ તેને ગોળી મારી દીધી હતી. ટોરન્ટો પોલીસે કાર્તિકના મિત્રોને આ ઘટનાની જાણ કરી હતી.

# કામદારોની તંગી નિવારવા ઓન્ટેરિયોની કોલેજોમાં ડીગ્રીના વિકલ્પોમાં વધારો થશે

### ત્રણ વર્ષનો એપ્લાઇડ ડીગ્રી પ્રોગ્રામ ટૂંક સમયમાં કોલેજોમાં શરૂ કરવામાં આવશે

**ટોરોન્ટો**

ન્ટેરિયો કામદારોની તંગીને પહોંચી વળવા માટે સરકારી કોલેજોમાં ડીગ્રીના વિકલ્પો વધારવાના પ્રયત્નો કરી રહ્યું છે અને ત્રણથી ચાર વર્ષમાં સ્નાતકો તૈયાર થઈ શકે તથા ઓટો સેક્ટર જેવાં ક્ષેત્રોમાં જલ્દીથી જોડાઈ શકે તેવા વિકલ્પો પર વિચારણા કરી રહી છે. રાજ્ય સરકારે જણાવ્યું હતું કે, ત્રણ વર્ષનો એપ્લાઈડ ડીગ્રી પ્રોગ્રામ ટૂંક સમયમાં કોલેજોમાં શરૂ કરવામાં આવશે. તેને કારણે કામદારોની કુશળતામાં વધારો થશે અને ટેક્નોલોજી સંબંધી ક્ષેત્રમાં તેઓ કામ કરી શકશે. કોલેજો અને યુનિવર્સિટનીનાં પ્રધાન જીલ ડનલોપે કહ્યું હતુ કે, આ કાર્યક્રમને સરકાર અગ્રતા ક્રમે આગળ વધારવા માટે તેમાં મૂડી રોકાણ થઈ રહ્યું છે.

ઉત્તર અમેરિકાનાં એક રાજ્યએ ઓટો સેક્ટરમાં જે પ્રભવત્વ મેળવ્યું છે, તે આવા કાર્યક્રમોને આભારી છે. 2023થી વિદ્યાર્થીઓને આ કાર્યક્રમમાં પ્રવેશ આપવામાં આવશે અને મંત્રી તથા રાજ્ય સરકારે ડીગ્રી પ્રોગ્રામની મર્યાદા નક્કી કરતાં જણાવ્યું હતું કે કોલેજો આવા પ્રોગ્રામની સમયમર્યાદા પાંચ વર્ષની રાખી શકે છે.





# ભીડ ઓછી કરવા ઈલેક્શન ઓન્ટેરિયો 2જી જુને મતદાન માટે વધુ વિકલ્પો આપશે

## કોવિડ-19ને ધ્યાનમાં રાખી સાવચેતીના તમામ પગલા ભરવા વિચારણા

**ઓન્ટેરિયો**

આ વર્ષે યોજાનાર ચૂંટણીમાં મતદાન મથકો ઉપર ભીડ ઓછી કરવાના હેતુથી ઈલેક્શન ઓન્ટેરિયોએ લોકોને રૂબરૂ આવવાને બદલે મેઈલ-ઈન બેલેટ અથવા તો વહેલા મતદાન માટે વધારાના જે દિવસો રાખવામાં આવ્યાં છે, તેનો ઉપયોગ કરવા વિનંતી કરી છે. કોવિડ-૧૯ના રોગચાળા દરમિયાન કોઈ રાજ્ય તરફથી આવી વ્યવસ્થા પહેલી વખત કરવામાં આવી છે. ટૂંક સમયમાં સત્તાવાર રીતે ચૂંટણી પ્રચાર શરૂ થવાનો છે, ત્યારે હાલમાં રાજકીય પક્ષો આ મહારોગચાળાને પહોંચી વળવા આપાતકાલીન યોજનાનો પ્રચાર કરી રહ્યાં છે, પણ ચૂંટણીનો વહીવટ કરી રહેલાં ઓન્ટેરિયો ઈલેક્શન કમિશને ચૂંટણી સમયે સંભાવિત મહારોગચાળા પર લાંબા સમયથી નજર રાખવાનો નિર્ણય કર્યો છે.

વરિષ્ઠ ચૂંટણી અધિકારી ગ્રેગ ઈન્સેન્સિએ ૨૦૨૦ના ઉનાળામાં આરોગ્ય વિભાગના વરિષ્ઠ આરોગ્ય અધિકારીને પત્ર લખીને બંને વિભાગના ટાસ્કફોર્સ બનાવવા જણાવ્યું હતું. આ બંને વિભાગોની નિયમિત બેઠકો યોજાતી રહે છે અને ઈલેક્શન ઓન્ટેરિયો છેલ્લા બે વર્ષથી આરોગ્ય વિભાગના ટોચના ડોક્ટર્સની સલાહ મેળવીને ચૂંટણીઓનું આયોજન કરે છે. જ્યારે મતદાતાઓ 2જી જૂનના રોજ મતદાન કરવા જશે. ત્યારે સ્થળ પર સોશિયલ ડિસ્ટન્સ જાળવવાના સંકેત, પ્લેક્સી ગ્લાસ સ્ક્રિન્સ, હેન્ડ સેનેટાઈઝર્સ અને માસ્ક આપવામાં આવશે. મતદાતાઓ તથા કર્મચારીઓએ માસ્ક પહેરવાની જરૂર નથી પણ જે લોકો માંગશે તેને માસ્ક આપવામાં આવશે. એસેન્સા માને છે કે, મોટાપ્રમાણમાં લોકો 2જી જુનના દિવસે મતદાન કેન્દ્રો ઉપર આવવાનું ટાળશે. ઓન્ટેરિયોમાં પરંપરાગત રીતે ૮૫થી ૯૦ ટકા લોકો મતદાન કરે છે. અમે ઈચ્છીએ છીએ કે, આ વખતે મતદાતાઓ પોતાની અનુકૂળતા મુજબ મતદાન કરે. સામાન્ય રીતે મતદાન માટે પાંચ દિવસ રાખવામાં આવે છે. આ વર્ષે પાંચ દિવસ વધારીને દસ દિવસ કરવામાં આવ્યાં છે. ચૂંટણી પ્રચાર દરમિયાન ઉમેદવારો અને કાર્યકરોને માસ્ક પહેરવાની ભારપૂર્વક ભલામણ કરવામાં આવી છે. વોટસને જણાવ્યું હતું કે, હાલમાં જ એક ઉમેદવારનો કોવિડ-૧૯ ટેસ્ટ પોઝિટિવ આવ્યો હતો. આવા સમયે ઉમેદવાર, તેના પરિવાર અને કાર્યકરોએ કોવિડ-૧૯ના નિયમોનું પાલન કરવું જરૂરી છે.

# બેંક ઓફ કેનેડાએ વ્યાજનો દર વધાર્યો, ઉદ્યોગો-ગ્રાહકોને અસર

## કોરોનાને કારણે માર્ચ 2020માં બેંકે વ્યાજના દરમાં અડધા ટકાનો ઘટાડો કર્યો હતો

**ઓન્ટેરિયો**

બેંક ઓફ કેનેડાએ તેના આધારરૂપ વ્યાજના દરમાં અડધા ટકાનો વધારો કરીને 1 ટકા કર્યો છે. બેંક દ્વારા કરવામાં આવેલો વ્યાજનો વધારો કેનેડાના ઉદ્યોગો અને ઉપભોક્તાઓ ઉપર ભારે અસર કરશે.

તેમણે મોર્ગેજ તથા જીઆઈસી અને સેવિંગ એકાઉન્ટ ઉપર વધારે વ્યાજ ચૂકવવું પડશે અને લેતી વખતે પણ વધારે વ્યાજ ચૂકવવું પડશે. માર્ચ 2020માં બેંકે વ્યાજના દરમાં અડધા ટકાનો ઘટાડો કર્યો હતો. પરંતુ ત્યારે કોવિડ-19ના મહા રોગચાળાની શરૂઆત થઈ રહી હતી. આ ઘટાડો રોગચાળાનો ભોગ બનેલા ઉદ્યોગો અને લોકોને મદદરૂપ થવા માટે કરવામાં આવ્યો હતો. તાજેતરનાં મહિનાઓમાં ફુગાવાનો દર તેની મૂળ ઉચી સપાટી પર આવી ગયો હતો અને દાયકા પહેલાં જે સ્થિતિ હતી, તે સ્થિતિ યથાવત્ આવીને ઊભી રહી ગઈ છે. તેથી કેન્દ્રિય બેંકે આ પરિસ્થિતિને પહોંચી વળવા માટે સસ્તા દરે આપવામાં આવતાં ધિરાણ પર અંકૂશ મૂકવા માટે વ્યાજના દરમાં અડધા ટકાનો વધારો કરીને એક ટકા કર્યો છે.

બેંક ઓફ કેનેડાના ગવર્નર ટીફ મેક્લેમે જણાવ્યું હતું કે, દેશમાં ફુગાવાનો દર બહું ઉચો છે. આપણને ઉચા વ્યાજદરની જરૂરત છે. બીજી વાર બેંક તરફથી વ્યાજના દરમાં વધારો કરવામાં આવ્યો છે અને બુધવારે બંને બેંકોએ 2017થી ઉપરાઉપર વ્યાજના દરમાં વધારો કર્યો છે. વર્ષ 2000 બાદ આ સૌથી મોટો વ્યાજનો વધારો છે. બેંક તરફથી વ્યાજના દરમાં વધારો કરવામાં આવશે એવી અર્થશાસ્ત્રીઓને આશા હતી અને તે પ્રમાણે ફુગાવાને નિયંત્રણમાં રાખવા માટે આ પગલું ભરવામાં આવ્યું છે. હાલમાં કેનેડામાં ફુગાવાનો દર 6 ટકા છે. બેંકના વ્યાજદરમાં વધારો કરીને બેંક બેસી રહી નથી. પરંતુ તે અર્થતંત્રને સ્થિર રાખવા માટે અન્ય જરૂરી પગલાંઓ પણ લઈ રહી છે.

# મોદી સરકારે મુસ્લિમ વિરોધી ઉશ્કેરણી તાકીદે બંધ કરાવવી જોઈએ: જગમીતસિંહ

## રામનવમીએ ભારતમાં થયેલી હિંસાને કારણે જગમીતસિંહે ચિંતા વ્યક્ત કરી

**ટોરોન્ટો**

ભારતમાં રામનવમીના દિવસે ઘણાં શહેરોમાં રમખાણો જેવી સ્થિતિ ઊભી થઈ હતી. આ વિશે કેનેડાની ન્યૂ ડેમોક્રેટિક પાર્ટીના નેતા જગમીત સિંહે ભારત પર આકરા પ્રહાર કર્યા છે. તેમણે ભારતમાં અલ્પસંખ્યકો વિરુદ્ધ થતી હિંસાને જોખમી ગણાવી છે. ભારતીય મૂળના કેનેડિયન નેતાએ કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર પર આરોપ લગાવ્યો છે કે અહીં મુસ્લિમવિરોધી ઉશ્કેરણી કરવામાં આવે છે.

જગમીત સિંહે ગુરુવારે તેમના ઓફિશિયલ ટ્વિટર હેન્ડલથી કરેલા એક ટ્વીટમાં લખ્યું છે કે, હું ભારતમાં મુસ્લિમ સમુદાય વિરુદ્ધ હિંસાની તસવીરો, વીડિયો અને જાણીજોઈને આપવામાં આવતી ધમકીઓ વિશે ખૂબ ચિંતિત છું. મોદી સરકારે મુસ્લિમવિરોધી ઉશ્કેરણી કરવાનું બંધ કરવું જોઈએ. માનવ અધિકારોની રક્ષા થવી જોઈએ. દરેક જગ્યાએ શાંતિની સ્થાપના કરવામાં કેનેડા એક મજબૂત ભૂમિકા નિભાવી શકે છે.

કેનેડા સિવાય અમેરિકાના કેટલાંક નેતાઓએ પણ ભારતના માનવાધિકારોના ઉલ્લંઘન વિશે ચિંતા વ્યક્ત કરી છે. અમેરિકન વિદેશમંત્રી એન્ટી બ્લિકંને સોમવારે કહ્યું હતું કે, અમેરિકાએ ભારતમાં માનવાધિકારના ઉલ્લંઘન પર કડક નજર રાખી છે. ભારતમાં અમુક સરકાર, પોલીસ અને જેલ અધિકારીઓ તરફથી માનવાધિકારનું ઉલ્લંઘન થતુ હોવાની ફરિયાદો છે.

# નિકાસ વધતાં એટલાન્ટિક કેનેડામાં સમુદ્રી આહાર લોબસ્ટરના ભાવ પણ ઉચકાયા

**ક્યૂબેક**



## અમેરિકા સહિતના દેશોમાં પ્રસંગોના ભોજન સમારંભ ચાલુ થતાં લોબસ્ટરની માંગ વધી

કેનેડામાં છેલ્લાં કેટલાક ઉનાળા દરમિયાન સમુદ્રી આહાર લોબસ્ટર વિના ભોજન અધુરું રહેતું હતું. પરંતુ આજે આ ઉનાળામાં સ્થિતિ એવી છે કે, પ્રવાસીઓની જેમ સ્થાનિકોએ પણ કવચધારી આહાર માટે ખિસ્સામાંથી વધુ નાણાં કાઢવા પડશે. કારણ કે, તેના ભાવ ઐતિહાસિક ઉચાઈ પર પહોંચ્યા છે. નોવા સ્કોટિયાના પૂર્વ દરિયાકાંઠે આવેલી ટેન્જર લોબસ્ટર કંપની લિમિટેડ લોબ્સ્ટરની નિકાસ કરે છે. તેના મેનેજીંગ ડીરેક્ટર સ્ટુઅર્ટ લામોન્ટેએ કહ્યું હતું કે, એક સમય એવો હતો કે, મહારોગચાળાને રેસ્ટોરન્ટ ઉદ્યોગની માંગ ઘટતા લોબસ્ટરની નિકાસ પર વિપરીત અસર પડી હતી. માછીમારોને ગ્રાહકો પાસેથી ઓછા ભાવ મળતા હતા. પરંતુ આજે આપણાં લોબસ્ટર સોના જેવાં થઈ ગયાં છે. તેના ભાવ વ્યાપાર જગતના ઈતિહાસમાં સૌથી ઉચી સપાટીએ પહોંચ્યાં છે. બે ઓફ ફન્ડી ઈનશોર ફીશરમેન એસોસિએશનના અધ્યક્ષ કોલિન સ્પ્રાઉટે જણાવ્યું હતું કે, “ લોકડાઉન પહેલાં બજારમાં લોબસ્ટરની તીવ્ર માંગ હતી. કોવિડ-૧૯ની પહેલી લહેર બાદ ખૂલેલા બજારમાં લોબસ્ટરની ભારે માંગને કારણે સાદા અને પ્રોસેસ્ડ લોબસ્ટરના ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે અને એ ભાવ વધારો હજુ પણ ચાલુ છે. વર્ષ ૨૦૧૯માં કેનેડાએ ૨.૫૯ બિલિયન ડોલર્સના લોબસ્ટરની નિકાસ કરી હતી, જે ગયા વર્ષે ૨૫ ટકાના વિક્રમસર્જક વધારા સાથે ૩.૨૬ બિલિયન ડોલર્સ થઈ હતી.

# ઓન્ટેરિયોમાં કોવિડ-19ની છઠ્ઠી લહેરનો ભય, માસ્ક પહેરવા તબીબની ભલામણ

## ફરજિયાત માસ્ક પહેરવાના કાયદામાં અપાયેલી ઢીલ અંગે ફરી સમીક્ષા થવી જરૂરી

**ઓન્ટેરિયો**

કોવિડ-19ની છઠ્ઠી લહેરની સંભાવનાને ધ્યાનમાં રાખીને ઓન્ટેરિયોના નાગરિકોએ જાહેર સ્થળોની બહાર કે અંદર માસ્ક પહેરવું જોઈએ. હાલમાં નિયંત્રણોમાં કેટલીક છૂટછાટો આપવામાં આવી રહી છે, તેની ગંભીરતાથી સમીક્ષા કરવી જોઈએ, એમ આરોગ્ય વિભાગનાં પ્રવક્તા અને ચીફ મેડિકલ ઓફિસર ડો. કૈરન મૂરેએ સોમવારે જણાવ્યું હતું. તેમણે નાગરિકોને સાવચેતી રાખવાની અપીલ કરતા કહ્યું હતુ કે, આ વખતે વાઈરસ એક જ મહિનામાં ઝડપથી વધી રહ્યા છે. તેથી રાજ્યમાં કોવિડ-19ની સારવાર અને પીસીઆર ટેસ્ટિંગમાં વધારો કરવાની જરૂર છે. આનાથી બચવા માટે આપણે ત્રિસ્તરીય માસ્કનો ઉપયોગ કરવો જોઈએ અને આ મહારોગથી બચવા માટે સતત કાળજી રાખવી જોઈએ.



જ્યારે કોવિડના નવા કેસો વધી રહ્યા છે, તથા કોરોના વાઈરસ વધુ ઝડપથી ફેલાઈ રહ્યો છે અને હોસ્પિટલોમાં નવા દર્દીઓની સંખ્યા વધી રહી છે ત્યારે તેનાથી બચવા માટે રાજ્ય સરકાર ભારે મહેનત કરી રહી છે. રાજ્ય સરકારે 21 માર્ચથી ફરજિયાત માસ્ક પહેરવાના કાયદામાં જે ઢીલ મૂકી છે, તેની ફરીથી સમીક્ષા કરવી જોઈએ. જાહેર તથા વધુ જોખમવાળા સ્થળો ઉપર લોકો માસ્ક પહેરે તે માટે ઓન્ટેરિયોની સરકારે સખત કાળજી લેવી જરૂરી છે. ગત મહિનામાં આપવામાં આવેલી છૂટછાટની મર્યાદા 27 એપ્રિલના રોજ પૂરી થાય છે. પરંતુ મૂરેએ જણાવ્યું હતું કે, ઓન્ટેરિયો આ બાબતમાં સક્રિય ફેરવિચારણા કરી રહ્યું છે અને તે નિયમો જાળવી રાખવા પણ ગંભીરતાથી વિચારી રહ્યું છે. 13મી માર્ચે, એક પત્રકાર પરિષદમાં મૂરેએ જાહેરાત કરી હતી કે, કોવિડ-19ની સારવાર માટે હોસ્પિટલમાં ભરતી થનારા દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે, તેનું કારણ જાન્યુઆરી મહિનામાં કોરોનાના નિયમોમાં જે ઢીલ મૂકવામાં આવી હતી તે છે.

# દર વર્ષે 4 લાખ મકાન બાંધકામના લક્ષ્યાંકમાં કામદારોની તંગીનું વિઘ્ન

## છેલ્લાં બે વર્ષ દરમિયાન મકાન બાંધવાનો સરેરાશ ખર્ચ 50 ટકા જેટલો વધ્યો

**ઓન્ટેરિયો**

સરકારે પ્રતિ વર્ષ 4 ખ મકાન બાંધવા માટે પ્રતિબદ્ધતા દર્શાવી છે. પરંતુ અહીં મોટી સમસ્યા એ છે કે આ કામ કેવી રીતે થશે અને તેને માટે જરૂરી કામદારો ક્યાંથી અને કોણ લાવશે ? આ એક વાસ્તવિકતા છે અને કામદારોની તંગી નિવારવાનું કામ સહેલું નથી. મકાન બાંધકામનાં કામ સાથે સંકળાયેલા કામદારો મળવા જરૂરી છે, જે આટલી મોટી સંખ્યામાં મળી શકે તેની સંભાવના બહુ ઓછી છે. એટલું જ નહીં, પરંતુ બાંધકામ માટેનાં સંસાધનોનું પ્રબંધન પણ ભારે વિકટ છે. આ જોતાં એ વાત તદ્દન સ્પષ્ટ છે કે, તમે આટલી મોટી સંખ્યામાં મકાનનું બાંધકામ કરી શકો નહીં. તેને માટે સમયમર્યાદા મહત્વની છે અને આ ક્ષેત્ર માટેના કામદારો તથા સંસાધનો મેળવવાની શક્યતા પણ બહુ ધૂંધળી છે.




કેનેડામાં મકાન બાંધવાનો સરેરાશ ખર્ચ છેલ્લાં બે વર્ષ દરમિયાન 50 ટકા જેટલો વધ્યો છે, એમ કહેતા રુઈટર કન્સટ્રક્શને જણાવ્યું હતું કે અમે સમય સાથે તાલ મિલાવવામાં અને દેશમાં વધતી જતી વસતી મુજબ મકાન પૂરા પાડવામાં નિષ્ફળ ગયા છીએ. આ બાબત સ્કોટિશ બેંકનાં ગયા વર્ષનાં આર્થિક અહેવાલમાં જણાવવામાં આવી છે. કેનેડામાં જી-7ના દેશોમાં પ્રતિ હજાર મકાનો કરતાં ઓછી સંખ્યામાં મકાનો બંધાયા છે. પ્રતિ વર્ષ આશરે 286,000 નવા મકાન બંધાયા છે, એમ કેનેડા મોર્ગેજ અને હાઉસિંગ કોર્પોરેશને 2021માં પ્રકાશિત કરેલા આંકડા જણાવે છે. નોંધપાત્ર બાબત એ છે કે, દેશમાં મકાન બાંધકામ, વધતી વસતીની સાથે સંકલન સાધી શકતું નથી.

તંત્રી સ્થાનેથી

# પાકિસ્તાનમાં હવે શાહબાઝ રાજ ભારત માટે હરખાવા જેવું કશું નહીં

પાકિસ્તાનમાં લગભગ એક મહિના સુધી ચાલેલા રાજકીય ડ્રામા પછી અંતે ક્રિકેટરમાંથી રાજકારણી બનેલા ઈમરાન ખાનની સરકાર ગબડી ગઈ. ઈમરાને સરકાર ટકાવવા માટે છેલ્લે સુધી ઉધામા કર્યા પરંતુ તે બધા નકામા ગયા. ઈમરાને છેલ્લો દાવ રમીને પાકિસ્તાનની સંસદ એટલે કે, નેશનલ એસેમ્બલીના સ્પીકર અસદ કૈસર પાસે રાજીનામું અપાવીને મતદાન રોકવા પણ હવાતીયા માર્યા, પરંતુ સુપ્રીમ કોર્ટના ફરમાનથી બાજી પલટાઈ ગઈ. આખરે સુપ્રિમ કોર્ટના આદેશ બાદ ઈમરાનના નરસા દિવસો શરુ થયા. સંસદની અંદર અને સંસદની બહાર થયેલા ભારે તાયફા પછી અંતે શનિવારે મધરાતે મતદાન થતાં ઈમરાનની સરકાર પડી ભાંગી.



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

ઈમરાનને સરકાર બચાવવા થોડો વધારે સમય મળ્યો હોત તો સ્થિતિ કંઈ જુદી હોત. એસેમ્બલીમાં થયેલા મતદાનના આંકડા જોશો તો આ વાત સમજાશે કેમ કે ઈમરાનની સરકાર માત્ર બે મતથી જ ગબડી છે. એસેમ્બલીમાં કુલ ૩૪૩ સભ્યો છે તેથી અવિશ્વાસની દરખાસ્ત પસાર કરવા ૧૭૨ સભ્યોના ટેકાની જરૂર હતી. વિપક્ષો દાવો કરતા હતા કે, ૧૯૬ સભ્યોનો તેમનો ટેકો છે પણ વાસ્તવમાં તેમને ૧૭૪ જ મત મળ્યા છે. તેનો અર્થ એ થાય કે, ઈમરાને એળે નહીં તો બેળે પણ વિપક્ષી છાવણીમાંથી ૨૨ સાંસદોને તો ખેરવી જ નાંખ્યા હતા. સરકાર બચાવવા બીજા ૩ સાંસદોને જ ખેરવવાની જરૂર હતી. સ્પીકરે એક વસ વધારે આપ્યો હોત તો એ ખેલ પણ થઈ ગયો હોત. જો કે, વિપક્ષો પણ આ બાબતને સારી રીતે જાણતા હતા. તેથી તેઓ અડધી રાતે તો અડધી રાતે પણ મતદાન કરાવવાની તરફેણમાં રહ્યા. ઈમરાનની વિદાય પછી અમેરિકાની કઠપૂતળી જેવા શાહબાઝ શરીફ વડાપ્રધાન બની ગયા છે. વિપક્ષોના સર્વસંમત ઉમેદવાર તરીકે શાહબાઝ પસંદ થયા છે. પાકિસ્તાનમાં શરીફ ખાનદાન સામે દેશ સાથે પણ ગદ્દારીના આરોપો મુકાતા રહ્યા છે. અમેરિકાને નવાઝ પરિવારના આ વલણની જાણકારી હોવાથી જ શાહબાઝ પર પસંદગી ઉતરાઈ હોવાનું મનાય છે.

ભારતમાં કહેવાતા વિશ્લેષકોનો એક વર્ગ શરીફ ખાનદાનને ભારતના મામલે શરીફ માને છે, શાહબાઝ ભારત સાથેના સંબંધો સુધરાશે એવી વાતો કરે છે. પણ આ વાતોમાં દમ નથી. હકીકતમાં તો પાકિસ્તાનનો કોઈ પણ રાજકીય પક્ષ ભારત તરફી નથી. ભારતને ગાળો આપીને, ભારત સામે ઉશ્કેરણી કરીને પાકિસ્તાની નેતા પોતાની દુકાન ચલાવતા રહ્યા છે. શાહબાઝે પણ પીએમ બન્યા પછીના પહેલા ભાષણમાં જ કાશ્મીર રાગ આલાપ્યો હતો. તેમણે સ્પષ્ટ કર્યુ હતુ કે તેઓ પડોશીઓ સાથે સારા સંબંધો તો ઈચ્છે છે પરંતુ કાશ્મીર વિવાદના ઉકેલ વગર તે શક્ય નથી.


શરીફ ખાનદાન આમ તો બિઝનેસમેન છે. પંજાબમાં તેમની મોટી સ્ટીલ અને સુગર મિલો છે. આ સુગર મિલોની ખાંડ તથા સ્ટીલ ભારતને પધરાવીને શરીફ કમાય છે તેથી ભારત તરફ કૂણુ વલણ હોવાનો દેખાવ કરે છે. પણ અંદરખાને શરીફ ખાનદાન ભારત વિરોધી છે. કારગિલ યુધ્ધ અને કાશ્મીર દિવસની ઉજવણી શરીફની ભારત વિરોધી માનસિકતાના મોટા પુરાવા છે. શરીફ ખાનદાનની બાપીકી પેઢી પાકિસ્તાન મુસ્લિમ લીગ (પીએમએલ) પંજાબમાં જ્યારે બિલાવલ ભુટ્ટો- આસિફ અલી ઝરદારીની પાકિસ્તાન પીપલ્સ પાર્ટી સિંધમાં વર્ચસ્વ ધરાવે છે. પાકિસ્તાનમાં આ બંને પાર્ટી સત્તા ભોગવ્યા કરે છે. બંને પાર્ટી હળાહળ ભારત વિરોધી વલણ ધરાવે છે, ભુટ્ટો તો જૂનાગઢના દીવાન હતા. દેશ આઝાદ થયો ત્યારે જૂનાગઢનું પાકિસ્તાન સાથે જોડાણ કરાવીને ભુટ્ટોએ ભારતદ્વેષ છતો કરી દીધેલો. ભુટ્ટો પરિવારને એ દ્વેષ વારસામાં મળ્યો છે તેથી તેમની પાસેથી કોઈ આશા નથી, પણ શરીફ પણ શરીફ નથી.

નવાઝ ત્રણ વાર પાકિસ્તાનના વડાપ્રધાન બન્યા અને શાહબાઝ ત્રણ વાર પંજાબના મુખ્યમંત્રી બન્યા. નવાઝની ગેરહાજરીમાં શાહબાઝે મુસ્લિમ લીગની કમાન સંભાળવા રાષ્ટ્રીય રાજકારણમાં આવવું પડયું છે. શાહબાઝ શરીફ ભૂતપૂર્વ વડા પ્રધાન નવાઝ શરીફના નાના ભાઈ છે. નવાઝ શરીફ રાષ્ટ્રીય રાજકારણમાં રહેતા જ્યારે શાહબાઝ પંજાબ પ્રાંતના રાજકારણમાં રહેતા હતા. શાહબાઝનો અને શરીફ ખાનદાનનો ઈતિહાસ જોતાં પાકિસ્તાનમાં પાછો બેફામ ભ્રષ્ટાચાર અને લશ્કરની દાદાગીરીના દિવસો શરૂ થશે તેમાં શંકા નથી. બીજી તરફ ઈમરાન ખાન પશ્તુન એટલે ઈરાની મૂળના પઠાણ છે. ઈમરાન ૨૫ વર્ષના સંઘર્ષ પછી વડાપ્રધાનપદ સુધી પહોંચ્યા. બાકી તો પાકિસ્તાનના રાજકારણમાં પંજાબી અને સિંધીઓનો દબદબો રહ્યો છે. શરીફ પંજાબી છે જ્યારે ભુટ્ટો ખાનદાન સિંધી છે.

અટલ બિહારી વાજપેયી વડાપ્રધાન બન્યા પછી પાકિસ્તાન સાથેના સંબંધો સુધારવા દિલથી પ્રયત્નો કરેલા. તેના ભાગરૂપે ૧૯૯૯માં વાજપેયી બસમાં બેસીને વાઘા બોર્ડરથી પાકિસ્તાન ગયા ત્યારે નવાઝ શરીફ પાકિસ્તાનના વડાપ્રધાન હતા, પરવેઝ મુશર્રફ લશ્કરના વડા હતા. મુશર્રફ ભારત પર હુમલો કરીને કાશ્મીર ઉપર કબજો કરવાનાં સપનાં જોતા હતા. એ માટે ઓપરેશન બદ્ર હેઠળ કાશ્મીરી આતંકવાદીઓના રૂપમાં પાકિસ્તાની સૈનિકોને ભારતમાં ઘૂસાડાયા હતા. શરીફે તેને રોકવાના બદલે પોતે કશું જાણતા જ નથી એવો ડોળ કરીને વાજપેયી સાથે ગદ્દારી કરી હતી. જો કે, ભારતે ઓપરેશન વિજય હાથ ધરીને સમગ્ર કારગિલ પર ફરી કબજો કરીને પાકિસ્તાનને શિકસ્ત આપી હતી. શરીફની મહેરબાનીથી પાકિસ્તાન દર વર્ષે ૫ ફેબ્રુઆરીએ કાશ્મીર એકતા દિવસ ઉજવે છે. શરીફ ખાનદાનને કઈ હદે ભારતની પ્રગતિ, ભારતના વિકાસ, ભારતના ખુદ્દાર વલણની ઈર્ષા છે તેનો પરચો નવાઝ શરીફની દીકરી મરીયમે આપ્યો છે. ઈમરાને ભારતની વિદેશ નીતિનાં વખાણ કર્યાં તેનાથી ગિન્નાઈને મરીયમે ટોણા માર્યો કે, ઈમરાનને ભારત આટલું બધું ગમતું હોય તો તેણે ભારત જતા રહીને પાકિસ્તાનની જાન છોડવી જોઈએ. વાસ્તવમાં ઈમરાને તો રશિયા-યુક્રેન યુધ્ધમાં ભારતના મક્કમ વલણની જ પ્રસંશા કરી હતી. ઈમરાન પણ ભારતદ્વેષી છે પણ તેણે ભારતની એક સફળ નીતિના જ વખાણ કર્યા તો મરીયમથી એ વખાણ પણ સહન કરી શક્યા ન હતા. તેના પરથી જ તેની ભારત તરફની નફરતનો ખ્યાલ આવી જાય તેમ છે.

હવે શાહબાઝ અમેરિકાના પીઠ્ઠુ તરીકે કામ કરશે તેવા આરોપો પણ થઈ રહ્યા છે. બીજી તરફ અમેરિકા જાહેરમાં ભારતને દોસ્ત ગણાવે છે પણ અંદરખાને ભારતના હિતમાં તેનું વલણ રહેતું નથી.

manoj1968@yahoo. ca






# કેનેડામાં મહેસાણાના યુવકનું ડૂબી જતાં મોત, બચાવવા પડેલા મોટો ભાઈ ગંભીર

**મહેસાણા**

મહેસાણાના બારોટ પરિવારના યુવાનનું કેનેડામાં ડૂબી જવાથી મોત થયું હોવાની ઘટના સામે આવી છે. બે સગા ભાઈ ફોટોશૂટ માટે કેનેડામાં આવેલા પોગીઝ કોવ લાઈટ હાઉસ ખાતે ગયા હતા, જ્યાં આ સમગ્ર ઘટના બની હતી. પગ લપસી જતાં નાનો ભાઇ ડૂબતાં મોટો ભાઈ બચાવવા માટે પડ્યો હતો. જોકે તેના પ્રયત્નો નાકામ રહ્યા હતા. મોટા ભાઈની પણ હાલત ગંભીર છે. હર્ષિલ બારોટ નામના યુવાનનું ડૂબી જવાથી મોત થવાથી તેનાં માતા-પિતા કેનેડા જવા માટે રવાના થયાં છે. ઉલ્લેખનીય છે કે પાંચ મહિના પહેલાં કેનેડા ભણવા ગયેલા વડોદરાના યુવકનો અભ્યાસ પૂર્ણ થતાં તે મિત્રો સાથે ફરવા ગયો હતો અને ક્લિફ જમ્પિંગ રમતાં ઊંડા પાણીમાં મળતી માહિતી મુજબ, મૂળ મહેસાણાના અને છેલ્લાં ત્રણ વર્ષથી કેનેડામાં સ્થાયી થયેલા બે સગા ભાઈ હર્ષિલ બારોટ અને ઝરીન બારોટ નામના બે યુવક કેનેડામાં આવેલા પેગીઝ કોવ ખાતે ફોટોશૂટ માટે ગયા હતા. લાઈટ હાઉસ નજીક ખડકો પર ઊભા હતા. એ દરમિયાન પગ લપસી જતાં નાનો ભાઈ હર્ષિલ બારોટ દરિયામાં ડૂબી ગયો હતો. જ્યારે મોટો ભાઈ નાના ભાઈને બચાવવા પાછળ કૂધો હતો, પરંતુ તેના પ્રયત્નો નાકામ રહ્યા હતા. મોટા ભાઈને ગંભીર ઈજાઓ થઈ હતી.

ઘટનાની જાણ થતાં કેનેડિયન ફાયર અને ઈમર્જન્સી જોઈન્ટ રેસ્ક્યૂ કો-ઓર્ડિનેટર સેન્ટર અને કેનેડિયન કોસ્ટ ગાર્ડ ઘટનાસ્થળે આવી મોડી રાત સુધી યુવકોની શોધખોળ કરી હતી, કેટલીક સ્થાનિક બોટની મદદથી યુવકની શોધખોળ કરવામાં આવી હતી, જેમાં દરિયા કિનારા નજીકથી ઝરીન બારોટ મળી આવ્યો હતો, તેને બુધવારે રાત્રે ફાયર દ્વારા બચાવી લેવામાં આવ્યો હતો.

# દૂધસાગર ડેરી કૌભાંડમાં વિપુલ ચૌધરી સામે CIDની 22 હજાર પાનાંની ચાર્જશીટ

**મહેસાણા**

મહેસાણાની દૂધસાગર ડેરીમાં કરોડોની ઉચાપતના કેસમાં ડેરીના પૂર્વ ચેરમેન અને રાજ્યના પૂર્વ ગૃહમંત્રી વિપુલ ચૌધરી સામે સી.આઈ.ડી.એ અમદાવાદની સ્પેશિયલ કોર્ટમાં ચાર્જશીટ ફાઈલ કરી છે. સ્ટાફને પ્રોત્સાહન બોનસ ચૂકવી તેની ૮૦% રકમ પરત મેળવી જ્વેલરીમાં રોકાણ કરવાના, મહારાષ્ટ્રમાં વિનમૂલ્યે સાગરદાણ મોકલી મંડળીને ૨૨ કરોડનું નુકસાન કરવા સહિતના કેસમાં CIDએ 6 વર્ષ બાદ વિપુલ ચૌધરીની ધરપકડ કરી હતી.

અમદાવાદ સ્થિત સ્પેશિયલ કોર્ટમાં ખાસ વકીલ સુધીર બ્રહ્મભટ્ટ દ્વારા કરવામાં આવેલા સોગંદનામામાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે પૂર્વ ચેરમેન વિપુલ ચોધરીએ બોર્ડના અન્ય સભ્યોને વિશ્વાસમાં લીધા વગર વર્ષ ૨૦૧૩માં મહારાષ્ટ્રમાં સાગરદાણ પશુ આહાર મોકલ્યો હતો. આમ કરી તેમણે ડેરીને ૨૨.૫૦ કરોડનું નુકસાન પહોંચાડયું હોવાનું સહકારી રજિસ્ટ્રારનું તારણ હતું. જેનાં આધારે મહેસાણામાં ફરિયાદ નોંધવામાં આવી હતી. આ ઉપરાંત દૂધસાગર ડેરીના કર્મચારીઓને તેમની કામગીરી બદલ પ્રોત્સાહન બોનસ ચૂકવવામાં આવતું હોય છે. કર્મચારીઓને આ બોનસની રકમ ચૂકવ્યા બાદ તત્કાલિન ચેરમેન વિપુલ ચૌધરી અને તત્કાલિન મેનેજિંગ ડિરેક્ટર નિશીથ બક્ષીએ બોનસની ૮૦ ટકા રકમ કર્મચારીઓ પાસેથી ગેરરીતિપૂર્વક પરત લીધી હતી અને આ રકમનુંઅંગત રોકાણ કર્યું હતું.


Imperial PEST CONTROL



Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
Preventing the Spread of COVID-19 : Our disinfectant services that we offer are:
1 Spray Services
2 Fogging Services
3 Sanitation Services
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs, Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon, Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
First Time Customer gets 10% Off on your first home service *Mention this offer while booking
Free Estimates & Written Guarantee
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

ગોવર્ધનથાળ
સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

Weekend Special
રગડા પેટિસ, પાંઉભાજી, છોલેપુરી, કટલેસ, ખાસ્તા કચોરી, સેવ ઉસળ, સમોસા ચાટ

Takeout & Catering
Limited થાળી (with sweet & Farsan) $9.00 +Tax
Limited થાળી (without sweet & Farsan) $7.50 +Tax

CATERING SPECIAL
$ 14.99 10 items +Tax
Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber



Franchise Opportunity in GTA
રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.
Call us for details
ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪
૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧
૯૪૦, મારખમ રોડ, સ્કારબોરો,ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

# માધવપુરમાં કૃષ્ણ વિવાહ સાથે સરકારનો ચાર દિવસીય સાંસ્કૃતિક મહોત્સવ સંપન્ન

**પોરબંદર**

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ માધવપુર ઘેડના મેળાના પ્રારંભે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ સહિતના મહાનુભાવો સાથે ઉપસ્થિત રહ્યા બાદ બુધવારે મેળાના ત્રીજા દિવસે ભગવાન શ્રી કૃષ્ણ અને રૂક્ષ્મણીના વિવાહનો પ્રસંગ ઉજવાયો હતો.

માધવપુરના પ્રાચીન મંદિર માધવરાયના નીજ મંદિરેથી ચૈત્ર સુદ બારસના ભગવાનશ્રી કૃષ્ણની જાન નજીકના પવિત્ર લગ્ન સ્થળ મધુવનમાં ગઈ હતી. ભગવાન માધવરાયના જયઘોષ અને અબીલ-ગુલાલના રંગોત્સવ વચ્ચે શ્રદ્ધામય વાતાવરણમાં મુખ્યમંત્રીએ ભગવાનશ્રી કૃષ્ણના પ્રસંગમાં પરંપરાથી ઉજવાતા ઉત્સવમાં જોડાઈ ભાવિકોનું અભિવાદન ઝીલ્યુ હતું. મેળા ગ્રાઉન્ડમાં આયોજિત સાંસ્કૃતિક મહોત્સવના અંતિમ દિને ભાવિકોને શ્રદ્ધા પૂર્વક જણાવ્યુ હતું કે, માધવપુર ઘેડનો મેળો ભગવાનશ્રી કૃષ્ણ અને રૂક્ષમણીજીના વિવાહ પ્રસંગપર્વનો પરંપરાગત મેળો હોવાની સાથે 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ને ઉજાગર કરે છે. રાણી રૂક્ષમણી ભારતના ઉતરપૂર્વીયના હતા અને ભગવાનશ્રી કૃષ્ણ રૂક્ષમણીજીને ગુજરાતના દરિયા કાંઠે માધવપુરમા પધારી પવિત્ર લગ્ન કર્યા હતા. આ હજારો વર્ષોની પરંપરા માધવપુરમાં ભગવાનના લગ્નને પ્રસંગ તરીકે ઉજવી દર વર્ષે લોકમેળો ઉજવાય છે. આ લોકમેળો પીએમ નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ઉત્તર-પૂર્વ અને પશ્ચિમના સાસ્કૃતિક જોડાણથી રાષ્ટ્રીય ફલક ઉપર સાંસ્કૃતિક વિરાસત બન્યો છે. મુખ્યમંત્રીએ વધુમાં કહ્યુ કે, ઉત્સવો અને મેળાઓ એ આપણી સંસ્કૃતિની આગવી ઓળખ છે.

# જૂનાગઢમાં ડ્રગ્સનું વેચાણ કરનાર 23.37 લાખના જથ્થા સાથે ઝડપાયો

## સૌરાષ્ટ્રના શહેરોમાં પણ હવે ડ્રગ્સનું દુષણ પહોચ્યું

**જુનાગઢ**

જૂનાગઢ એલસીબીને ગતરાતે બાતમી મળી હતી કે, દોલતપરામાં એક શખ્સ દ્વારા ડ્રગ્સના જથ્થાનું ડીલીંગ થવાનું છે, જે બાતમીના આધારે રાતે બે વાગ્યે એલસીબી પીઆઈ એચ.આઈ. ભાટી, પીએસઆઈ ડી.જી.બડવા સહિતો સ્ટાફ રેડ કરવા નીકળ્યો હતો, ઔધોગિક સલામતી અને સ્વાસ્થ્ય કચેરીના સ્ટાફને સાથે રાખીને પોલીસે દોલતપરામાં પહોંચી હરેશ ભૂપત વદરના ઘરને કોર્ડન કરીને ઘરમાં ઘુસ્યા હતા, ઘરમાં હરેશ વદર મળી આવતા તેની ઝડતી લેવામાં આવતા તેના પાછલા ખિસ્સામાંથી પાવડર અને સેલવાળો વજનકાંટો મળી આવ્યો હતો. સાથે કાર નંબર જીજે. 05. જે.કે.6285માંથી 49800 રોકડા અને પ્લાસ્ટિકની નાની-મોટી કોથળીઓ મળી આવી હતી. ઘરમાંથી ડ્રગ્સનો જથ્થો મળી આવતા પોલીસે એફએસએલને બોલાવીને ખરાઈ કરાવતા આ ડ્રગ્સ મેફડ્રોન ડ્રગ્સ હોવાનું ખુલ્યું હતું. તેનું વજન કરતા 233.78 ગ્રામ ડ્રગ્સનો જથ્થો જેની કીમત રૂપિયા 23.37.800 આંકીને કબજે કરવામાં આવ્યું હતું,

# 16 એપ્રિલથી સોમનાથ માટે મુંબઈ-કેશોદ વચ્ચે ફ્લાઈટ સેવા શરૂ કરાશે

**ગાંધીનગર**

રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં જીતુ વાઘાણીએ જણાવ્યુ કે મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રને જોડતો તારાપુર-બગોદરા સિક્સલેન હાઈવેના ફેઝ-2માં રૂપિયા 651 કરોડના ખર્ચે કામ શરૂ થવાનુ છે. ફેઝ-1ના કામ પૂર્ણ થયા છે તેનું લોકાર્પણ આગામી સમયમાં મુખ્યમંત્રીના હસ્તે કરાશે. ગુજરાતમાં આવેલા પ્રથમ જ્યોર્તિલિંગ સોમનાથ મહાદેવના ભારતભરના યાત્રાળુઓને સરળતાથી દર્શન થઈ શકે તે માટે કેન્દ્રીય ઉડ્ડયન મંત્રાલય દ્વારા આગામી 16 એપ્રિલથી મુંબઈ-કેશોદ-મુંબઈ વિમાની સેવાનો પ્રારંભ કરવામાં આવશે. સપ્તાહમાં મંગળ, ગુરૂ અને શનિ એમ ત્રણ દિવસીય આ વિમાની સેવાનો શુભારંભ કરવામાં આવશે.

# બોટાદ પાલિકાના મહિલા પ્રમુખને બે દિવસમાં રાજીનામુ આપવા અલ્ટીમેટમ

## મહિલા પ્રમુખ પર ભ્રષ્ટાચારના આક્ષેપ થતા વિવાદ થયો હતો

**બરવાળા**

થોડા સમય પહેલા થયેલા વિવાદને કારણે બોટાદ નગરપાલિકાનાં તમામ ચેરમેનોને રાજીનામું આપવાની જિલ્લા ભાજપ દ્વારા સુચના આપવામાં આવી હતી અને તમામ ચેરમેનોએ પોતાના રાજીનામા નગરપાલિકાના પ્રમુખને સુપ્રત કર્યા હતા. પરંતુ પ્રમુખ રાજશ્રીબેન વોરાએ તમામ ચેરમેનોનાં રાજીનામા ના.મંજૂર કર્યા હતા. જેને લઈને વિવાદ વધુ વકર્યો હતો. ત્યારબાદ ભ્રષ્ટાચારનાં આક્ષેપ થતા પ્રમુખને પણ રાજીનામું આપી દેવાની દસ દિવસ પહેલા સુચના આપી હતી. છતાં પ્રમુખે રાજીનામું ના આપતા જિલ્લા ભાજપ પ્રમુખએ બોટાદ નગરપાલિકાનાં પ્રમુખને બે દિવસમાં રાજીનામું આપવાની નોટીસ ફટકારતા ફરી મામલો ગરમાયો છે.

આમ નગરપાલિકાનાં પ્રમુખે રાજીનામં નહીં આપતા જિલ્લા ભાજપ પ્રમુખ અને નગરપાલિકાના સત્તાધીશો વચ્ચે સીધા સંઘર્ષનાં મંડાણ થયા છે. જોકે તમામ ચેરમેનો અને પ્રમુખનાં રાજીનામા લેવાની પ્રદેશ ભાજપ તરફથી સુચના મળી હોવાનું જાણવા મળેલ છે.

# ૧લી મેથી ભુજના માતાના મઢ ખાતેથી એકતા યાત્રાનો પ્રારંભ કરાશે

**ભુજ**

રાજપુત કરણી સેના દ્વારા એકતા યાત્રાનું આયોજન કરાયું છે. જે ૧ મેથી માતાના મઢ ખાતોથી પ્રસ્થાન થશે. તેવું રાજપુત કરણી સેના દ્વારા જણાવાયું હતું. આ અંગેની વધુ વિગતો મુજબ આ ભવ્ય એકતા યાત્રાનું સોમનાથ મંદિર ખાતે સન્માન કરવામાં આવશે. કુલ ૧૭૦૦ કિ.મી. યોજાનારી યાત્રામાં ૩૦૦ ગાડીઓનો કાફલો અને અંદાજીત બે હજાર લોકો જોડાશે. એકતા યાત્રા થકી સમાજમાં એકતા વાધે તાથા સમાજમાં કુરિવાજ પ્રાથા દૂર થાય તેવો મુખ્ય ઉદેશ્ય હોવાનું જણાવી ઉમેર્યું હતું કે રાજકીય રીતે ક્ષત્રિય સમાજને અન્યાય થઈ રહ્યો છે હાલમાં ગુજરાત ક્ષત્રિય સમાજના ધારાસભ્ય ૧૫ બેઠક એવી છે જેના પર ક્ષત્રિય સમાજનું પ્રભુત્વ છે.



# સુરતમાં મધરાત્રે માસૂમ બાળકીનું અપહરણ બળાત્કાર બાદ પથ્થર ઉપર પછાડીને હત્યા

## 32 વર્ષીય આરોપીની ધરપકડ બાદ ખાડામાં દાટેલી બાળકીની લાશ બહાર કઢાઈ

**સુરત**

મૂળ ઝાલોદ જિલ્લાનાં વતની અને સુરતમાં કડિયા કામ કરી પેટીયું રળતું દંપતિ 4 સંતાનો સાથે સીતાનગર ચોકડી તરફ જતાં ઓવરબ્રિજ નીચે છેલ્લાં બે મહિનાથી રાત્રે આશ્રય લઈને રહે છે. મંગળવારે રાત્રે દસેક વાગ્યે આ પરિવાર સૂઈ ગયું હતું. રાત્રે એકાદ વાગ્યા બાદ માતાની અચાનક આંખ ખુલી હતી અને પડખામાં સૂતેલી 5 વર્ષીય બાળકી જોવા મળી ન હતી. બાળકીને શોધતું આ પરિવાર રેશ્મા રો-હાઉસ સામે નાઈટ શિફ્ટમાં ઉભી રહેલી પોલીસ પાસે પહોંચતાં પૂણા પોલીસને જાણ કરાઈ હતી.

જે બાદ તપાસ થતાંઅપહરણના સ્થળથી અડધો કિલોમીટર દૂર આવેલી વિશ્વકર્મા સોસાયટીની સેવન સ્ટાર સ્કુલ સામે આવેલાં પાર્કિંગમાંથી બાળકીની ડેડબોડી મળી આવી હતી. બાળકીના માથાનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. તેની સાથે દુષ્કર્મ પણ કરવામાં આવ્યું હતું. પોલીસે સીસીટીવી ચેક કરતાં એક શખ્સ આ બાળકીને નગ્ન અવસ્થામાં ખબા ઉપર ઉપાડીને લઈ જતો દેખાઈ આવ્યો હતો. જે બાદ પોલીસ સીધી જ સેવન સ્ટાર ઈન્ટરનેશનલ સ્કુલના ધાબા ઉપર પહોંચી હતી અને ત્યાં સૂતેલાં આરોપી લલનસિંહ ગૌણ (ઉ.વ.32)ને દબોચી લીધો હતો. તેણે આ બાળકીની ગળું દબાવી હત્યા કરી દઈ સામે જ પાર્કિંગના નાનકડા ખાડામાં દાટી દીધાનું જણાવતાં પોલીસે આ ખાડો શોધી તેમાંથી બાળકીની ડેડબોડી બહાર કાઢી હતી.

# યુએસ યુનિવર્સિટીમાં પ્રવેશ ન મળતાં યુવકે ફાંસો ખાઈ લીધો

**સુરત**

નાના વરાછા ખાતે રહેતા યુવકે અમેરિકાની યુનિવર્સિટીમાં અભ્યાસ કરવાની ઈચ્છા પૂર્ણ ન થતાં આપઘાત કરી લીધો હતો. ઘરમાં કોઈ હાજર નહોતું તે સમયે યુવકે સાડી બાંધીને ફાંસો ખાધો હતો. યુવક કેલિફોર્નિયા સ્ટેટ યુનિવર્સિટીમાં માસ્ટર ડિગ્રી કરવા માટે એડમિશન મેળવવા ઈચ્છતો હતો. પરંતુ તે શક્ય ન બનતા હતાશામાં આવી જઈ ફાંસો ખાધો હતો. નાના વરાછાની તાપી દર્શન સોસાયટીની બાજુમાં આવેલી ગિરનાર સોસાયટી ખાતે મુકેશભાઈ જૈસુર પરિવાર સાથે રહે છે. મૂળ જૂનાગઢના માળિયા તાલુકાના કુકસવાડાના 21 વર્ષીય પુત્ર દીપકુમારે પોતાના ઘરમાં ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ અંગે કાપોદ્રા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ તપાસમાં સામે આવ્યું કે, દીપની ઈચ્છા અમેરિકામાં માસ્ટર ડિગ્રીનો અભ્યાસ કરવાની હતી. પરંતુ તે શક્ય ન બનતા હતાશ થઈને આત્યંતિક પગલું ભરી લીધું હતું. દીપે USની યુનિવર્સિટીમાં અભ્યાસ કરવા માટે એપ્લાય કર્યું હતું. જો કે દિલીપકુમારને એડમિશન મળ્યું ન હતું. અંતે નિરાશ થઈ ગયો હતો. ઘરે એકલતાનો લાભ લઈને છતના હુક સાથે ડિજિટલ પ્રિન્ટની સાડી બાંધી ફાંસો ખાઈ લીધો હતો.

# ડોક્ટરે મૃત જાહેર કરેલી બાળકીએ દફનવિધિ સમયે જ આંખો ખોલતા કૂતુહલ

**વલસાડ**

ધરમપુરના પાનવા ગામે પટેલ ફળીયામાં રેહતા જયમતીબેન અજયભાઈ ચૌધરી ગર્ભવતિ હોવાથી તા.૧-૩-૨૨ના રોજ ધરમપુરની જનની હોસ્પિટલમાં પ્રસુતિ થઈ હતી જેમાં સાતમા માસે બાળકીને જન્મ આપ્યો હતો પણ તેનું વજન ઓછું હોવાથી કાચની પેટીમાં રાખવી પડશે એવું પરિવારને જણાવી બાળકીને સતત ૬ દિવસ સારવાર આપ્યા ડૉક્ટરે બાળકીનું મૃત્યુ થયાનું જણાવ્યું હતું. જે બાદ બાળકીને સ્મશાનમાં લઈ જઈ જમીનમાં ખાડો ખોદી તેની અંતિમ વિધિ કરવાની તૈયારી ચાલતી હતી ત્યાં અચાનક બાળકીએ હાથ-પગ મરોડીને આંખ ખોલતા હાજર તમામ લોકો ઘટનાને કુતૂહલવશ જોતા રહ્યા હતા. આખરે બાળકીને વલસાડની હોસ્પિટલમાં લઈ જવાઈ હતી.

# 1245 કરોડનું ફુલેકુ કરનાર ઝઘડિયાની કંપની સહિત 13 સ્થળ પર CBIના દરોડા

**ઝઘડીયા**

IDBI સહિત 5 બેંકો સાથે રૂ.1,241 કરોડનું ફુલેકુ આચરનાર મુંબઈ અને ગુજરાતના ભરૂચમાં આવેલ ખાનગી કંપની અને કંપનીના ડિરેક્ટરો સહિત 14 જણા સામે સીબીઆઈએ ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે. આ ઉપરાંત મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ સહિત 13 જગ્યાએ દરોડા પાડીને વાધાજનક દસ્તાવેજો કબજે કર્યા છે.

મુંબઈના કોલાબામાં આવેલ IDBI બેંકએ CBIમાં મધ્ય પ્રદેશના દેવાસમાં ઉત્પાદન કરતી એક ખાનગી કંપની સામે રૂ. 1,245 કરોડની ઠગાઈની ફરિયાદ કરી છે.

આ ખાનગી કંપની ભરૂચ જિલ્લાના ઝઘડીયા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ અને મુંબઈ ખાતે રજિસ્ટર્ડ ઑફિસ ધરાવે છે. CBIની ફરિયાદમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે, ખાનગી કંપનીના પ્રમોટર્સ-ડિરેક્ટરો અને અજાણ્યા જાહેર સેવકો અને ખાનગી વ્યક્તિઓએ ઉચ્ચ મૂલ્યના ફઈન કોટન ફેબ્રિક્સ અને હોમ ટેક્સટાઈલ્સના ઉત્પાદનના વ્યવસાય માટે IDBI, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, ધ જમ્મુ એન્ડ કાશ્મીર બેંક લિ., પંજાબ નેશનલ બેંક અને ઈન્ડિયન બેંકમાંથી વર્ષ 2012થી 2018 સુધી લોન મેળવી હતી. ખાનગી કંપનીએ લીધેલ લોનના નાણાંનો દૂરઉપયોગ કરીને તે નાણાં અન્ય જગ્યાએ ડાઈવર્ટ કરી દીધા હતા.

# નર્મદ યુનિ.માં માસ્ટર ઓફ આર્ટસ ઈન હિન્દુ સ્ટડિઝમાં માત્ર બે વિદ્યાર્થી ભણશે

**સુરત**

નર્મદ યુનિવર્સિટી દ્વારા આગામી શૈક્ષણિક વર્ષથી માસ્ટર ઓફ આર્ટસ ઈન હિન્દુ સ્ટડીઝ નો બે વર્ષનો કોર્સ શરૂ કરવા જઈ રહ્યા છે. આ માટે ફોર્મ ભરવાની શરૂ થયેલી પ્રકિયામાં અત્યાર સુધીમાં માંડ 11 જ ફોર્મ ભરાયા છે. જેમાંથી બે વિદ્યાર્થીઓએ ફી ભરી હોવાની વિગતો સાંપડી છે. નર્મદ યુનિવર્સિટીના કુલપતિ દ્વારા વિદ્યાર્થીઓને કેરિયરને લગતા અનેક ગ્રેજયુએટ, પોસ્ટ ગ્રેજયુએટ તેમજ સર્ટિફાઈડ કોર્સ શરૂ કરી રહ્યા છે. જેમાં અનેક કોર્સો એવા છે કે જે કોઈ પણ ભણી શકે તેમ છે. આવા કોર્સો વચ્ચે આગામી શૈક્ષણિક વર્ષ 2022-23 થી યુનિવર્સિટી દ્વારા માસ્ટર ઓફ આર્ટસ ઈન હિન્દુ સ્ટડીઝ નામનો પી.જી કોર્સ શરૂ કરવા માટે જઈ રહ્યા છે.


SHARP INTERNATIONAL IMMIGRATION SERVICES

CANADA IMMIGRATION

iccrc crcic

SPOUSAL SPONSORSHIP SPECIALIST (98 percent success ratio)

Last minute student admission

Please contact us on

416-745-2466 or 91-9428973911

- Conestoga
- Seneca
- Humber
- Lambton
- Fanshawe
- Georgian
- Algoma
- Canadore
- Algoma
- Saskatchewan polytechnic
- Mohawk

ONLINE IELTS SPOKEN ENGLISH CLASSES ON ZOOM

- LMIA/WORK PERMIT • EXPRESS ENTRY
- CANADIAN EXPERIENCE CLASS
- SUPER VISA & VISITOR VISA
- STUDY & WORK PERMIT
- Work / Study /Visitor Permit Extension
- PARENTS/CHILD/SPOUSAL SPONSORSHIP
- REFUGEES/APPEALS / DETENTION REVIEWS / CRIMINAL PARDONS
- POST GRADUATION WORK PERMIT
- CITIZENSHIP & PR CARD RENEWAL APPLICATIONS

CANADA: 94- 499 Main Street South, Shoppers World Mall, Brampton, Ont. Ph : 416-745-2466, 905-230-7855

VADODARA: 101-102 Siddharth Complex, Beside Express Hotel, Alkapuri, Vadodara 390007. Ph : 91-94289 73911, 91-95121 57817

AHMEDABAD: 139 Iscon Emporio, Beside Star Bazaar Satellite Ahmedabad 380015. Ph : 91-94289 73911, 91-98256 79911

: Specialized in :
Job Offer & LMIA
Entrepreneur
Investor Business
Self Employed
Farm Investor

Email.: info@siis.ca / Website.: www.siis.ca

# ખંભાતમાં કોમી તોફાનના તાર અફઘાન સુધી હોવાની આશંકા

## મૌલવી અને અન્ય બે શખ્સોએ આ ષડ્યંત્ર કર્યું હતું

**ખંભાત**



ખંભાતમાં રામનવમી નિમિત્તે નીકળેલ શોભાયાત્રામાં પથ્થરમારાના બનાવમાં મુખ્ય સૂત્રધાર રજાક હુસેન ઉર્ફે પટેલ ઉર્ફે મૌલવી અયુબભાઈ મલેક, માજીદ ભાઈ ઉર્ફે મામલો યાસીનભાઈ મલેક, જમશેદ ખાન જોરાવર ખાન પઠાણ, મુસ્તકીમ ઉર્ફે મોલવી યુનુસભાઈ વોરા, મોહમ્મદ સઈદ ઉર્ફે નાનો બચ્ચો સિરાજ મલેક, મતિન યુનુસભાઈ વોરા તમામ આરોપીઓએ શોભાયાત્રામાં દંગો કરવા ગુનાહિત-અસામાજિક માનસિકતા ધરાવનાર યુવાનોને સાથે રાખી આયોજન કર્યું હતું. આ માટે તેમણે વાસીલ વાહીદ ભાઈ મલેક, શાદાબ મયુભાઈ મલિક, તારીક ઉર્ફે ગલ્લાવાળો, યુસુફભાઈ મલેક, મુબિન ઉર્ફે મુબલા મુનાફભાઈ મલેક, વસીમ રસીદ મલેક, સાલીમ ભાણો, મોઈન ઉર્ફે અલટી યુસુફભાઈ મલેક, સોએબ ગોયા રહેઠાણ, સહીદ ઉલ્લા ઉર્ફે ખવીશ, સહેબાજ ઉર્ફે જાડિયો, ફીજ ઉર્ફે ફ્નટર, નાસીર જાકીરભાઈ, ચીના, સાલવા અખ્તર, જોન ઉર્ફે બાબા, અરબાઝ ઉર્ફે સુલતાને કાવતરાના ભાગરૂપે સૂચના-આશ્વાસન આપ્યા હતા. આ તમામ આરોપીઓ પોતાને ખ્યાતિ મળે તેવી વિકૃત માનસિકતા સાથે આ કાવતરું ઘડી હોવાનું ખુલ્યું છે. ખંભાત કેટલાક લોકો અફઘાનિસ્તાનમાં, ઈરાન અને ઈરાકમાં રોજગાર કે અન્ય રીતે સંબંધ ધરાવતા હોવાની માહિતી મળતા સમગ્ર મામલે અફઘાનિસ્તાન સુધી કનેક્શન હોવાની આશંકા છે.

# હિંમતનગરમાં કોમી હિંસા: વિધર્મીઓના ડરથી 50 જેટલા પરિવારનું સ્થળાંતર

**હિંમતનગર**

હિંમતગનરમાં રામનવમી નિમિત્તે યોજાયેલી શોભાયાત્રા પર કરવામાં આવેલા પથ્થરમારા બાદ રાજ્યનો ગૃહ વિભાગ અને પોલીસ એક્શનમાં આવી ગયાં હતાં. ત્રણ જિલ્લાની પોલીસ, **RAF** અને **SRP**નો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. પરિસ્થિતિને થાળે પાડી ફરી કોઈ તોફાનો ન થાય એ માટે સોમવારે સાંજે શાંતિ સમિતિની બેઠક જિલ્લા પોલીસવડા અને કલેકટરની આગેવાનીમાં યોજાઈ હતી. પોલીસ સમગ્ર શહેરમાં બંદોબસ્ત અને શાંતિ સમિતિની મીટિંગ બાદ પણ તોફાન થતાં પોલીસ તંત્ર નિષ્ફળ ગયું છે. અસામાજિક તત્ત્વોના હુમલા બાદ વણજારાવાસમાં રહેતા લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. ત્યાં રહેતા 50થી વધુ પરિવારો બાળકો અને ઘરવખરી સહિત હિજરત કરી રહ્યા છે.

# ગોધરામાં પ્રેમપ્રકરણમાં ત્રણ યુવકોને થાંભલા સાથે બાંધી લોકોએ ફટકાર્યા

## યુવતી પાસે ફોન કરાવી મળવાના બહાને ઓરવાડા ગામે પ્રેમીને બોલાવ્યો : આખી રાત અત્યાચાર ગુજાર્યો

**ગોધરા**

ગોધરા તાલુકાના ઓરવાડા ગામે ત્રણ યુવકોને થાંભલા સાથે બાંધી લાકડી ડંડા વડે માર મારતા હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા ચકચાર મચી છે. સગીરના પ્રેમ પ્રકરણ મુદ્દે પ્રેમી સહિત ત્રણ યુવકોને ગ્રામજનોં દ્વારા તાલિબાની સજા અપાતા પોલીસે આ આંગે ગુનો નોંધ્યો છે.

ગોધરા તાલુકા પોલીસ મથકે ધર્મેન્દ્રકુમાર વિક્રમસિંહ ખાંટ (રહે. સાજીવાવ તળાવ ફળિયું, તા.શહેરા) એ નોંધાવેલી પોલીસ ફરિયાદમાં જણાવ્યું છે કે તા.૭ એપ્રિલની રાત્રે એકાદ વાગ્યાના અરસામાં મારા સગીર મિત્રનો ફોન આવ્યો હતો અને મને જણાવેલ કે હું જે છોકરી સાથે પ્રેમ કરું છું તે મને ઓરવાડા ગામે મળવા બોલાવે છે તું પણ મારી સાથે આવ તેમ કહેતા હું એ યુવકના ઘેર ગયો હતો. મારી પાસે બાઈક નહીં હોવાથી ભૂપેન્દ્ર લક્ષ્મણભાઈ પટેલનો સંપર્ક કરી તેની સાથે ભૂપેન્દ્રની બાઈક પર સગીર મિત્રને લઈને રાત્રે બે વાગ્યાના અરસામાં ઓરવાડા ગામના તળાવ પાસે ગયા હતાં.

ઓરવાડાથી તળાવ ફળિયામાં જતા રાત્રે અંધારામાં એક બાઈક પર આવેલા બે માણસોએ અમને રોકી ગડદાપાટુ માર મારી અપશબ્દો બોલતા હતાં. આ વખતે બીજા માણસો આવી ગયા હતા અને અમને ઘેરી વળી અમોએ જ તમને અહીં બોલાવેલ છે તેમં કહી અમને વીજ થાંભલા સાથે દોરડા વડે બાંધી વારાફરતી લાકડી તથા ડંડા વડે માર માર્યો હતો. સવારે દશ વાગ્યા સુધી થાંભલા સાથે બાંધી રાખેલ ત્યારબાદ ગામના સરપંચ તથા બીજા આગેવાનોને જાણ થતા અમોને છોડાવ્યા હતાં. આ વખતે ગ્રામજનોએ ધમકી આપી હતી કે આજે તો બચી ગયા છો પણ ફરીથી જીવતા નહિ છોડીએ.

# MLA કાર્યાલય તોડફોડ મામલે હાર્દિક પટેલને રાહત, ચૂંટણી લડી શકશે

**મહેસાણા**

૨૦૧૫માં વિસનગરના ધારાસભ્યના કાર્યાલય ઉપર તોડફોડ કેસમાં સુપ્રિમ કોર્ટે સ્ટે આપતાં કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ હાર્દિક પટેલને રાહત થઈ છે. આગામી દિવસોમાં હાર્દિક પટેલ વિધાનસભા એન લોકસભા ચૂંટણી લડી શકશે. ઉલ્લેખનીય છે કે, પાટીદાર અનામત આંદોલન દરમિયાન ૨૩ જુલાઈ ૨૦૧૫ ના રોજ વિસનગરમાં રેલી યોજીને મામલતદારને આવેદનપત્ર આપ્યા બાદ વિસનગરના ધારાસભ્ય ઋષિકેશ પટેલને આવેદનપત્ર આપવા ગયા હતા. ધારાસભ્ય હાજર નહી હોવાથી ઉશ્કેરાયેલા ટોળાએ ઓફિસમાં તોડફોડ કરીને પત્રકારોના કેમેરા, મોબાઈલ પણ તોડી નાખ્યા હતા.

# દહેગામમાં કોંગ્રેસમાં કકળાટ: પૂર્વ ધારાસભ્ય કામિનીબા પાર્ટીથી નારાજ

**દહેગામ**

દહેગામના પૂર્વ ધારાસભ્ય કામિનીબા રાઠોડ પાર્ટીમાં પોતાની સતત અવગણનાને લઈને નારાજ છે. જેથી તેમને મનાવવા માટેના પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે. કામિનીબા રાઠોડે બળાપો ઠાલવતા જણાવ્યું કે, પાર્ટીમાં વ્હાલા દવલાની નીતિના કારણે કાર્યકરોની સતત અવગણના થઈ રહી છે. કોંગ્રેસ પાર્ટીમાં પૂછ્યા વિના નિર્ણયો લેવાતા હોવાનો આરોપ લગાવ્યો હતો. પોતાની રજૂઆતો પર ધ્યાન નહીં આપવામાં આવે, તો પાર્ટી સાથે છેડો ફાડવાની તૈયારી પણ તેમણે દર્શાવી હતી. કોંગ્રેસને 24 કલાકના આપેલા અલ્ટીમેટમ વચ્ચે પાર્ટીએ તેમને મનાવવાના પ્રયાસો હાથ ધર્યા છે.


First Flight
FFCL Couriers Inc.

દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ

તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ

1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10

ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)

જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ

Brampton (West ): 519, Ray lawson boulevard , Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours Phone 647-761-1317, 647-657-9631 ------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM : SAT-SUN : 1.00 PM to 6.00 PM

Scarborough WE ARE RE-OPENING: 880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, Phone 647-761-1317 647-657-9631 905-673-9631 ------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM FRIDAY WEEKLY OFF : SAT-SUN : 11.00 AM to 6.00 PM

Mississauga WE MOVED TO: 6800 REXWOOD ROAD, UNIT - D : Phone : 905-673-9631 647-761-1317 647-657-9631 ------: MON-FRI : ------ 9.30 AM to 5.00 PM

૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com



HELP WANTED - HOTEL MANAGER

Looking for young single or couple for daily hotel operations. Students with work permit welcome to apply. Require Excellent customer services skill, Communication in English, Supervision skill, and work in Team. Good gross salary and free apartment on site too

**Location : Sudbury**

Email; sudbury_inn@yahoo.ca



સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road, Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

સ્વદેશ
09
FRIDAY, 15 APRIL, 2022



## જેનિફર લોપેઝે બેન એફ્લેક સાથે બીજી વખત સગપણ કર્યું

મુંબઇ: મનોરંજન જગતના ઘણા સિતારાઓ પ્રભુતામાં પગલા પાડી રહ્યા છે. તેવામાં હોલીવૂડના એક યુગલના પણ સગપણ કર્યાની જાણકારી આવી છે. હોલીવૂડની અભિનેત્રી અને ગાયિકા જેનિફર લોપેઝ અને અભિનેતા બેન એફ્લેકે સગપણ કરી લીધું છે. તેમનું આ બીજી વખતનું સગપણ છે. જેનિફરે પોતાની સત્તાવાર વેબસાઇટ પર પુષ્ટિ કરી છે કે, તેણે અને બેને પ્રથમ સગપણ તૂટ્યાના ૧૮ વરસ પછી ૨૦૨૧માં ફરી એકબીજાની નજીક આવ્યા હતા અને લગ્ન કરવાનો વિચાર કર્યો છે.



# રણબીર-આલિયા હવે ઓફિશિયલી શ્રીમાન શ્રીમતી



નવી મુંબઇ: બોલીવુડનું સૌથી ક્યુટ કપલ મનાતાં રણબીર કપૂર અને આલિયા ભટ્ટ હવે સત્તાવાર રીતે પતિ-પત્ની બની ચૂક્યાં છે. મુંબઇમાં વાસ્તુ એપાર્ટમેંટ સંકુલમાં કપૂર અને ભટ્ટ પરિવારના સભ્યો તથા કેટલાક નજીકનાં મિત્રોની હાજરીમાં બંને વિધિસર ફેરા ફરી એકમેકને સપ્તપદના કોલ આપી કાયમ માટે એકમેકનાં બની ગયાં હતાં. રણબીર અને આલિયાનો રોમાન્સ ચાર વર્ષ પહેલાં બ્રહ્માસ્ત્ર ફિલ્મના સેટ પર શરૂ થયો હતો. તે પછી વખતોવખત બંનેના લગ્નની વાતો ચર્ચાતી રહી હતી. રણબીરના દિવંગત પિતા રિશી કપૂર અને માતા નીતુએ બહુ પહેલેથી જ રણબીરની પસંદગી આલિયા પર મંજૂરીની મહોર મારી દીધી હતી. કમનસીબે આજનો દિવસ જોવા માટે રિશી કપૂર સદેહે ઉપસ્થિત ન હતા. જોકે,સમગ્ર કપૂર પરિવારના સભ્યોએ હાજરી પુરાવી નીતુ અને રિદ્ધિમાને રિશીની ખોટ સાલવા દીદી ન હતી. પરિવારના સૌથી જયેષ્ઠ તરીકે રણધીર કપૂર અને બબીતા , તેમની દીકરીઓ કરિશ્મા અને કરીના ,શમ્મી કપૂરનાં પત્ની નીલા દેવી, રીમા જૈન, આદર જૈન, રીતુ નંદા, નવ્યા નવેલી, સૌએ રંગેચંગે હાજરી આપી હતી. રણબીરના બંને ભાણેજ તૈમુર અને જેહ પણ ખાસ રજવાડી પોશાકમાં મામાના લગ્ન માણવા પહોંચી ગયા હતા. ભટ્ટ પરિવારમાંથી મહેશ ભટ્ટ, સોની રાઝદાન, શાહીન ભટ્ટ, પૂજા ભટ્ટ તથા રાહુલ હાજર રહ્યાં હતાં. બોલીવુડમાં આલિયાને પુત્રી તરીકે માનતા બિગ ડેડી કરણ જોહર ઉપરાંત અયાન મુખરજી, લવ રંજન પણ ઉપસ્થિત હતા. અન્ય સેલિબ્રિટી ઓ અને પારિવારિક મિત્રોમાં અમિતાભ બચ્ચન, અંબાણી પરિવારમાંથી શ્લોકા અને આકાશ અંબાણી તથા અન્ય મહાનુભવો આ પળનાં સાક્ષી બન્યાં હતાં.

## આલિયાએ લગ્ન પછીના ફોટા શેર કર્યા

અભિનેત્રી આલિયા ભટ્ટ અને અભિનેતા રણબીર કપૂર આજે લગ્નગ્રંથીમાં જોડાયા હતા. બન્નેના લગ્ન પછી આલિયાએ પતિ સાથે કેટલીક તસવીર ખેંચાવી પોતના ઈન્સ્ટાગ્રામ ઉપર શેર કરી હતી. આલિયા એ આ પોસ્ટમાં લખ્યું હતું કે, પાંચ વર્ષથી જે બાલ્કનીના બેસી બન્નેએ એકબીજા સાથે ખુશીની પળો વિતાવી છે એ જ જગ્યાએ, કેટલાક નજીકના મિત્રો અને કુટુંબીજનો સાથે અમે એકબીજામાં બંધાયા છીએ. અમારી પાછળ એક મજલ છે અને હવે સાથે નવી યાદો ઊભી કરવા જઈ રહ્યા છીએ.




## સિક્યોરિટીના કારણે રણબીરની બારાત રદ

મુંબઈ: રણબીર કપૂર ક્રિષ્ણા કોટેજથી વાસ્તુ સુધી બારાત લઈને જશે એવું આયોજન અગાઉ વિચારાયું હતું. બારાતમાં રિદ્ધિમા, કરીના, કરિશ્મા ઉપરાંત શ્વેતા નંદા, અયાન મુખર્જી સહિતની બોલિવુડ સેલિબ્રિટીઓ અને પરિવારના સભ્યો સાજનમાજન તરીકે મ્હાલવાના હતા. પરંતુ, આ લગ્નએ સોશિયલ મીડિયામાં ભારે ક્રેઝ ઊભો કર્યો હોવાથી લગ્ન સ્થળ બહાર પાપારાઝી ફોટોગ્રાફર્સ અને અન્ય ચાહકોનાં મોટાં ટોળાં જોવા મળી રહ્યાં છે. એક એક વાહનને અંદર જવા દેવામાં સિક્યોરિટી જવાનોને ભારે મહેનત કરવી પડી રહી છે.

**ફિલ્મ રિવ્યૂ**

## એન્ટરટેમેન્ટની સુનામી છે ફિલ્મ KGF Chapter 2



ન્યુ મુંબઈ: સાઉથની ફિલ્મોની એક પછી એક ધમાકો કરવા માટે રિલીઝ થઈ રહી છે. સ્ટોરી આઈડિયા અને પરફોર્મન્શનાં કારણે દર્શકોનું દિલ જીતવા માટે સાઉથની બીજી એક ફિલ્મ યશ સ્ટારની એક્શન મુવી KGF Chapter 2 આવી ગઈ છે. રૉકી ભાઈનાં એક્શન અને સ્ટાઈલની ફૈન ફોલોવિંગ એટલી વધૂ છે કે, લોકોએ એડવાંસ બુકિંગમાં જ ફિલ્મને 100 કરોડથી વધુનું કલેકશન કરાવી દીધુ છે. સવારનો શો જોનારા લોકોએ ટ્વીટર પર જ ફિલ્મનો રિવ્યૂ આપી દીધો હતો. લોકોનાં રિવ્યૂ પ્રમાણે આ ફિલ્મ એક રોમાંચક અનુભવ છે. ઘણાં યુઝર્સ તો ઈન્ટરવલ પહેલાં જ ફિલ્મને સુપરહિટ કહી દીધી હતી. ટ્વીટર પર શેર કરવામાં આવેલાં રિવ્યુ પ્રમાણે એક યુઝરે લખ્યુ છે કે,# KGFCHAPTER2 નો એક પણ શીન તમને બોર નહી કરે. પ્રશાંત નીલ સાઉથનાં મોસ્ટ વોંન્ટેડ ડાયરેક્ટર હશે.

# પ્રિયંકાએ વીડિયો શેર કરીને વર્લ્ડ લીડર્સને યૂક્રેનને મદદની અપીલ કરી



પ્રિયંકા ચોપરાએ પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર એક વીડિયો શેર કર્યો છે. જેમાં એક્ટ્રેસે વર્લ્ડ લીડર્સને યૂક્રેન સહિત ઈસ્ટર્ન યુરોપમાં રેફ્યૂજીઓ અને બાળકોની મદદ કરવાની અપીલ કરી છે. તેણે કહ્યું છે કે, યૂક્રેન ક્રાઈસિસમાં વર્લ્ડ વોર 2 પછી બાળકો મોટા ભાગે અન્ય જગ્યાની શોધમાં ઘર છોડીને જતા જોવા મળ્યા છે.

સાથે તેણે એમ પણ કહ્યું કે આ અત્યાર સુધીનું સૌથી મોટું રિફ્યૂજી ક્રાઈસિસ છે. પ્રિયંકાએ વીડિયોની શરૂઆતમાં કહ્યું, વર્લ્ડ લીડર્સ, આ તમને સીધી અપીલ છે. અમે ઈચ્છીએ છીએ કે તમે માનવીય અને શરણાર્થી સંકટનું સમર્થન કરવા માટે કામ કરી રહેલા એક્ટિવિસ્ટ અને એડવોકેટના મદદનો જવાબ આપો, જેને આપણે દરરોજ ઈસ્ટર્ન યુરોપમાં જોઈ રહ્યા છીએ. અમે ઈચ્છીએ છીએ કે તમે યૂક્રેન અને વિશ્વભરના વિસ્થાપિત લોકોને મદદ માટે તાત્કાલિક પગલાં લો.



## સ્ક્રીન પર એક સ્પોર્ટ્સપર્સનનું પાત્ર ભજવવું ગમશે : મૃણાલ

મુંબઈ: અભિનેત્રી મૃણાલ ઠાકુર, (જે છેલ્લે કાર્તિક આર્યનની ધમાકામાં જોવા મળી હતી) કહે છે કે તેને મોટા પડદા પર સ્પોર્ટ્સપર્સનનું પાત્ર ભજવવું ગમશે. તેણે કહ્યું, “ભારતમાં, અમે મહિલા એથ્લેટ્સ પર એટલી ફિલ્મો નથી બનાવતા જેટલી તેમને કહેવાની અને બનાવવી જોઈએ. આ મહત્વપૂર્ણ છે કારણ કે, અમારી ફિલ્મો દ્વારા, મહત્વાકાંક્ષી રમતવીરોને પ્રોત્સાહિત કરવામાં આવે છે અને તેમના માટે એક નવી દુનિયા ખુલે છે.” “મને અંગત રીતે સ્ક્રીન પર એક સ્પોર્ટ્સપર્સનનું પાત્ર ભજવવું ગમશે. તેના માટે તૈયાર થવું, તેના માટે તાલીમ આપવી, તે પ્રેરક અને અત્યંત પડકારજનક પણ છે. કારણ કે તમે એવી વ્યક્તિને લાવશો કે જેનાથી તમે દૂર છો અને તે કંઈક આપશે જે આપશે.


## ફિલ્મ કેજીએફ-2ના ડર થી શાહિદની ‘ જર્સી ’ ફરી ઠેલાઈ

મુંબઈ: શાહિદ કપૂરની ફિલ્મ ‘જર્સી’ વધુ એક વખત ઠેલાઇ છે. આ ફિલ્મ હવે તારીખ 14 એપ્રિલ ને બદલે તારીખ 22 એપ્રિલે રિલીઝ થશે. તારીખ 14 મીએ કેજીએફ ચેપ્ટર 2 રિલીઝ થઈ રહી છે આ ફિલ્મને મળેલા એડવાન્સ બુકિંગ તથા તેણે સર્જેલા બઝના કારણે શાહિદની ‘જર્સી’ ને સ્ક્રીન મળવાના ફાંફા થઈ ગયા હતા. ગયા મહિને ‘આરઆરઆર’ સામે અક્ષય કુમારની ‘બચ્ચન પાંડે



‘ના જેવા હાલ થયા તે ટાળવા માટે ‘જર્સી’ ફિલ્મને એક અઠવાડિયું પાછી ઠેલવાની ફરજ પડી છે. જોકે, એક સપ્તાહ પછી પણ તે કેજીએફના પ્રહારથી બચી શકશે કે કેમ એ તે અંગે શંકા સેવાય છે. શાહિદની ‘જર્સી ‘ મુળ આજ નામે બનેલી તેલુગુ ફિલ્મની રિમેક છે. 2019ના તેનું શૂટિંગ શરૂ થયું હતું અને તે પછી 2020માં તેને રિલીઝ કરવાનો પ્લાન હતો પરંતુ કોરોનાના કારણે સમગ્ર શિડયુલ ખોરવાઈ ગયું.




હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news
હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.

### અડવાણી અને વાજપેયીએ ઉછરેલા ભાજપને મોદી નવી ઉંચાઈએ લઈ ગયા

# સૌથી મોટા રાજકીય પક્ષ ભાજપની સંઘર્ષમય સફર

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

6 એપ્રિલ, 1980ના રોજ મુંબઈમાં અટલ બિહારી વાજપેયી અને લાલકૃષ્ણ અડવાણી સહિતના જૂના જનસંઘીઓએ ભારતીય જનતા પાર્ટીની સ્થાપના કરી. આ ઘટનાક્રમને આજે ૪૨ વર્ષ પૂરાં થયાં અને ભાજપ ભારત જ નહીં પરંતુ વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટી બની ગયો છે. આ મુકામે પહોંચતાં પહેલાં ૪૨ વર્ષ સુદી ભાજપે સતત સંઘર્ષ કર્યો છે. વાજપેયી, અડવાણી, જોશી, કલ્યાણસિંહ, રાજનાથસિંહ, સુષ્મા સ્વરાજ, અરુણ જેટલી, સ્વામી સુબ્રમણ્યમ સહિતના અસંખ્ય નેતાઓ અને લાખો કાર્યકરોની મહેનતના પરિણામે આજે ભારતના અડધાથી પણ વધુ રાજ્યોમાં ભાજપનું શાસન છે. ઉપરાંત કેન્દ્રમાં 2014 અને 2019માં તે રેકોર્ડબ્રેક બેઠકો ભાજપે જીતી બતાવી છે.

એક તબક્કે તો ભાજપ સાવ નેસ્તનાબૂદ થઈ જવાના આરે આવી ગયો હતો. ભાજપની સ્થાપના ૧૯૮૦માં થઈ ત્યારે કોઈને કલ્પના નહોતી કે એક દિવસ આ પક્ષ ભારતમાં એકચક્રી શાસન કરશે. ૧૯૭૫માં ઈન્દિરા ગાંધીએ લાદેલી કટોકટીના પગલે વિપક્ષો એક થયા એ પહેલાં ભાજપનો પૂર્વાવતાર જનસંઘ અસ્તિત્વમાં હતો. કટોકટી વખતના અત્યાચારોએ દેશને ધ્રુજાવી દીધો હતો. એ વખતે જનસંઘના અટલ બિહારી વાજપેયી, લાલકૃષ્ણ અડવાણી, નાનાજી દેશમુખ સહિતના નેતાઓને લાગ્યું કે, આ દેશને કોંગ્રેસના કુશાસનમાંથી મુક્ત કરાવવું જરૂરી છે.

એટલે તેમણે જનસંઘના અસ્તિત્વને મિટાવી દેવાનું જોખમ ઉઠાવેલું. ૧૯૭૭માં ઈન્દિરા સામે સંયુક્ત મોરચાના રૂપમાં જનતા પાર્ટીની રચના થઈ, ત્યારે જનસંઘને જનતા પાર્ટીમાં ભેળવી દઈ આ નેતાઓએ બહુ મોટુ બલિદાન આપ્યું હતું. જનતા પાર્ટીનો પ્રયોગ ના ચાલ્યો પછી ભાજપના નેતા સાવ હતાશ થઈ ગયા, તે વખતે તેઓને શું કરવું એ સૂઝતું નહોતું. પરંતુ તે પછી ફરી રાજકીય પાર્ટી સ્થાપવાનો વિચાર જાગ્યો અને ભાજપની સ્થાપના થઈ હતી.

ભાજપ માટે શરૂઆતના દિવસો કપરા હતા. ભાજપ પહેલી વાર લોકસભાની ચૂંટણી ૧૯૮૪માં લડયો એ વખતે આખા દેશમાં માત્ર બે બેઠકો મળી. ઈન્દિરા ગાંધીની હત્યાના સહાનુભૂતિના મોજા ઉપર લડાયેલી ચૂંટણીમાં કોંગ્રેસે ૪૧૫ બેઠકો જીતીને બુલડોઝર ફેરવી દીધું હતું. ભાજપને જે બે બેઠકો મળી તેમાં એક મહેસાણાની હતી કે જ્યાંથી ડો. એ.કે. પટેલ જીત્યા હતા. બીજી બેઠક આંધ્ર પ્રદેશમાં તેલુગુ દેશમની મદદથી જીત્યો હતો એ જોતાં ખરેખર તો ભાજપને એક જ બેઠક મળેલી.



ભાજપનું અસ્તિત્વ એ વખતે ખતરામાં હતું. ભાજપની સ્થાપના વખતે વાજપેયીએ હિન્દુત્વને કોરાણે મૂકીને ગાંધીજીની વિચારધારાને અપનાવીને ગ્રામીણ વિકાસને પ્રાધાન્ય આપતી સ્વદેશી વિચારધારાને અપનાવવાની હાંકલ કરી હતી. જો કે, તે વિચારધારા કામ નહીં લાગી, તેથી ભાજપે ફરી હિંદુત્વનો સહારો લીધો. સંઘ, વિશ્વ હિંદુ પરિષદ સહિતનાં હિંદુવાદી સંગઠનોએ અયોધ્યામાં રામમંદિરના નિર્માણનો મુદ્દો ચગાવીને લાલકૃષ્ણ અડવાણીને આગળ કર્યા પછી ભાજપના અચ્છે દિન શરૂ થયા. ભાજપ રામમંદિરના મુદ્દાને કારણે લોકસભાની ૧૯૮૯ની ચૂંટણીમાં ૮૫ બેઠકો પર વિજય મેળવ્યો.

જે બાદ ભાજપના ટેકાથી જ વિશ્વનાથ પ્રતાપસિંહની સરકાર બની હતી. જો કે વી.પી. ભાજપને ખાળવા માટે મંડલ પંચનું ઓબીસી કાર્ડ લઈ આવ્યા, તેના કારણે ભાજપ માટે ફરી

## ભાજપની મૂળ વિચારધારા સાથે વિકાસના મુદ્દાને મોદીએ જનતા સમક્ષ મુક્યો છે પરિણામે દેશના 12 રાજ્યોમાં ભાજપનું સીધુ શાસન છે અને અન્ય છ રાજ્યોમાં સમર્થનથી સત્તા પર છે

સંઘર્ષ શરૂ થયો. મંડલ કાર્ડના મુકાબલા માટે અડવાણીએ ૧૯૯૦માં સોમનાથથી અયોધ્યાની રથયાત્રા કાઢી, તેના કારણે ભાજપે ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, હિમાચલ પ્રદેશ અને રાજસ્થાનમાં સત્તા મેળવી. ભાજપની એ પહેલી સરકારો હતી. ભાજપે હિંદુત્વના આધારને મજબૂત કરવા માટે તે પછી કારસેવાઓનો દોર ચલાવ્યો. તેમાં ૬ ડીસેમ્બર, ૧૯૯૨ના રોજ બાબરી મસ્જિદ તૂટી પછી ભાજપ ઉપર ભીંસ વધી હતી. ભાજપની ચારેય રાજયોની સરકારોને બરતરફ કરાઈ. એક વર્ષ પછી થયેલી ચૂંટણીમાં ચારમાંથી માત્ર રાજસ્થાનમાં ભાજપને બહુમતી મળી, આ સમયે ખુદ ભાજપને પણ હિંદુત્વના મુદ્દા અંગે શંકા ઉપજી. એ વખતે એવું જ મનાતું કે ભાજપ હવે કદી બેઠો નહીં થાય. પણ ૧૯૯૬માં ભાજપે પહેલી વાર સરકાર રચીને એ માન્યતાને ખોટી પાડી. એ સરકાર ૧૩ દિવસ જ ટકી પણ બે વર્ષ પછી અટલ બિહારી વાજપેયીએ ફરી ભાજપને કેન્દ્રમાં સત્તા અપાવી. આ વખતે ૧૩ મહિના સરકાર ચાલી અને એ પછીની ચૂંટણીમાં જીત મેળવીને રચાયેલી સરકારે પાંચ વર્ષ પૂરાં કરીને ઈતિહાસ રચ્યો.

લોકસભાની ૨૦૦૪ની ચૂંટણીમાં ભાજપની હારને પગલે ભાજપને માથે ફરી ચિંતાના વાદળો ઘેરાયા. જે બાદ ૨૦૦૯માં સળંગ બીજી વાર ભાજપને પછડાટ ખાવી પડી. ત્યારપછી તો કોંગ્રેસના સારા દિવસો શરુ થઈ ગયા. પરંતુ આ સમયગાળામાં જ ગુજરાત મોડેલને આગળ કરવા સાથે હિંદુવાદી બ્રાન્ડ નેતા નરેન્દ્ર મોદીનો આગળ કરીને ચૂંટણી લડવાનો દાવ ભાજપે ખેલી નાંખ્યો. આખરે મોંઘવારી, ભ્રષ્ટાચાર જેવા મુદ્દા સાથે હિંદુત્વ અને રામમંદિરનો પુરજોશમાં પ્રચાર કરાયો. પરિણામે 2014માં કોંગ્રેસને જબરદસ્ત શિકસ્ત આપીને ભાજપના બેનર હેઠળ મોદીએ ભવ્ય વિજય મેળવ્યો.

જે પછી ભાજપના શરૃ થયેલા અચ્છે દિન આજ સુધી ચાલી રહ્યા છે. આજે ભાજપ દેશનો સૌથી મોટો રાજકીય પક્ષ છે. શ્યામાપ્રસાદ મુખરજીએ સ્થાપેલા અને દીનદયાળ ઉપાધ્યાયે ઉછેરેલા જનસંઘના પાયા પર રચાયેલા ભાજપને અટલ બિહારી વાજપેયી અને લાલકૃષ્ણ અડવાણીએ મોટો બનાવ્યો. કેન્દ્રમાં ભાજપ સત્તા ઉપર આવી જ ના શકે એવી માન્યતાનો વાજપેયી-અડવાણીએ ખોટી પાડી તો નરેન્દ્ર મોદીએ તેને એક નવી ઉચાઈ આપી છે એમાં શંકા નથી. મોદીએ ૨૦૧૪ અને ૨૦૧૯ એમ સળંગ બે વાર ભાજપને સ્પષ્ટ બહુમતી સાથે ભાજપને સત્તા અપાવી છે. વાજપેયી અને અડવાણીએ નાંખેલા પાયા પર મોદીએ એક એવી ભવ્ય ઈમારત ઉભી કરી છે કે જેને જોઈને કોઈ પણ અંજાઈ જાય.

મોદીએ ભાજપને એ હદે મજબૂત બનાવ્યો કે, આજે દેશમાં અડધાથી વધારે રાજ્યોમાં ભાજપ અને તેના સાથી પક્ષોની સરકાર છે. આ પૈકી ૧૨ રાજ્યોમાં તો ભાજપની જ સરકારો છે અને મુખ્ય પ્રધાનો પણ ભાજપના છે. ૧૦ મુખ્ય પ્રધાનો તો વિધાનસભામાં સ્પષ્ટ બહુમતી સાથે સરકાર ચલાવે છે. આ સિવાય છ રાજ્યોમાં મુખ્યમંત્રી ભાજપના ટેકાથી સરકાર ચલાવે છે.દેશનાં ૩૧ રાજ્યોમાંથી અડધાથી વધારે એટલે કે ૧૮ રાજ્યોમાં ભાજપ સત્તામાં છે. ૨૦૦૨નાં રમખાણોના કારણે મોદીની કટ્ટરવાદી હિંદુ નેતા તરીકેની ઈમેજ હતી. મોદીએ કટ્ટરવાદી હિન્દુ નેતા તરીકેની ઈમેજમાંથી બહાર આવીને પોતાને એક સુધારાવાદી અને વિકાસ પુરૂષની ઈમેજ લોકો સમક્ષ બતાવવામાં સફળતા મેળવી છે.

ભાજપનો પૂર્વાવતાર જનસંઘ હિંદુવાદી વિચારધારા ધરાવતો જનસંઘ હતો. જનસંઘની સ્થાપના શ્યામાપ્રસાદ મુખરજીએ ૨૧ ઓક્ટોબર, ૧૯૫૧ના રોજ કરી હતી. શ્યામાપ્રસાદે જનસંઘની સ્થાપના કરવી પડી તેના મૂળમાં જવાહરલાલ નહેરૂની હિંદુઓને અન્યાયકર્તા કાશ્મીર નીતિ જવાબદાર હતી. નહેરૂએ પાકિસ્તાનના વડાપ્રધાન લિયાકત અલી ખાન સાથે દિલ્હી કરાર કર્યા તેના વિરોધમાં શ્યામાપ્રસાદે નહેરૂના કેબિનેટમાંથી ૮ એપ્રિલ, ૧૯૫૦ના દિવસે રાજીનામું ધરી દીધું હતું. ત્યારબાદ તેમણે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પીઠબળથી જનસંઘની સ્થાપના કરી અને તે આજે દેશમાં સૌથી મોટો રાજકીય પક્ષ બની ગયો છે.

# શરીર મુજબ ટ્રાય કરો આ નેકલાઈન ડ્રેસ

ફેસ - ગરદન લાંબી હોય તો ટર્ટલનેક પહેરવું એક સારો ઓપ્શન છે. ટર્ટલ નેકવાળું ટોપ કે ડ્રેસ પસંદ કરો ત્યારે વધારે ઊંચું ન હોય. ટર્ટલનેક સ્ટાઇલિશ લુક આપશે જ્યારે પણ આઉટફિટમાં સ્ટાઇલની વાત આવે છે ત્યારે મોટાભાગની યુવતીઓ ડ્રેસના કલરથી લઇને પેટર્ન, એમ્બ્રોઇડરી તથા સ્લિટ્સ વગેરે પર ધ્યાન આપે છે, પરંતુ નેકલાઇન પર એટલું ધ્યાન જતું નથી. આઉટફિટની નેકલાઇન પણ તમારા લુકને બદલી શકે છે. આઉટફિટની પસંદગી કરો ત્યારે નેકલાઇન પર પણ ધ્યાન આપો. નેકલાઇન સિલેક્ટ કરો ત્યારે તમારા બોડીટાઇપ ઉપર ધ્યાન આપો. બોડીટાઇપને ધ્યાનમાં લઇને નેકલાઇન સિલેક્ટ કરો છો તો તમે વધુ આકર્ષક લાગશો. બોડીટાઇપ અનુસાર કેવા પ્રકારની નેકલાઇન સિલેક્ટ કરવી જોઇએ.



## સ્ક્વેર નેકલાઇન

વિન્ટેડ સ્ટાઇલ નેકલાઇન હંમેશાં તમારા આઉટફિટમાં એક ઇન્ટરેસ્ટિંગ અને સ્પેશિયલ ટચ આપે છે. તેનો ચોરસ આકાર થોડું કોન્ટ્રાસ્ટ બનાવવામાં મદદ કરી શકે છે. જો તમારી બ્રેસ્ટ સાઇઝ વધારે હોય તો તમે સ્ક્વેર નેકલાઇન આઇટફિટ પહેરવાથી તમે ખુબ જ આકર્શિત લાગી શકો છે. આ નેકલાઇન વલ્ગર લાગ્યા વગર તમને રિવીલિંગ લુક આપશે. સાથે જ લાર્જર નેક અને વાઇડ શોલ્ડરને ઇલ્યૂઝન પણ ક્રિએટ કરે છે.



## ઓફ શોલ્ડર નેકલાઇન

ઓફ શોલ્ડર નેકલાઇન આઉટફિટ આજકાલ યુવતીઓમાં હોટ ફેવરિટ છે. એ તમને વધારે ફેમિનાઇન તથા સ્ટાઇલિશ લુક આપે છે. આ નેકલાઇન તમારા શોલ્ડર્સ અને કોલરબોન પર વધારે ફોકસ કરે છે. જેમના શોલ્ડર નેરો છે એવી મહિલાઓ માટે ઓફ શોલ્ડર નેકલાઇન બેસ્ટ ઓપ્શન છે. આ ઉપરાંત શોર્ટ કે મીડિયમ બ્રેસ્ટ સાઇઝની વુમન પણ આ નેકલાઇન આઉટફિટને ટ્રાય કરી શકે છે.



## વી નેકલાઇન

આ એક ટ્રેડિશનલ ડિઝાઇન છે જે દરેક બોડીટાઇપ પર સારી લાગે છે. જ્યારે વી નેકલાઇન આઉટફિટ પહેરી રહ્યાં હોવ ત્યારે તેની ડેપ્શને ધ્યાનમાં રાખવી જોઇએ. જેમના બ્રેસ્ટની સાઇઝ નાની છે એવી યુવતી માટે નાની વી નેકલાઇન આદર્શ છે, જે તમારા ચહેરા પર વધારે ધ્યાન આકર્ષિત કરે છે. જ્યારે ડીપ વી નેકલાઇન બિગ બ્રેસ્ટવાળી મહિલાઓ પર ખુબ જ સારી લાગે છે. અને તેઓ ભરાવદાર પણ લાગે છે.



## રાઉન્ડ નેકલાઇન

રાઉન્ડ નેકલાઇન એક ક્લાસિક ડિઝાઇન છે. આ તમારા નેક એરિયાની નજીક છે. ખાસ કરીને લોકોનું ધ્યાન તમારા ચહેરા અને ખભા તરફ ખેંચાય છે. જો તમારી ગરદન લાંબી હોય અને ચહેરો પાતળો હોય તો તમે રાઉન્ડ નેકલાઇન આઉટફિટને સિલેક્ટ કરી શકો છો. જો તમારા શોલ્ડર વાઇડ હોય અથવા બ્રેસ્ટની સાઇઝ સ્મોલ હોય તો તમે રાઉન્ડ નેકલાઇન પહેરીને તમારા લુકને વધારે બ્યુટીફૂલ બનાવી શકો છો.



## ટર્ટલનેક નેકલાઇન

આ નેકલાઇન હાઇનેક કરતાં પણ અમુક ઇંચ ઉપર સુધી હોય છે. આમ જોવા જઇએ તો ચિનને ટચ કરે છે. કેઝ્યુઅલ રહેવા છતાં પણ કોઇપણ આઉટફિટને આ બહુ સ્ટાઇલિશ દેખાડે છે. તમે આને જિન્સ કે મિની સ્કર્ટની સાથે સ્ટાઇલ કરી શકો છો. જો તમારો ફેસ અને ગરદન લાંબી હોય તો ટર્ટલનેક પહેરવું એ એક સારો ઓપ્શન છે. તમે ટર્ટલ નેકવાળું ટોપ કે ડ્રેસ પસંદ કરો જે વધારે ઊંચું ન હોય.

# બ્લેકકેટ રેન્સમવેર



સાયબર સિક્યુરિટી સંશોધકોએ બ્લેકકેટ જેને AlphaV તરીકે પણ ઓળખવામાં આવે છે અને બ્લેકમેટર રેન્સમવેર ફેમીલી વચ્ચેની વધુ કડીઓ શોધી કાઢી છે. જેના ઘણા રિપ્લેસમેન્ટ ગયા વર્ષે આંતરરાષ્ટ્રીય ચકાસણી કરતાં જોવા મળ્યા હતા.

Kaspersky સંશોધકોએ એક નવા વિશ્લેષણમાં જણાવ્યું હતું કે નવા બ્લેકકેટ જૂથના ઓછામાં ઓછા કેટલાક સભ્યો બ્લેકમેટર જૂથ સાથે લિંક્સ ધરાવે છે કારણ કે તેઓએ કસ્ટમ એક્સફિલ્ટરેશન ટૂલને સંશોધિત અને પુનઃઉપયોગ કરે છે. જે ફક્ત બ્લેકમેટરની પ્રવૃત્તિમાં જોવા મળ્યું છે.

Fendr તરીકે ઓળખાતા આ ટૂલને માત્ર વધુ ફાઈલ પ્રકારો સમાવવા માટે અપગ્રેડ કરવામાં આવ્યું નથી પણ ગેંગ દ્વારા ડિસેમ્બર 2021 અને જાન્યુઆરી 2022માં એન્ક્રિપ્શન પહેલા કોર્પોરેટ નેટવર્કમાંથી ડેટાની ચોરી કરવા માટે વ્યાપકપણે ઉપયોગ કરવામાં આવ્યો છે, જે ડબલ એક્સટોર્શન તરીકે ઓળખાતી લોકપ્રિય યુક્તિ છે.

Cisco Telos ના સંશોધકોએ બ્લેકકેટ અને બ્લેકમેટર વચ્ચેના રણનીતિઓ, તકનીકો અને પ્રક્રિયાઓ (Tactics, Techniques and Procedures - TTPs) માં ઓવરલેપની ઓળખ કર્યાના એક મહિના કરતાં પણ ઓછા સમયમાં આ તારણો આવ્યા છે. જેમાં નવા રેન્સમવેર વેરિઅન્ટને "વર્ટિકલ બિઝનેસ વિસ્તરણ"ના કેસ તરીકે વર્ણવવામાં આવ્યું છે.

બ્લેકકેટ બે કારણોસર અલગ છે. તે એક સંયુક્ત ગ્રુપ છે જેણે ભૂતકાળમાં બ્લેકમેટરને જમાવ્યું છે અને તેનો માલવેર રસ્ટમાં લખાયેલો છે. જે દર્શાવે છે કે કેવી રીતે જોખમી પ્રવૃત્તિ સાથે ક્રોસ-કમ્પાઈલેશન ક્ષમતાઓ સાથે પ્રોગ્રામિંગ ભાષાઓમાં વધુને વધુ પ્રેરિત છે.

આ ગ્રુપ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, માલવેર સેમ્પલ, રેન્સમવેર વાતાગાતો (negotiations) અને કેશ-આઉટ પૂરું પાડે છે. કોઈપણ વ્યક્તિ કે જેની પાસે પહેલેથી જ સમાધાનકારી ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો એક્સેસ છે તે લક્ષ્યને સંક્રમિત કરવા માટે બ્લેકકેટના નમૂનાઓનો ઉપયોગ કરી શકે છે.

માલવેર એકવાર એક્ઝિક્યુટ થઈ ગયા પછી માલવેરને રજિસ્ટ્રીમાંથી Windows સિસ્ટમની MachineGuid મળે છે. જે ઑપરેટિંગ સિસ્ટમના ઈન્સ્ટોલેશન દરમિયાન જનરેટ થતી એક અનન્ય કી છે. તેની સાથે તે UUID, યુઝર એકાઉન્ટ કંટ્રોલ (UAC) ને બાયપાસ કરે છે. વધુમાં તે શેડો બેકઅપ્સ કાઢી નાખે છે અને એન્ક્રિપ્શન પ્રક્રિયા શરુ કરે છે.

સંશોધકોએ જણાવ્યું હતું કે સંશોધિત ફેન્ડરનો ઉપયોગ જેને ExMatter તરીકે પણ ઓળખવામાં આવે છે. તે બ્લેકકેટને ભૂતકાળની બ્લેકમેટર પ્રવૃત્તિ સાથે જોડતા નવા ડેટા પોઈન્ટનું પ્રતિનિધિત્વ કરે છે.

આ પુનઃઉપયોગમાં લેવાયેલા ટૂલના ફેરફાર એ ગુનાહિત એન્ટરપ્રાઈઝની લાક્ષણિકતા, લક્ષિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે જરૂરિયાતોને અનુકૂલિત કરવા માટે વધુ સુસંસ્કૃત આયોજન અને વિકાસ પદ્ધતિ દર્શાવે છે.

beinghumanmj

**કવિ : ડૉ.ફણી મહંતી સાહેબ**
**અનુવાદક : હિના મોદી**
**પુસ્તક : પ્રિયતમા - ઓરિસ્સા અકાદમી તરફથી પુરસ્કૃત**

**જે પણ આધિભૌતિક જગતમાં**
**ભલે તું હોય પ્રિયતમા,**
**તારા બનીને ચમકતી રહેજે**
**નીલગગનમાં,**
**ફૂલ જેવી મહેંકતી રહેજે**
**યાદોનાં ઉપવનમાં.**
**પ્રેમમાં જકડીને પકડી રાખજે**
**ઉજ્જડ થયેલ ધરતીને**
**પલાશવનમાં આપણા પ્યારનો અંત,**
**વાત જીવંત રહેશે અનંતકાળ સુધી.**
**જ્યાં નહીં પહોંચવાવાળી ધરતી પર**
**હશે તું**
**ચોક્કસ આપણું મિલન થશે એક**
**દિવસ આ જીવનમાં,**
**કોઈ અજાણ્યા ગ્રહ કે ઉપગ્રહ પર**
**અથવા કોઈ અજાણ્યા રાજ્યમાં.**
**વાત રહી જાય છે,**
**કોટિ-કોટિ યુગની વાત**
**પુરી નથી થતી,**
**વિદગ્ધ કવિની કથા લોકવાયકા**
**જીવતી રહે છે**
**અનંતકાળ સુધી.**

## અપનાવો આ ઘરેલું ટીપ્સ

- વાંરવાર મૂત્રત્યાગ કરવાની તકલીફમાંથી રાહત પામવા ત્રણ લીલા આંબળાનો રસ એક ગ્લાસ પાણીમાં ભેળવી સવાર-સાંજ પીવો.
- રેફ્રિજરેટરને ચોખ્ખુ કરવા એક કપ ગરમ પાણીમાં બે ચમચા બેકિંગ સોડા નાખી લૂછવું.
- સિન્કને ચકચકિત કરવા સરકામાં લીંબુ રગડી ઘસથું ચકચકિત તો થશે ઉપરાંત ડાઘ-ધાબા પણ દૂર થશે.
- મિક્સરમાંથી મસાલાની દુર્ગંધ દૂર કરવા થોડો સૂકો લોટ નાખીને દળવું.
- જૂના અખબારને ગરમ પાણીમાં ભીંજવી બારી-બારણાના કાચ પર રગડવાથી ધૂળ-માટીના ડાઘા દૂર થાય છે.
- બળી ગયેલા ઘીને દુર્ગંધ રહિત કરવા બટાકાનો તાજો કાપેલો કટકો તેમાં નાખી ફરી ઘીને તપાવવું. બળેલું ઘી ચોખ્ખું થશે.
- સમારેલા ફળો કાળા ન પડે માટે દૂધપાણી મિશ્રણમાં રાખવા.
- છાલ ઉતારેલા શાકને પાણીમાં બાફ્યા બાદ તે પાણી ફેંકવું નહીં. આ પાણી પોષણયુક્ત હોવાથી પરોઠા બાંધવાના ઉપયોગમાં લઇ શકાય.
- કેરીની ચટણી બનાવતી વખતે તેમાં કેરી જેટલો ફૂદીનો નાખવાથી વધુ સ્વાદિષ્ટ બનશે.
- એકાદ મહિનો નિયમિત ભંસના કાચા દૂધથી વાળ ખરવાની તકલીફ દૂર થાય છે તેમજ વાળ કાળા થાય છે.
- સાકર-માખણના મિશ્રણથી ૧૦ મિનિટ સુધી હાથ પર મસાજ કરવાથી હાથ સ્વચ્છ થાય છે.
- નખને મજબૂત કરવા અઠવાડિયામાં એક વાર ઓલિવ ઓઇલમાં ડૂબાડવા.
- ચહેરા પરના ડાઘ દૂર કરવા ફૂદીનાને વાટી લુગદી બનાવી પ્રભાવિત સ્થાન પર લગાડવું.
- પડી જવાથી કે અન્ય રીતે છોલાઇ ગયેલી ચામડી પર લગાડવા કોઇ દવા હાથવગી ન હોય તો પરફ્યૂમ સ્પ્રે કરી દેવું. જોકે આ છાંટવાથી બળતરા ખૂબ થશે પરંતુ દવાનું કામ કરી જશે.

# ગુજરાત પોલીસ દ્વારા ડ્રોન પાયલોટ તૈયાર કરાશે

## પોલીસ વિભાગ ઉપરાંત, અન્ય વિભાગોના કર્મચારીઓને તાલીમ અપાશે

**અમદાવાદ**

આગામી સમયમાં ડ્રોનની ઉપયોગી વધવાની શક્યતાને જોતા ગુજરાત પોલીસ દ્વારા ડ્રોન પાયલોટ તૈયાર કરવાની યોજના બનાવવામાં આવી છે. ગાંધીનગરના કરાઈ ખાતે આવેલી સ્ટેટ પોલીસ વાયરલેસ ટ્રેનીંગ સ્કૂલ ખાતે સરકારના અન્ય વિભાગના અને ખાનગી કંપનીના કર્મચારીઓ ઉપરાંત, ખાનગી લોકોને ડ્રોન કેમેરાની ખાસ તાલીમ આપવામાં આવશે. ડ્રોન કેમેરા હાલ પોલીસ માટે ખુબ જ ઉપયોગી સાબિત થયા છે. જેમાં ગુજરાત પોલીસ દ્વારા ભીડ પર નજર રાખવા,



વીવીઆઈપી સિક્યોરીટી સમયે, ટ્રાફિક મેનેજમેન્ટ, શંકાસ્પદ વિસ્તારમાં તપાસ કરવા માટે ડ્રોન કેમેરાનો સફળ ઉપયોગ થયો છે. આ ઉપરાંત, સરકારના અન્ય વિભાગોમાં પણ ડ્રોન કેમેરાનો ઉપયોગ વધી રહ્યો છે. જેથી આગામી સમયમાં ડ્રોન કેમેરાના સંચાલન માટે તાલીમબધ ડ્રોન કેમેરા પાયલોટની જરૂરિયાતની શક્યતાને જોતા ગુજરાત પોલીસના પ્લાનીંગ અને મોર્ડનાઈઝેશનના અધિક પોલીસ મહાનિર્દેશક નરસિમ્હા કોમર દ્વારા મહત્વની જાહેરાત કરવામાં આવી છે.. જે અંતર્ગત ડ્રોનનો ઉપયોગ નિષ્ણાંતોની જરૂરીયાત રહેશે માટે ગુજરાત પોલીસ દ્વારા ,સ્ટેટ પોલીસ વાયરલેસ ટ્રેનીંગ સ્કૂલ ખાતે તૈયાર થનારા ડ્રોન ટ્રેનીંગ અને કોઓર્ડીનેશન સેન્ટર પર તાલીમ આપીને ડ્રોન પાયલોટ તૈયાર કરવામાં આવશે. જેમાં પોલીસ વિભાગ સહિત અન્ય સરકારી વિભાગો અને ખાનગી લોકો તાલીમ લઈ શકશે.

# ૨૦૩૬ની ઓલિમ્પિક્સ ગુજરાતમાં આયોજિત કરવાની તૈયારીઃ સરકાર

**અમદાવાદ**

ગુજરાત સરકારે આજે હાઈકોર્ટ સમક્ષ નિવેદન આપ્યું છે કે સરકાર ૨૦૫ની ઓિલિમ્પિક્સ રમતોનું આયોજન ગુજરાતમાં કરવાની તૈયારીઓ ચાલી રહી છે. જેના માટે ઓલિમ્પિક કમિટી ૨૦૨૫માં ગુજરાતની મુલાકાત પણ લેવાની છે. જેના ભાગરૂપે નારણપુરા સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ સહિતના પ્રોજેક્ટ હાથ ધરાયા છે. ૫૦૦ કરોડના ખર્ચે બનનારા નારણપુરા સ્પોર્ટ્સ કોમ્પલેક્ષની ટેન્ડર પ્રક્રિયા સામે એક કન્સ્ટ્રક્શન કંપનીએ કરેલી પિટિશનમાં આ રજૂઆત કરવામાં આવી હતી.

નારણપુરા સ્પોર્ટ્સ કોમ્પલેક્ષની ટેન્ડર પ્રક્રિયા સામેની પિટિશનમાં આજે હાઈકોર્ટના ચીફ જસ્ટિસ અરવિંદ કુમાર અને જસ્ટિસ આશુતોષ જે. શાસ્ત્રની ખંડપીઠે સરકારને પ્રશ્ન કર્યો હતો કે જે કંપનીને ટેન્ડર ફાળવવામાં આવ્યું છે તેમની પાસે સ્પોર્ટ્સ કોમ્પલેક્ષનું બાંધકામ કરવાનો અનુભ છે? જેના જવાબમાં સરકારે કહ્યું હતું કે કંપની પાસે અનુભવ છે પરંતુ તે બાબત રેકર્ડ પર મૂકવામાં આવી નથી. અમદાવાદ યુનિવર્સિટીનું સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ આ કંપની દ્વારા જ તૈયાર કરવામાં આવ્યું છે. ત્યારબાદ અરજદાર કંપનીએ દલીલ કરી હતી કે યુનિવર્સિટીનું સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ માત્ર વિદ્યાર્થીઓની પ્રવૃત્તિ પૂરતું જ સીમિત હોય છે.

# ખાનગી ઉત્પાદકો પાસે 3000 મેગાવોટ વીજળી ખરીદવા ઊર્જા નિગમની કવાયત

## ગુજરાત ઉર્જા વિકાસ નિગમના અધકચરા આયોજનો

**અમદાવાદ**

ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડે ૧ એપ્રિલ ૨૦૨૩થી ૩૧મી માર્ચ ૨૦૩૮ સુધીના ૧૫ વર્ષના ગાળા માટે ૩૦૦૦ મેગાવોટ વીજળીનો સપ્લાય કરવા માટે ટેન્ડર મંગાવવાની છૂટ આપવા ગુજરાત વીજ નિયમન પંચમાં અરજી કરી છે. લિગ્નાઈટથી, કોલસાથી કે પછી કુદરતી ગેસનો ઉપયોગ કરીને નવી વીજળી પેદા કરવાનો ટૂંકા ગાળામાં કોઈ જ આયોજન ન હોવાથી તેમને આ ખરીદી કરવાની છૂટ આપવાની માગણી કરવામાં આવી છે.

બીજું, ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રિસિટી કોર્પોરેસનના જૂના થઈ ગયેલા પ્લાન્ટ્સને ભંગારમાં કાઢી નાખવા પડે તેમ હોવાથી ગુજરાતની વીજ ઉત્પાદન ક્ષમતા ઘટી જતાં બહારથી વીજળી ખરીદવાની છૂટ આપવાની માગણી કરવામાં આવી છે.આ અંગે સ્ટેક હોલ્ડર્સના અભિપ્રાયો અને મંતવ્યો હિયરિંગ દરમિયાન જાણ્યા પછી ગુજરાત વીજ નિયમન પંચ નિર્ણય લેશે.

# અમદાવાદ, સુરત ટેક્સટાઈલ ઉદ્યોગના રૂપિયા ૫૦૦ કરોડ શ્રીલંકામાં સલવાયા

## શ્રીલંકાની આર્થિક કટોકટીની ગુજરાત ઇફેક્ટઃ ફાર્મા ઉદ્યોગના નાણં પણ શ્રીલંકામાં અટવાયા હોવાની શક્યતા

**અમદાવાદ**

દેવાળિયા બની ગયેલા શ્રીલંકા સાથે વેપાર કરતાં અમદાવાદ અને સુરતના ટેક્સટાઈલના વેપારીઓના અંદાજે રૂા. ૫૦૦ કરોડથી વધુ સલવાઈ ગયા હોવાનું જાણવા મળી રહ્યું છે. અમદાવાદમાંથી શ્રીલંકામાં ખાસ કરીને કોટન ફેબ્રિક્સ, નિટેડ ફેબ્રિક્સ તથા ડેનિમની તથા લેડીઝ ગારમેન્ટ્સ માટેના ફેબ્રિક્સની નિકાસ કરવામાં આવે છે. આ જ રીતે અમદાવાદ, સુરત અને મુંબમાંથી ખાસ કરીને કોલંબોમાં જ ટેક્સટાઈલ ફેબ્રિક્સની અને રેડીમેડ ગારમેન્ટની નિકાસ થાય છે.

લાંબા સમયથી શ્રીલંકામાં લૂંગીનું કાપડ મોકલતા એક વેપારીનું કહેવું છેકે સુરતનો પણ મોટો માલ શ્રીલંકામાં ભેરવાયો છે. સુરતમાંથી પોલિયેસ્ટર પ્રીન્ટેડ કાપડ, સિન્થેટિક્સ ફેબ્રિક્સ, સિન્થેટિક કૂર્તિઓ સહિતના સિન્થેટિક ટેક્સટાઈલના પ્રોડક્ટ્સ જાય છે. અમદાવાદ અને સુરતનું મળીને અંદાજે ટેક્સટાઈલનો જ ઓછામાં ઓછો રૂા. ૪૦૦ કરોડનો માલ ગયો હતો.

અમદાવાદના ન્યુક્લોથ માર્કેટની એક પેઢીના રૂા. ૩૬ લાખનો માલ ગયો છે. પરંતુ હવે તે પૈસા ક્યારે આવે તેની તેમને ખાતરી નથી. તેમનું કહેવું છે કે શ્રીલંકન રૂપિયો ડૉલર સામે ૨૩૦થી તૂટીને ૩૩૦ થઈ ગયો છે.

# કૃષિકાયદાના સુધારા પાછા ન ખેંચાતા ગુજરાતની 16 બજાર સમિતિમાં કર્મચારીના પગાર અટક્યા

## કેન્દ્ર સરકારે ત્રણ કૃષિ કાયદા પાછા ખેંચ્યા પછી ગુજરાત સરકારે સુધારો પાછો ન ખેંચ્યો

**અમદાવાદ**

કેન્દ્ર સરકારે કૃષિને લગતા ત્રણ કાયદાઓ સામે સિંઘુ બોર્ડર પર નવ મહિનાથી વધુ લાંબા સમય સુધી દેખાવો થયા તેને પરિણામે કાયદા પાછા ખેંચી લીધા, પંરતુ આ ત્રણ કાયદાના અનુસંધાનમાં ગુજરાત રાજ્યની સરકારે એ.પી.એમ.સી. એક્ટમાં કરેલા સુધારા પરત ન ખેંચ્યા હોવાથી ગુજરાતની ૧૭ એપીએમસીની સેસની આવક બંધ થઈ જતાં હાલત એટલી ખરાબ થઈ ગઈ છે કે કર્મચારીઓના પગાર કરવાના પણ ફાંફા પડી ગયા છે. સોનગઢ, કડાણા, કઠલાલ, ધારી, ઉમરેઠ, વંથલી, ધરમપુર, માંગરોળ, ગારિયાધાર,ખેડા, વિજયનગર, સંતરામપુર, સિહોર, તિલકવાડા અને ઉમરપાડા એપીએમસીના કર્મચારીઓના પગાર બંધ થઈ ગયા છે. બીજી એકવીસ એપીએમસીના કર્મચારીઓના પગાર હવે ગમે ત્યારે બંધ થઈ જવાની સંભાવના છે.તદુપરાંત ધારી, હાંસોટ, માંડવી-કચ્છ, વલસાડ, બગસરા, ખંભાત,લીલીયામોટા, માતર, જંબુસર, આમોદે પગાર ઘટાડી દીધા છે. કુતિયાણા, ધ્રોલ, ધ્રારી , જોડીયા અને સિહોર એપીએમસીએ તેમના કર્મચારીઓને છૂટા કરવા માંડયા છે.

ગુજરાતમાં કુલ ૩૦૯ એપીએમસી અને તેને સંલગ્ન સંસ્થાઓ છે. તેમાંથી ૪૦થી ૫૦ ટકા એપીએમસીના આર્થિક હાલત અત્યંત ખરાબ થઈ ગઈ છે. હવે ટૂંક સમયમાં જે એપીએમસીના કર્મચારીઓના પગાર બંધ થવાની દહેશત છે

# પુત્રીના લવમૈરેજથી નારાજ માતાનું ચોકીમાં તોફાનઃ જમાઈ ઉપર હુમલો

**અમદાવાદ**

સેટેલાઈટની રામદેવનગર પોલીસ ચોકીમાં લવમેરેજ કરી હાજર થયેલી પુત્રીને ઘરે લઈ જવા માતાએ સગા સાથે મળી ચોકીમાં તોફાન કરતા સેટેલાઈટ પોલીસે ગુનો દાખલ કર્યો છે. મંગળવારે રાત્રે બનેલી ઘટનામાં મહિલાએ જમાઈ પર હુમલો કરી કેસ પેપર ઉછાળ્યા હતા.

સેટેલાઈટના મહિલા કોન્સ્ટેબલ યોગીતાબહેનએ લક્ષ્મીબહેન, સોનલબહેન અને કાંતિભાઈ વિરુદ્ધ પોલીસની ફરજમાં અડચણરૂપ થવા અંગે ફરિયાદ કરી છે. જે મુજબ રામદેવનગર પોલીસ ચોકીમાં ગત તા.30 માર્ચના રોજ ગૂમ થયેલી રોશની લવમેરેજ કરી તેના પતિ ચિરાગ અને સાસુ સાથે પોલીસની તપાસ અંગે નિવેદન આપવા આવી હતી. પુત્રી પોલીસ સમક્ષ હાજર થયાની જાણકારી મળતા લક્ષ્મીબહેન તેમના સગા સાથે પોલીસ ચોકીમાં પહોંચ્યા હતા. પોલીસ રોશનીનું નિવેદન લઈ રહી હતી. દરમિયાન લક્ષ્મીબહેન સહિતના સગાએ જમાઈ અને તેની માતા પર હુમલો કર્યો અને બન્નેને હાથ ખેંચી પોલીસ ચોકીમાંથી બહાર લઈ જવાની કોશીષ કરતા હતા. લક્ષ્મીબહેને પોલીસ કેસના પેપર હવામાં ઉછાળી ધમકી આપી કે,તમે કેવી તપાસ કરો છો, હું જોઉ છું. પોલીસે સમજાવવાનો પ્રયાસ કર્યો પણ કોઈ રસ્તો ના નીકળતા આખરે રોશનીની માતા સહિત ત્રણ જણા વિરૂધ્ધ ગુનો દાખલ કરી કાર્યવાહી કરી હતી.

# આવતા અઠવાડિયે PM મોદી ફરી આવશે ગુજરાત, વિવિધ કાર્યક્રમોમાં આપશે હાજરી

**ગાંધીનગર**

૧૮ થી ૨૦ એપ્રિલ દરમિયાન વડાપ્રધાન ત્રણ દિવસના ગુજરાતના પ્રવાસે આવવાના છે. વડાપ્રધાન ૧૮મી એપ્રિલના રોજ સાંજે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના મહત્વના કમાન્ડ સેન્ટરની મુલાકાત લેવાના છે. વડાપ્રધાન ૧૯મી એપ્રિલે સવારે બનાસકાંઠા જવા રવાના થશે. બનાસકાંઠાના દિયોદરમાં બનાસ ડેરીના પ્લાન્ટના લોકાર્પણના કાર્યક્રમમાં હાજરી આપશે છે. ત્યારબાદ મહિલા પશુપાલકોના સંમેલનને પીએમ મોદી સંબોધન કરવાના છે. ત્યાર બાદ વડાપ્રધાન જામનગર પહોંચશે. જામનગરમાં વિશ્વ આરોગ્ય સંસ્થાના સહયોગથી બનનાર વૈશ્વિક પારંપરિક ઔષધી સંસોધન કેન્દ્રનું ભૂમિપૂજન કરશે. ૨૦મી એપ્રીલે વડાપ્રધાન ગાંધીનગરના મહાત્મા મંદિરમાં હાજરી આપશે.

# ન્યાયતંત્રમાં સામંતશાહી, ભવિષ્યલક્ષી અભિગમ ખૂબ જરૂરીઃ જસ્ટિસ ચંદ્રચુડ

## કેવડિયામાં 'ફ્યુચર ઓફ જસ્ટિસ - ટેકનોલોજી એન્ડ જ્યુડિશીયરી' પર વક્તવ્ય

**અમદાવાદ**

સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિ અને સુપ્રીમ કોર્ટની ઈ-કમિટીના ચેરમેન જસ્ટિસ ડી.વાય. ચંદ્રચુડે કેવડિયામાં સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે યોજાયેલી નેશનલ જ્યુડિશીયલ કોન્ફરન્સમા ગઈકાલે વક્તવ્ય દરમિયાન કહ્યું હતું કે ભારતીય ન્યાયતંત્ર હજુ પણ અનિવાર્યપણે સામંતો જેવું છે. ઉપરની અદાલતોના ન્યાયમૂર્તિઓ જ્યારે જિલ્લમાં આવનારાં હોય ત્યારે જિલ્લાની સરહદ પર જિલ્લા અદાલતોના જજને રાહ જોવી પડે છે.

જસ્ટિસ ચંદ્રચુડે કહ્યું હતું કે ડિસ્ટ્રીક્ટ ઈન્સપેક્શન માટે જિલ્લા અદાલતો પર ખૂબ ભારણ હોય છે. જો હાઈકોર્ટે ઈલેક્ટ્રોનિક રજિસ્ટર દ્વારા ઈન્સપેક્શનની છૂટ આપે તો આ ભારણ ઘણું હળવું કરી શકાય તેમ છે. જસ્ટિસ ચંદ્રચુડે વધુ ઉમેરતા કહ્યું હતું કે ટેકનોલોજી અને માનવ બન્ને એકસરખા જ છે. બન્નેમાં કોઈને કોઈ કમી રહેલી છે અને બન્નેમાં ભૂલ કરવાની શક્યતાઓ રહેલી છે . જો કે તેનો અર્થ જરાં પણ એવો નથી કે આપણે પરફેક્શન તરફ આગળ વધી ન શકીએ.

# 27 વર્ષથી ભાજપનુ શાસન છતા શાળાઓની હાલત ખરાબ : મનીષ સીસોદીયા

**ભાવનગર**

ગુજરાતમાં ૨૭ વર્ષથી ભાજપનુ શાસન છે છતા શાળાઓની હાલત ખરાબ છે તેમ સોમવારે ભાવનગર ખાતે આવેલા દિલ્લીના શિક્ષણ મંત્રીએ જણાવ્યુ હતું. સીસોદીયા સોમવારે સવારે ભાવનગર ખાતે આવ્યા હતાં. આ શિક્ષણ મંત્રીએ ભાવનગર શહેરના હાદાનગર વિસ્તારમાં આવેલ એક સરકારી શાળા અને સિદસર ગામ ખાતે આવેલ એક સરકારી શાળાની મુલાકાત લીધી હતી. જે બાદસિસોદીયાએ જણાવ્યુ હતુ કે, ગુજરાતમાં ૨૭ વર્ષથી ભાજપનુ શાસન છે છતા સરકારી શાળાઓની હાલત ખરાબ છે. ગુજરાતના શિક્ષણ મંત્રી આ શાળાઓની મુલાકાત લે તો તેને રાત્રે ઉઘ પણ ના આવે. શાળાઓના રૂમમાં ગાબડા છે અને ઝાળા જામી ગયા છે.

# કઠલાલમાં જમીનમાં ભાગ માટે પિતાની હત્યા કરનારા દીકરાને આજીવન કેદ

## છીપડીના ખુન કેસમાં ચુકાદો: ૩ વર્ષ અગાઉ પુત્રએ પિતાનું ગળુ દબાવી હત્યા કરી હતી

**નડિયાદ**

કઠલાલ તાલુકાના છીપડી ગામે અર્જુનભાઈ અતાભાઈ બારૈયા રહેતા હતા. તેમનો દિકરો દશરથભાઈ અર્જુનભાઈ બારૈયા અમદાવાદ તાલુકાના દશક્રોઈ જિલ્લાના ભાથીપુરા ગામે રહેતો હતો. છીપડી ગામે આવેલી જમીનના લાગભાગ અને પૈસા બાબતે અવાર નવાર બાપ-દિકરા વચ્ચે ઝઘડા થતા હતા. ગત્ ૨૪.૯.૨૦૧૯ના રોજ અર્જુનભાઈ અને દશરથભાઈ ગામની સીમમાં આવેલ તેમના ખેતરમાં સૂઇ ગયા હતા. તે દરમ્યાન બંને વચ્ચે ફરી વખત જમીન બાબતે ઝઘડો થયો હતો. જેમાં ઉશ્કેરાયેલા દશરથભાઈએ પિતા અર્જુનભાઈનું ગળુ દબાવી હત્યા કરી દીધી હતી. જે દરમ્યાન અર્જુનભાઈને મારતી વખતે બચવા માટે અર્જુનભાઈએ દશરથબાઈના હાથ પકડેલા હોવાથી તેમના હાથના ભાગે નાની મોટી ઈજાઓ પહોંચી હતી. જે મેડીકલ રીપોર્ટમાં બહાર આવતા પોલીસે એ દિશામાં તપાસ કરતા આખો મામલો બહાર આવ્યો હતો અને દશરથભાઈની પિતાની હત્યા બદલ અટકાયત કરી ચાર્જશીટ દાખલ કરી હતી.

આ કેસ કપડવંજ સેશન્સ કોર્ટમા ચાલી જતા વકીલની દલીલો અને ૨૭ જેટલા દસ્તાવેજી પુરાવાઓને ધ્યાને રાખી કોર્ટે આરોપી દશરથભાઈને તકસીરવાન ઠેરવી પિતાની હત્યાના ગુના બદલ આજીવન કેદની સજા ફટકારી છે. આ ઉપરાંત રૂ.૫,૦૦૦નો દંડ અને દંડ ન ભરે તો વધુ ત્રણ માસની સજાનો હૂકમ કર્યો છે.

# કલોલ પંથકમાં વ્યાજખોરો સામે 12 ફરિયાદો : બેમાં FIR દાખલ

**કલોલ**

પોલીસ મથકમાં આજરોજ વ્યાજખોરો સામે લોક દરબાર યોજાયો હતો. જિલ્લા પોલીસ વડાની અધ્યક્ષતામાં યોજાયેલા આ લોક દરબારમાં વ્યાજખોરનો ભોગ બનેલા લોકો હાજર રહ્યા હતા અને જિલ્લા પોલીસ વડાને રજુઆત કરી હતી. જેના અનુસંધાને જિલ્લા પોલીસ વડાએ સ્થળ પર બે વ્યાજખોરો સામે ફરિયાદ દાખલ કરવાનો આદેશ કર્યો હતો. તેમજ બાકી રહેલ અરજીઓ સંદર્ભે તપાસ કરવાની સૂચનાઓ આપી હતી.એસપીએ આ પ્રસંગે વ્યાજખોરોનો ભોગ બનનાર વ્યક્તિઓને આગળ આવી પોલીસ ફરિયાદ કરવા જણાવ્યુ છે. કલોલ શહેર તેમજ ગામડાઓમાં વ્યાજખોરોએ માઝા મુકી છે. જરૂરીયાતવાળા લોકોને નાણાં ધીરી આ વ્યાજખોરો તેમની પાસેથી બેફામ વ્યાજ વસુલી રહ્યા છે. વ્યાજે પૈસા લેનાર લોકો આવા આકરા નિયમો અને પેનલ્ટીઓ વસુલાતા હોવાથી વ્યાજ કે મુડી ચુકવી શકતા નથી અને વ્યાજ ચુકવવા પણ બીજા પાસેથી વ્યાજે પૈસા લેવાનો વખત આવે છે. લોક દરબારમાં વ્યાજખોરોનો ભોગ બનેલા અરજદારોએ રજુઆત કરી હતી. અને વ્યાજખોરોની ચુંગાલમાંથી છોડાવવાની માંગણી કરી હતી. પોલીસ વડાએ જાતે લોકોની રજુઆતો સાંભળી હતી. જે બાદ બે ઘટનામાં એફઆઈઆર દાખલ થઈ હતી.

# બહુમતિ મળવા છતાં ખેડા બેંકમાં ચેરમેન પદની ચૂંટણીમાં ધીરુ ચાવડાની હાર

## ચૂંટણીમાં નોટાનો એક મત પડતા ટાઇ થતી અટકી ગઇ, જયેશ પટેલ એક મતથી વિજયી

**અમદાવાદ**

ખેડા જિલ્લા સહકારી બૅન્કના ચૅરમૅનની ચૂંટણીમાં વરસો સુધી ચૅરમૅન રહેલા ધીરુભાઈ ચાવડાનો એક મતથી પરાજય થયો છે. ભાજપ તરફથી ચેરમેન પદ માટે ચૂંટણી લડેલા જયેશ પટેલનો એક મતથી વિજય થયો હતો. કૉંગ્રેસના સમર્થક મનાતા પાંચ સભ્યએ ધીરુભાઈ ચાવડની વિરુદ્ધમાં મતદાન કરતાં તેમનો પરાજય થયો હતો. આ મતદાનમાં ખેડા જિલ્લા સહકારી બૅન્કના ૧૭ ડિરેક્ટરોએ ભાગ લીધો હતો. તેમાંથી જયેશ પટેલને સાત મત મળ્યા હતા. જ્યારે ધીરુભાઈ ચાવડાના ૬ મત મળ્યા હતા.એક ડિરેક્ટરે બંનેમાંથી એક પણ ચેરમેને નોટાનો આશરો લીધો હતો. ૧૯૪૮ પૂર્વેથી ખેડાના સહકારી ક્ષેત્ર પરનો કોન્ગ્રેસનો દબદબો હતો. વધુ એક સફળતા મેળવ્યા બાદ સહકારિતા સેલના સંયોજક બિપીન પટેલે જણાવ્યું હતું કે હવે એપ્રિલના છેલ્લા અઠવાડિયા કે મે માસના પહેલા અઠવાડિયામાં થનારી ગુજરાત રાજ્ય સહકારી સંઘના ચૅરમૅન અને વાઈસ ચૅરમૅનની ચૂંટણીમાં ભાજપ પોતાના ઉમેદવારને વિજયી બનાવવા સક્રિય બનશે.

# પાદરા રોડની ડ્રામા એક્ટ્રેસ પ્રાચી મૌર્યના હત્યારા વસીમને આજીવન કેદની સજા

## 33 સાક્ષીઓના નિવેદનો અને 100થી વધુ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરાયા

**વડોદરા**

ઓલ્ડ પાદરા રોડ પર રિલાયન્સ મોલ પાછળના ગ્રાઉન્ડમાં ત્રણ વર્ષ પહેલા ડ્રામા આર્ટિસ્ટ પ્રાચી મૌર્યની ગળુ દબાવીને કરાયેલી હત્યાના આરોપી વસીમ મલેકને વડોદરા સેસન્સ કોર્ટે આજીવન કેદની સજા ફટકારી છે.

ઓલ્ડ પાદરા રોડ પર આવેલા ગરબા ગ્રાઉન્ડ પાસેના ઓર્ચિડ બંગ્લોઝમાં રહેતી ૨૫ વર્ષની પ્રાચી મૌર્યએ એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો હતો. પ્રાચી તેની માતા અને નાની બેન સાથે રહેતી હતી પિતા પરિવારથી અલગ થઈ ગયા હતા અને મધ્ય પ્રદેશમાં રહે છે. પરિવારને મદદ કરવા માટે પ્રાચી ટયુશન પણ કરાવતી હતી આ દરમિયાન તેનો પરીચય વસીમ ઉર્ફે અરહાન સિકંદર મલેક (ઉ.૨૪, રહે. ફાતેમા રેસિડેન્સી, ગોરવા) સાથે થયો હતો. પ્રાચી સારી નોકરીની શોધમાં હતી સાથે સાથે મોડેલિંગ પણ કરતી હતી.ઙ૨૪ એપ્રિલ ૨૦૧૯ના રોજ ખંભાત ખાતે નાટકનો શો હોવાથી પ્રાચી સવારે ઘરેથી બેગમાં કપડા, મેકઅપનો સામાન સાથે એક્ટિવા લઈને ચીકુવાડી પહોંચી હતી ત્યાંથી ખાનગી બસમાં નાટકના અન્ય કલાકારો સાથે ખંભાત પહોંચી હતી અને ડ્રામાનો શો પૂર્ણ કરીને રાત્રે એક વાગ્યે વડોદરા પરત ફરી હતી. મોડી રાત હોવાથી એપ્લોઝ સ્ટૂડિયોની સંચાલિકા અપ્સરા અયંગરે અન્ય એક ડ્રામા આર્ટિસ્ટ અંકીત શર્માને પ્રાચીને તેના ઘર સુધી છોડવા સાથે મોકલ્યો હતો. આ સમયે વસીમ બાઇક લઈને આવી પહોંચ્યો હતો જે બાદ વસીમે પ્રાચીને ઓઢણીથી જ પ્રાચીના ગળા ટુંપો આપી પતાવી દીધી હતી. આ કેસમાં 33 સાક્ષીના નિવેદનો અનો દસ્તાવેજી પુરાવાના આધારે કોર્ટે આરોપીને સજા ફટકારી છે.

# હવે WHOના વડાનો પણ રોડ શો! રાજકોટનું સરકારી તંત્ર તૈયારીમાં ગુંથાયું

**રાજકોટ**

WHOના ડાયરેકટર જનરલ ટેડ્રોસ અધાનોમ ઘેબ્રીયેસાસ આગામી સોમવારે રાજકોટ આવી રહ્યા છે. તેમની સાથે મોરેશિયસના વડાપ્રધાન પ્રવિંદ જુગનૌથ પણ આ મુલાકાતમાં જોડાવાના છે. રાજકોટમાં તેમનો દોઢ કલાકનો રોડ શો રાખવામાં આવશે. આજે જિલ્લા કલેકટર કચેરી ખાતે તેના આયોજન માટે મળેલી બેઠકમાં મહાપાલિકા તેમજ તમામ સરકારી વિભાગોના અધિકારીઓ અને મેયર વગેરેએ વિસ્તૃત ચર્ચાઓ કરી હતી. આવા આયોજનમાં પણ ભાજપના પ્રદેશ કક્ષાના નેતા ઉપરાંત સ્થાનિક ભાજપ આગેવાનોને બોલાવવાનું પણ અમલદારો ચૂક્યા નહોતા!

# ગબ્બર પર માં અંબાને ધજા ચઢાવાઈ

## અંબાજીમાં વસતા ઠાકોર સમાજના લોકો ભાવ વિભોર બન્યા

**અંબાજી**



યાત્રાધામ અંબાજીમાં વર્ષોથી રહેતાં ઠાકોર સમાજના લોકો દ્વારા શોભાયાત્રા અંબાજીથી ગબ્બર સુધી કાઢી માંના શિખરે ધજા ચઢાવી હતી. આ પ્રસંગે ભક્તિમય માહોલ સર્જાવા પામ્યો હતો.

અંબાજીમાં દાંતા સ્ટેટ સમયથી રહેતાં ઠાકોર સમાજના લોકો દ્વારા તાજેતરમાં ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ વખતે વિવિધ સમાજો દ્વારા શોભાયાત્રા કાઢી માતાજીને ધજા ચઢાવવામાં આવી હતી.તે મુજબ વહેલી સવારે અંબાજીના ભૈરવજી મંદિરે સૌ એકઠા થયા હતા. અને ત્યારબાદ લાલ ધજાઓ સાથે બોલ માડી અંબે જય જય અંબેના નારાઓ સાથે આ વિશાળ શોભાયાત્રા ગબ્બર પહોંચી હતી. જ્યાં ગબ્બર પર્વત ચઢી માતાજીના શિખરે ધજા ચઢાવવામાં આવી હતી. વર્ષોથી ગબ્બર પર્વત પર માતાજીની પૂજા અર્ચના કરવાની જવાબદારી ઠાકોર સમાજની છે. અને તેઓ ભક્તિભાવ પૂર્ણ માતાજીની સેવા-પૂજા કરી રહ્યા છે.

# વડોદરા: ભાજપના પૂર્વ કોર્પોરેટર દ્વારા ફાયરિંગ કરતો વિડીયો વાયરલ

**વડોદરા**

વડોદરા શહેરના સમા વિસ્તારના માજી કોર્પોરેટર અરવિંદ પ્રજાપતિના મામાના દીકરાના લગ્ન 17મી માર્ચે સમા-સાવલી રોડ સ્થિત પાર્ટી પ્લોટમાં યોજાયા હતા. જ્યાં તેમણે રિવોલ્વરમાંથી હવામાં ફાયરિંગ કર્યું હતું. દરમિયાન તે અંગે નો વિડીયો હવે સોશિયલ મીડિયામાં વાઈરલ થતાં વિવાદ સર્જાયો છે. આ સાથે તેમના દારૂની પાર્ટી કરતા હોય તેવા જુના ફોટો પણ વાઇરલ થતાં અનેક સવાલો ઉભા થયા છે. અગાઉ અરવિંદ પ્રજાપતિ ને લોકડાઉન સમયે પોલીસે લાકડી ફટકારી હતી. તેનો વિડીયો પણ વાયરલ થયો હતો. ત્યારબાદ કોર્પોરેટર ધર્મેશ પટણીએ મંદિરમાં અપશબ્દો બોલતા પુજારીએ મંદિરનું શુદ્ધિકરણ કર્યું હતું.

# પાલનપુર તાલુકાના ખેડૂતો તેમજ મહિલાઓનું રેલી સાથે જળઆંદોલન

**પાલનપુર**

પાલનપુર તાલુકાના સૌથી મોટા મલાણા ગામના તળાવમાં પાણી નાખવા માટે જન આંદોલન ઉગ્ર બની રહ્યું છે. જેમાં અગાઉ પાલનપુર ખાતે વિશાળ ખેડૂત રેલી યોજાયા બાદ પણ પાણીની માંગ સંતોષવામાં ન આવતા મહિલાઓ રસ્તા પર ઉતરી આવી પાલનપુરમાં મહિલાઓએ વિશાળ રેલી યોજી હતી. જળ સંકટનો સામનો કરી રહેલા બનાસકાંઠા જિલ્લામાં પાલનપુર તાલુકાના મલાણા પંથકમાં ઉનાળામાં સિંચાઈ તેમજ પીવાના પાણીની જટિલ સમસ્યા સર્જાતાં ખેડૂતો અને પશુપાલકો મુશ્કેલીમાં મુકાયા છે. જોકે પાણીના અભાવે ખેતી અને પશુઓનો નિભાવ મુશ્કેલ બનતા તાલુકાના સૌથી મોટા મલાણાના તળાવમાં પાણી નાખવા અગાઉ વિશાળ ખેડૂત રેલી યોજવામાં આવી હતી. તેમ છતાં કોઈ કાર્યવાહી ન થતા મલાણા પંથકની ચાર હજાર જેટલી મહિલાઓ અને ચાર હજાર ખેડૂતો દ્વારા બુધવારે પાલનપુર ખાતે બેનરો સાથે ત્રણ કિલોમીટર પગપાળા રેલી યોજવામાં આવી હતી અને જિલ્લા કલેકટરને આવેદનપત્ર અપાયું હતું.

# કૉંગ્રેસને ફટકો, સૌરાષ્ટ્રના 2 દિગ્ગજ નેતાઓ સત્તાવાર રીતે AAPમાં જોડાયા

**અમદાવાદ**

વર્ષના અંતમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણી પહેલા જ પક્ષપલટાની મોસમ ચાલુ થઈ ગઈ છે. આ બધા વચ્ચે સૌરાષ્ટ્રના 2 દિગ્ગજ નેતાઓ ઈન્દ્રનીલ રાજગુરૂ અને વશરામ સાગઠીયા આપમાં જોડાયા તેથી કોંગ્રેસને ભારે મોટો ફટકો પડશે. ઉલ્લેખનીય છે કે, ઈન્દ્રનીલ રાજગુરૂને મનાવવા માટે કોંગ્રેસ દ્વારા અનેક પ્રયત્નો કરવામાં આવ્યા હતા. શક્તિસિંહ ગોહિલની નજીકના ગણાતા ઈન્દ્રનીલ રાજગુરૂએ 2017માં તત્કાલીન મુખ્યમંત્રી વિજય રૂપાણીને રાજકોટ વિધાનસભા બેઠક પર સીધો પડકાર ફેંક્યો હતો.

અગાઉ અરવિંદ કેજરીવાલના ગુજરાત પ્રવાસ વખતે જ ઈન્દ્રનીલ રાજગુરૂ અને વશરામ સાગઠીયા બંને આપમાં જોડાશે તેવા સમાચાર વહેતા થયા હતા.

# વડોદરામાં કમાટી બાગ ઝૂમાં ત્રણ વર્ષમાં 196 પશુ-પંખીઓના મોત

**વડોદરા**

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકના કમાટી બાગ ઝૂમાં છેલ્લા ત્રણ વર્ષમાં 196 પશુ-પંખીઓ અને જળચર જીવોના કુદરતી અથવા વિવિધ રોગના કારણે મોત થયા હોવાની વિગતો આરટીઆઈ હેઠળ બહાર આવી છે. હજુ તાજેતરમાં જ 13 સાબરના એફ એમ ડી વી એટલે કે ફુટ એન્ડ માઉથ ડિસીઝ વાયરસ થી મોત થયા હતા.કમાટી બાગ ઝૂમાં છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન ખાસ કરીને વર્ષ 2019-20 દરમ્યાન વધુ વરસાદ વરસતા પૂરના કારણે 20 પંખીના મૃત્યુ થયા હતા અને જ્યારે અંદરો અંદર ઝગડવા ના કારણે પણ અસંખ્ય પશુ પંખીના મોત નિપજ્યા છે. આરટીઆઈ એક્ટિવિસ્ટને માહિતી અધિકાર અધિનિયમ મુજબ પ્રાણી સંગ્રહાલયના સત્તાધીશોએ આપેલી વિગતો અનુસાર કમાટી બાગ ઝૂમાં તારીખ 1 એપ્રિલ 2019 થી 31 માર્ચ 2022 દરમિયાન 196 પશુ પંખીના મોત નિપજ્યા છે. વર્ષ 2019-20 દરમ્યાન 71 પશુ-પંખી, વર્ષ 2020-21 દરમ્યાન 59 પશુ-પંખી અને વર્ષ 20 21-22 દરમ્યાન 66 પશુ પંખીના મોત થયા છે.

# નીતિ આયોગના સ્ટેટ એનર્જી એન્ડ ક્લાયમેટ ઈન્ડેક્સમાં ગુજરાત પ્રથમ

### કેરળ બીજા, પંજાબ ત્રીજા ક્રમે, નાના રાજ્યોમાં ગોવા પ્રથમ, ત્રિપુરા બીજા, મણિપુર ત્રીજુ

**નવી દિલ્હી**

નીતિ આયોગના સ્ટેટ એનર્જી એન્ડ કલાયમેટ ઈન્ડેક્સ(એઈસીઆઈ) રાઉન્ડ ૧ના મોટા રાજ્યોમાં ગુજરાત પ્રથમ ક્રમે રહ્યું છે. આ ઈન્ડેક્સનો ઉદ્દેશ છ માનકો પર રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોના દેખાવના આધારે રેન્કિંગ કરવાનું છે. જેમાં વીજ વિતરણ કંપનીઓની કામગીરી, ઉર્જાની અસરકારકતા અને પર્યાવરણનું રક્ષણ સામેલ છે.




નીતિ આયોગના અહેવાલ પછી ગુજરાત પછી કેરળ અને પંજાબનો નંબર આવે છે. આ યાદીમાં છત્તીસગઢ, મધ્ય પ્રદેશ અને ઝારખંડ સૌથી છેલ્લે છે. નાના રાજ્યોમાં ગોવા પ્રથમ ક્રમે છે. ત્યારબાદ ત્રિપુરા અને મણિપુરનો નંબર આવે છે. એસઈસીઆઈ રાઉન્ડ ૧નો ઉદ્દેશ છ માપદંડોને આધારે રાજ્યોને ક્રમ આપવાનો છે. આ છ માપદંડોમાં વીજ વિતરણ કંપનીઓનો દેખાવ, ઉર્જાની પહોંચ, સ્વચ્છ ઉર્જા પહેલ, ઉર્જા દક્ષતા, પર્યાવરણનું સંરક્ષણ અને નવી પહેલ સામેલ છે. રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશો આ ઈન્ડેક્સમાં પોતાના ક્રમના આધારે વધુ સારી નીતિ વ્યવસ્થાનો વિકાસ કરી શકશે. કેન્દ્ર શાસિત પ્રદેશોમાં ચંડીગઢ પ્રથમ ક્રમે છે. ત્યારબાદ દિલ્હી, દીવ-દમણ-દાદરાનગર હવેલીનો ક્રમ આવે છે.

# ઓઈલ ઈન્ડિયા લિ. પર સાયબર એટેક, 57 કરોડની ખંડણી માગી

**નવી દિલ્હી**

ભારતની જાહેર ક્ષેત્રની ઓઈલ ઈન્ડિયા લિમિટેડ પર સાયબર એટેક થયો છે અને હેકરોએ ૭૫,૦૦,૦૦૦ યુએસ ડોલરની ખંડણી માગી છે. ભારતીય ચલણમાં આ રકમ રૂ. ૫૭ કરોડ જેટલી થાય છે. ઓઈલ ઈન્ડિયાના અસમમાં આવેલા હેડક્વાર્ટર પર રેનસમવેર વાયરસથી સાયબર એટેક કર્યો છે. હેકરોએ કંપનીની આઈટી સિસ્ટમ અને કોમ્પ્યુટર પર સાયબર એટેક કરીને તેને હેક કરી લીધા છે અને તેને મુક્ત કરવામાં માટે રૂ. ૫૭ કરોડની ખંડણી માગી છે. સાયબર અપરાધીઓએ આ રકમ બિટકોઈનમા ચૂકવવાની શરત મૂકી છે.

કંપનીએ જણાવ્યુ કે, આ એટેક ૧૦ એપ્રિલ, ૨૦૨૨ના રોજ જિયોલોજિકલ અને રિઝરવાયર ડિપાર્ટમેન્ટ પર કરાયો હતો, પરંતુ તેની જાણકારી આઈટી વિભાગે મંગળવારે આપી હતી. હેકરોએ કંપનીના નેટવર્ક, સર્વર અને ક્લાઈન્ટના કોમ્પ્યુટરને પણ નુકસાન પહોંચાડયુ છે.

કંપનીના મેનેજર (સિક્યોરિટી) સચિવ કુમારે જણાવ્યુ કે, ઓઈલ ઈન્ડિયા એ સાયબર એટેક થવા અંગે અસમના દુલિયાજાન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કર્યા બાદ ઈન્ડિયન પિનલ કોડ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટ-૨૦૦૦ની વિવિધ કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે.

# બંગાળમાં 14 વર્ષની બાળકી પર ગેંગરેપ બાદ હત્યા કરાઈ

### તૃણમૂલ કોંગ્રેસના નેતાના પુત્રનું નામ પણ સામે આવ્યું

**કોલકાતા**

પ. બંગાળના નાદિયા જિલ્લામાં ૧૪ વર્ષની બાળકી પર ગેંગરેપ કર્યા પછી હત્યા કરાઈ હોવાનો કેસ સામે આવ્યો છે જેમાં તૃણમૂલ કોંગ્રેસના નેતાના પુત્રનું નામ પણ મુખ્યતઃ આવ્યું છે. આ અંગે આરોપીની પૂછપરછ ચાલે છે જ્યારે પીડિતાના પરિવાર જનોએ તે યુવકના સગા- સંબંધીઓ દ્વારા પોલીસ ઉપર દબાણ કરવાના પણ આક્ષેપો કર્યા છે. આથી આ કેસની તપાસ હવે સીબીઆઈને સોંપવા અરજી કરવામાં આવી છે. ટીએમસીએ નેતા સમર ગ્વાલાના ૨૧ વર્ષના પુત્ર વૃજગોપાલ ગ્વાલાને કસ્ટડીમા લેવામાં આવ્યો છે. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ કહ્યું હતું કે, 'આ ઘટના પછી સાત દિવસે ફરિયાદ મળી તે પછી કેસ દાખલ કરાયો તે છોકરીના કુટુંબીજનોએ તો તેના મૃતદેહના અગ્નિસંસ્કાર પણ કરી નાખ્યા છે અમે તે યુવકની પૂછપરછ કરી રહ્યા છીએ પીડિતાના કુટુંબીજનોનું કહેવું છે કે, વૃજગોપાલે ૪ એપ્રિલના દિવસે પોતાની જન્મદિનની પાર્ટીમાં છોકરીને બોલાવી હતી તે પાર્ટીમાં તેના મિત્રો શરાબ પીને સામુહિક બળાત્કાર કર્યો હતો.

# ગુટકા વેપારીના ત્યાં ITનો દરોડો: બેડ બોક્સમાંથી 6.31 કરોડ રૂપિયા મળ્યા

### ગણતરી માટે સ્ટેટ બેંકના કર્મચારીઓ 3 મશીન અને મોટા-મોટા ટ્રંક લઈને આવ્યા હતા

**હમીરપુર**

ઉત્તર પ્રદેશના હમીરપુર ખાતે ગત 12 એપ્રિલના રોજ સેન્ટ્રલ ગુડ્સ સર્વિસ ટેક્સ વિભાગની ટીમે એક ગુટકાના વેપારીના ત્યાં દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન ગુટકાના વેપારીના ત્યાંથી 6 કરોડ 31 લાખ 11 હજાર 800 રૂપિયા મળી આવ્યા હતા. ખાસ વાત એ છે કે, ગુટકાના વેપારીએ આ રોકડ રકમ બેક બોક્સની અંદર મુકી હતી.

આ પૈસાની ગણતરી માટે સ્ટેટ બેંકના કર્મચારીઓ 3 મશીન અને મોટા-મોટા ટ્રંક લઈને આવ્યા હતા. આશરે 18 કલાક સુધી ચાલેલી ગણતરી બાદ તે રૂપિયા ટ્રંકમાં ભરીને લઈ જવામાં આવ્યા હતા. ટીમની સાથે આવેલા ડેપ્યુટી કમિશનરે આ મામલે કશું પણ બોલવાની મનાઈ



કરી દીધી હતી. તેમણે ફક્ત એટલું જ જણાવ્યું હતું કે, જોઈન્ટ કમિશનરે સર્ચ વોરન્ટ આપ્યું હતું અને તેના પર આ કાર્યવાહી કરવામાં આવી છે.

# જલિયાંવાલા બાગ હત્યાકાંડના શહીદોને PM નરેન્દ્ર મોદીએ શ્રદ્ધાંજલી અર્પિત કરી

### શહિદોની અસામાન્ય વીરતા અને બલિદાન આગામી પેઢીઓ માટે આદર્શ બનશે : મોદી

**નવી દિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૯૧૯માં અમૃતસરના જલિયાંવાલા બાગમાં થયેલા હત્યાકાંડમાં માર્યા ગયેલ શહીદોને શ્રધ્ધાંજલી અર્પતા કહ્યું હતું કે તેઓની અસામાન્ય વીરતા અને બલિદાન આગામી પેઢીઓ માટે આદર્શરૂપ બની રહેશે.



તે સર્વવિદિત છે કે સંસ્થાનવાદી બ્રિટિશ સરકારે પસાર કરેલા રોલેર-એક્ટ દ્વારા સરકારને અસાધારણ સત્તા આપવામાં આવી હતી, જે ભારતની જનતાને ગૂંગળાવનારી હતી. તેનો શાંતિમય રીતે વિરોધ કરવા સેંકડો લોકો જલિયાંવાલા બાગમાં એકત્રિત થયા હતા. તેમની ઉપર ગોળીબાર કરવા બ્રિગેડીયર જનરલ ઓ'ડાયરે હુકમો આપતાં સેંકડો નાગરિકો મૃત્યુને ભેટયા હતા, પરંતુ તેઓએ આ પૂર્વે આપેલા હુકમનો સ્પષ્ટ અનાદર કરી તે વિસ્તાર છોડવા ઈન્કાર કરી દીધો હતો. તેથી ઓ'ડાયરે fire નો હુકમ આપ્યો. પરંતુ ભારતીયો ડરયા નહીં. સામી છાતીએ સેંકડો નિઃશસ્ત્રોએ ડરીને નમી જવા કરતાં મૃત્યુ વ્હાલુ ગણ્યું હતું.

# નમાઝ પછી જામીયા મસ્જિદમાં દેશ વિરોધી નારા : 13 પકડાયા

### જામીયા મસ્જિદની ઇન્તેજામીયા કમિટિના સ્વયંસેવકો નારેબાજી રોકવા જતાં બંને જૂથો વચ્ચે જીભાજોડી

**શ્રીનગર**

શ્રીનગરમાં ગત શુક્રવારે જુમ્માની નમાઝ પછી જામીયા મસ્જિદની અંદર જ દેશ વિરોધી અને ભડકાઉ નારેબાજી થઈ હતી. પોલીસે તે અંગે કુલ ૧૩ શખ્સોની શનિવારે ધરપકડ કરી હતી. પોલીસે તેમ પણ જણાવ્યું હતું કે, જામા મસ્જિદમાં કેટલાક લોકોએ આ નારાબાજી શરૂ કરી ત્યારે મોટા ભાગના લોકો તો તેનાથી દૂર રહ્યા હતા. તો બીજી તરફ જામીયા મસ્જિદના ઈન્તેજામીયા કમીટીના સ્વયંસેવકોએ તેને રોકવાનો પ્રયત્ન કરતા તે સ્વયંસેવકો અને નારા લગાવનારાઓ વચ્ચે ભારે જીભાજોડી થઈ હતી. આ સ્વયંસેવકોએ કહ્યું કે ગુંડાગર્દી તો ચલાવી લેવાશે જ નહીં. આ પછી આ સ્વયંસેવકોએ તે ગુંડાઓને મસ્જિદની બહાર કાઢી મૂક્યા હતા. મસ્જિદના દરવાજા બહાર કાઢી મૂક્યા તે પછી તે ગુંડાઓએ દરવાજાની બહાર નારાબાજી શરૂ કરી, ભડકાઉ સૂત્રોચ્ચારો પણ કર્યા હતા.

# એક પાર્ટી દેશમાં કોમી એખલાસ ડહોળવાનું કામ કરી રહી છે : ગેહલોત

**નવી દિલ્હી**

રામ નવમીના દિવસે થયેલ હિંસાને લઈને ભારતીય જનતા પાર્ટીએ ન્યાય યાત્રા નિકાળવાનું એલાન કર્યું છે. ન્યાય યાત્રાની પહેલાં ભારતીય જનતા યુવા મોર્ચાનાં રાષ્ટ્રીય અધ્યક્ષ તેજસ્વી સૂર્યાને રાજસ્થાન પોલીસે ધરપકડ કરી છે. બીજેપી પર મુખ્યમંત્રી અશોક ગેહલોતે પલટવાર કર્યું છે. અશોક ગેહલોતે કહ્યું કે, BJPની સરકાર છે ત્યાં રામનવમીનાં પાવન દિવસે પણ દંગા થયા, રાજસ્થાનમાં બધા સમુદાયનાં લોકોએ મળીને રામનવમીનો આ તહેવારની દામધુમથી ઉજવણી કરી હતી. જો રાજસ્થાનમાં કોઈએ કંઈ પણ કર્યું તો તેનાં વિરુદ્ધ કડક પગલાં લેવામાં આવશે. પછી તે ગમે તે પાર્ટી અથવા વર્ગથી સંબંધ રાખતો હશે.

### ચિંતન શિબિર પહેલાં CWCની બેઠક યોજાશે

# પાંચ રાજ્યોમાં પછડાટ પછી હવે કોંગ્રેસ નવી રણનીતિની શોધમાં

**નવી દિલ્હી**

દેશના પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીઓમાં મળેલી પછડાટ પછી ભવિષ્યની રણનીતિ તૈયાર કરવા કોંગ્રેસ નેતાગીરી ચિંતન- શિબિર યોજવા જઈ રહી છે. આ પહેલા પાર્ટીના હાઈકમાન્ડ તરફથી કોંગ્રેસ વર્કિંગ કમિટી બેઠક બોલાવાશે. ગઈ વર્કિંગ કમિટીની બેઠકમાં ચૂંટણી રાજનીતિ ઘડવા માટે ચિંતન શિબિર યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પાર્ટીના એક વરિષ્ઠ પદાધિકારીએ કહ્યું કે, અમે તારીખો નિશ્ચિત કરવાની પ્રક્રિયામાં છીએ આ ઉપરાંત ચિંતન શિબિરમાં જે મુદ્દાઓ ધ્યાન પર લેવા જેવા લાગે તે વિષે પણ ચર્ચા ચાલે છે. ચિંતન શિબિરની તૈયારી અંગે પહેલાં પણ કેટલીયે બેઠકો થઈ ચૂકી છે. કોંગ્રેસના વોર-રૂમમાં મંગળવારે યોજાયેલી બેઠકમાં પક્ષના વરિષ્ઠ નેતાગણ અંબિકા સોની, જયરામ રમેશ, મુકુલ વાસનિક અને પક્ષના મહામંત્રી કે.સી. વેણુગોપાલે ચિંતન શિબિરની તૈયારીઓ અંગે ચર્ચા કરી હતી.

# આગામી 15 વર્ષમાં ભારત ફરી બનશે અખંડ રાષ્ટ્ર : મોહન ભાગવત

**નવી દિલ્હી**

આરએસએસના સર સંઘચાલક મોહન ભાગવતે ૧૫ વર્ષમાં ભારત એક સંયુક્ત રાષ્ટ્ર બનવાની કલ્પના કરી છે. હરિદ્વારમાં તેમના પ્રવાસ દરમિયાન તેમણે જણાવ્યું છે કે સનાતન ધર્મ એ હિંદુ રાષ્ટ્ર છે. ભારત ૧૫ વર્ષમાં ફરી અખંડ ભારત બનશે અને આ બધું આપણે પોતાની આંખોથી જોઈશું. તેમણે જણાવ્યું કે અમે માત્ર અહિંસાની વાત કરીશું, પરંતુ આ વાત હાથમાં લાકડી લઈને કહીશું. આપણા મનમાં કોઈ દ્વેષ, દુશ્મની નથી, પણ દુનિયા માત્ર શક્તિને જ માનતી હોય તો આપણે શું કરીએ? આરએસએસના વડાએ કહ્યું કે સનાતન ધર્મનો વિરોધ કરનારા કહેવાતા લોકોનો પણ તેમાં સહયોગ છે.

# સતત ત્રીજા દિવસે દેશમાં 1000થી વધુ કોરોનાના કેસ : એક્ટિવ કેસ વધી 11,058

## નોઇડા સ્થિત ગૌતમ બુદ્ધનગરમાં 15 બાળકો સહિત કુલ 44 લોકોના કોરોના ટેસ્ટ પોઝિટિવ

**નવી દિલ્હી**

ભારતમાં કોરોનાના નવા ૧૦૦૭ કેસ નોંધવામાં આવ્યા હતાં. આ સાથે જ દેશમાં કોરોનાના કુલ કેસોની સંખ્યા વધીને ૪,૩૦,૩૯,૦૨૩ થઇ ગઇ છે. દેશમાં એક્ટિવ કેસોની સંખ્યા વધીને ૧૧૦૫૮ થઇ ગઇ છે તેમ કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા આ દરમિયાન ઉત્તર પ્રદેશના નોઇડા સ્થિત ગૌતમ બુદ્ધનગરમાં ૧૫ બાળકો સહિત કુલ ૪૪ લોકોના કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યાછે. જિલ્લામાં એક્ટિવ કેસોની સંખ્યા ૧૦૦ને પાર થઇને ૧૨૧ થઇ



ગઇ છે. જારી કરાયેલા આંકડામાં જણાવવામાં આવ્યું છે. મહારાષ્ટ્રમાં કોરોનાથી વધુ એક વ્યકિતનું મોત થતાં કોરોનાનો કુલ મૃત્યુઆંક વધીને ૫,૨૧,૭૩૭ થઇ ગયો છે. દિલ્હીની કેટલીક શાળાઓમાં કેટલાક વિદ્યાર્થીઓના કોરોના રિપોર્ટ પોઝિટીવ આવ્યા પછી દિલ્હી સરકારે કોરોના માટેની નવી એડવાઈઝરી જાહેર કરી છે. આ એડવાઈઝરીમાં જણાવવામાં આવ્યું છે કે જો કોઈ પણ વિદ્યાર્થીનો કોરોના ટેસ્ટ પોઝિટીવ આવે તો સમગ્ર શાળા અથવા તો સમગ્ર વિંગ થોડાક સમય માટે બંધ રાખવાની સૂચના આપવામાં આવી છે. આ ગાઈડલાઈનમાં શાળાના વિદ્યાર્થીઓ અને સ્ટાફને ફરજિયાતપણે માસ્ક પહેરવા અને સોશિયલ ડિસ્ટન્સ જાળવવાના નિર્દેશ આપવામાં આવ્યા છે.

# મધ્યપ્રદેશના ખરગોનમાં કર્ફ્યુ વચ્ચે વાહનો ફૂંકાયા, 95 લોકોની ધરપકડ

## 4 વિસ્તારોમાં 16 મકાનો અને 29 દુકાનો તોડી પડાઇ

**ખરગોન**

મધ્યપ્રદેશના ખરગોનમાં રામનવમીની શોભાયાત્રા પર થયેલા પથ્થરમારા બાદ મધ્યપ્રદેશ પ્રશાસન દ્વારા કરવામાં આવેલી બુલડોઝર કાર્યવાહીથી રાજ્ય સરકાર ઘેરાઈ ગઈ છે. દરમિયાન, એવું પણ સામે આવ્યું છે કે સોમવારે ગેરકાયદે બાંધકામો તરીકે તોડી પાડવામાં આવેલા ખરગોનમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ એક ઘર બનાવવામાં આવ્યું હતું. ખરગોનમાં રામ નવમીની શોભાયાત્રા દરમિયાન પથ્થરમારો થયો હતો. જેમાં એસપી સિદ્ધાર્થ ચૌધરી સહિત લગભગ બે ડઝન લોકો ઘાયલ થયા હતા. આ મામલે કાર્યવાહી કરીને એમપી પ્રશાસને યુપીની જેમ બુલડોઝરની કાર્યવાહી કરી હતી અને અનેક મકાનો અને દુકાનો તોડી પાડી હતી. તેઓ પથ્થરમારો કરનારા આરોપીઓ સાથે સંબંધિત હોવાનું કહેવાય છે. રવિવારે ખરગોનમાં હિંસા થઈ હતી. આ પછી, જિલ્લા પ્રશાસને ખરગોનના ચાર વિસ્તારોમાં 16 મકાનો અને 29 દુકાનોને ગેરકાયદેસર વ્યવસાય તરીકે તોડી પાડ્યા હતા. જેમાં 12 મકાનો ખાસાવાડી વિસ્તારમાં હતા. જે બાદ કરફ્યૂ વચ્ચે અનેક વાહનો સળગાવી દેવાયા હતા. આ મામલે ૯૫ની ધરપકડ કરાઈ હતી.

# સમગ્ર દેશમાં કોલસાનું સંકટ અનેક રાજ્યોમાં વીજકાપ શરૂ

**મુંબઈ**

દેશમાં કોલસાનું સંકટ હજુ તોળાઇ રહ્યું છે. ઘણી કોલસા ખાણોમાં હાલ ઉત્પાદન છેલ્લા ૭ વર્ષની તુલનામાં સૌથી નીચા સ્તરે છે. જ્યારે કાળઝાળ ગરમીને કારણે વીજળીના વપરાશમાં ભારે વધારો થઇ રહ્યો છે. કોરોના સંકટ બાદ ઉદ્યોગોને પણ ઉત્પાદન વધારવા અને પાછલા નુકસાનની ભરપાઇ માટે વધારે વીજળીની જરૂર છે. આ સ્થિતિને જોતા આશંકા છે કે, દેશના અનેક રાજ્યોમાં કલાકોના વીજ કાપનો તબક્કો પરત ફરી શકે છે.

આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ, આંધ્ર પ્રદેશ, કર્ણાટક, બિહાર, મધ્ય પ્રદેશ, ઝારખંડ, પંજાબ, હરિયાણા, રાજસ્થાન, તેલંગણા અને ઉત્તર પ્રદેશમાં તો વીજકાપનો શિરસ્તો શરૂ થઇ ગયો છે.

દેશના સૌથી મોટા ઔદ્યોગિક રાજ્ય મહારાષ્ટ્ર તો ફરજિયાત વીજકાપ લાગુ કરવાની નજીક પહોંચી ગયું છે. જ્યારે ગુજરાત અને તામિલનાડુ જેવાં રાજ્યોએ પોતાની વીજ કંપનીઓને મોંઘી કિંમતે અન્ય રાજ્યો પાસેથી વીજળી ખરીદવાની મંજૂરી આપી દીધી છે. જેથી કરીને વીજકાપથી બચી શકાય.

### મહારાષ્ટ્રમાં 2500 મેગાવોટની અછત

વીજળીની માગ અને સપ્લાય વચ્ચે 2500 મેગાવોટનો ફરક છે. તે બાદ રાજ્ય વીજ વિતરણ કંપની ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં સમાનરૂપે ફરજિયાત વીજકાપ લાગુ કરી રહી છે. રાજ્ય ઊર્જા નિયામક પંચને વીજ કાપની યોજના બનાવીને મોકલાઇ છે. જેને મંજૂરી મળતા જ વીજકાપ શરૂ થઇ જશે.

**આંધ્રમાં 8.7 ટકા કમી, ઉદ્યોગોને માત્ર 50 ટકા વીજ સપ્લાય :** આંધ્રપ્રદેશના હાલ પણ મહારાષ્ટ્ર જેવા જ છે, ત્યાં વીજળીની માગ અને સપ્લાયમાં 8.7 ટકાની કમી છે. તેનાથી ઉદ્યોગોને તેમની જરૂરિયાતની તુલનામાં 50 ટકા જ વીજળીનો પૂરવઠો મળી રહ્યો છે. રાજ્યના આંતરિક વિસ્તારોમાં કલાકો સુધી વીજ કાપ થઇ રહ્યો છે. તેના કારણે રોષે ભરાયેલી જનતા વિરોધ પ્રદર્શન કરવા રસ્તા પર ઊતરી રહી છે. જોકે, તેમ છતાં સીએમ રેડ્ડીએ આ સ્થિતિને અસ્થાયી ગણાવી છે.

**ઝારખંડ, બિહાર, હરિયાણા, ઉત્તરાખંડમાં 3 ટકા અછત :** સરકારના આંકડા અનુસાર, ઝારખંડ, બિહાર, હરિયાણા અને ઉત્તરાખંડમાં હાલ વીજળીની માગની તુલનામાં સપ્લાયમાં 3 ટકા કમી જોવા મળી રહી છે. જ્યારે કેન્દ્રીય ઊર્જા મંત્રાલયનો અંદાજ છે કે, દેશના કુલ ઊર્જા ઉત્પાદનમાં માર્ચ-2023 સુધીમાં 15.2 ટકાનો વધારો થઇ શકે છે. જ્યારે તેની સરખામણીમાં વીજળીની માગ છેલ્લા 38 વર્ષની તુલનામાં સૌથી વધારે ઝડપથી વધી શકે છે. એટલે કે સમસ્યા પૂર્વવત રહેવાની છે.

# અલવરમાં બસ અને ટ્રેક્ટર અથડાતા 3ના મોત, અનેક ઘાયલ

**જયપુર**

અલવર-જયપુર રોડ પર સરિસ્કા પાસે કુશાલગઢમાં રોડવેઝ બસ અને ટ્રેક્ટર ટ્રોલી સામસામે અથડાઈ હતી. બંને વાહનોને ભારે નુકસાન થયું હતું. રોડવેઝ બસમાં બેઠેલા ત્રણ લોકોના મોત થયા હતા, જ્યારે 20 લોકો ઘાયલ હોવાનું કહેવાય છે. તમામ મૃતકો અને ઘાયલોને અલવરની રાજીવ ગાંધી જનરલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા છે. હોસ્પિટલમાં ભયનો માહોલ છે. સમગ્ર વહીવટી તંત્ર હોસ્પિટલમાં હાજર છે સરિસ્કા નજીક કુશાલગઢ પાસે રોડવેઝની બસ અને ટ્રેક્ટરની ટક્કર થઈ હતી જેમાં એક ડઝન લોકો ઘાયલ થયા હતા.

# અખિલેશ સામે શિવપાલ અને આઝમખાન હાથ મિલાવી શકે

**લખનઉ**

યુપીમાં વિધાનસભાની ચૂંટણી બાદ સમાજવાદી પાર્ટીમાં આંતરિક ઘમાસાણ ચાલી રહ્યુ છે. એક તરફ અખિલેશ યાદવથી તેમના કાકા શિવપાલ યાદવ નારાજ છે ત્યારે પાર્ટીનો મુસ્લિમ ચહેરો મનાતા આઝમ ખાન પણ અખિલેશથી નારાજ હોવાની ચર્ચા શરૂ થઈ છે. જોકે આઝમ ખાને સત્તાવાર રીતે તો કોઈ એવુ નિવેદન આપ્યુ નથી પણ તેમના મીડિયા પ્રભારી એક પછી એક નિવેદનો આપી રહ્યા છે અને તેને આઝમ ખાનનુ સમર્થન હોવાનું કહેવાય છે.

દરમિયાન શિવપાલ યાદવ અને આઝમ ખાન હાથ મિલાવે તેવી શકયતાઓ દેખાઈ રહી છે. આ પહેલા શિવપાલ યાદવ સિતાપુર જેલમાં જઈને આઝમખાનને મળી ચુકયા છે. એવી ચર્ચા ચાલે છે કે, આઝમખાનના સમર્થકો ઈચ્છી રહ્યા છે કે, વિધાનસભામાં સમાજવાદી પાર્ટીના નેતા પ્રતિપક્ષ તરીકે આઝમખાનની વરણી કરવામાં આવે. કારણકે મુસ્લિમોએ ચૂંટણીમાં સમાજવાદી પાર્ટીની તરફેણમાં એક તરફી વોટિંગ કર્યુ છે. બીજી તરફ શિવપાલ યાદવને લાગી રહ્યુ છે કે, આઝમ ખાન સાથે રહેવામાં રાજકીય રીતે ફાયદો છે. એટલે તેઓ ભાજપમાં જોડાવાની ઉતાવળમાં નથી.

# આંધ્રમાં લેબમાં આગ લાગતાં 6 લોકોનાં મોત, 11 ઈજાગ્રસ્ત

**ગોદાવરી**

આંધ્ર પ્રદેશના પશ્ચિમ ગોદાવરી જિલ્લાના અક્કીરેડ્ડીગુડેમમાં બુધવારે મોડી રાત્રે એક કેમિકલ મેન્યુફેક્ચરિંગ યુનિટમાં મોટી દુર્ઘટના બની છે, આ ઘટનામાં ભીષણ આગ ફાટી નીકળી હતી, જેમાં ૬ લોકોના કમકમાટીભર્યા મોત થયા. કેમિકલ મેન્યુફેક્ચરિંગ યુનિટમાં થયેલા આ અકસ્માતમાં ૧૧ લોકો ગંભીર રીતે ઘાયલ હોવાનું પણ જાણવા મળી રહ્યું છે. જેમને સારવાર અર્થે વિજયવાડાની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ ઘટનાની મળતી માહિતી પ્રમાણે વિકરાળ આગે કેમિકલ ફેક્ટરીના બે માળને પોતાની લપેટમાં લઈ લીધા હતા, જ્યાં ૧૭ કામદારો કામ કરી રહ્યા હતા. કહેવામાં આવી રહ્યું છે કે અકસ્માતમાં મૃત્યુ પામેલા મોટાભાગના લોકો બિહારના રહેવાસી હતા અને પશ્ચિમ ગોદાવરી જિલ્લાના અક્કીરેડ્ડીગુડેમ સ્થિત પોરસ લેબ્સ પ્રાઈવેટ લિમિટેડમાં નાઈટ શિફ્ટમાં કામ કરતા હતા. વેસ્ટ ગોદાવરી જિલ્લાના એસપી રાહુલ દેવ શર્માએ જણાવ્યું છે કે, 'પોરસ કેમિકલ ફેક્ટરીમાં બુધવારે ભીષણ આગ ફાટી નીકળી હતી, જ્યાં પોલીમર બનાવવાનું કામ કરવામાં આવે છે. આગ લાગવાનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી.

# તિરૂપતિ બાલાજી મંદિરે નાસભાગ થતા 3 શ્રદ્ધાળુઓ ઘાયલ

**નવી દિલ્હી**

આંધ્ર પ્રદેશના ચિત્તૂર જિલ્લાના તિરુમાલા વેંકટેશ્વર મંદિરમાં એક ઘટના ઘટી છે. આંધ્ર પ્રદેશમાં આવેલા વેંકટેશ્વર મંદિરમાં સોમવારે આવેલા શ્રદ્ધાળુઓ વચ્ચે નાસભાગ જેવી પરિસ્થિતિ સર્જાઈ હતી. જેમાં ઓછામાં ઓછા 3 લોકો ઘાયલ થયા હતા. તિરુમાલા વેંકટેશ્વર મંદિરના ટિકિટ કાઉન્ટર પર શ્રદ્ધાળુઓની મોટી ભીડ સર્વદર્શનની ટિકિટ લેવા માટે એકઠી થઈ હતી, જેના કારણે નાસભાગ જેવી સ્થિતિ સર્જાઈ હતી.

# રાજસ્થાનમાં હિંસા બાદ મુસ્લિમ વિસ્તારમાંથી અનેક હિન્દુઓની હિજરત

**નવી દિલ્હી**

રાજસ્થાનના કરૌલીમાં બીજી તારીખે હિન્દૂઓની બાઈક રેલી પર મુસ્લિમ વિસ્તારમાં ભારે પથ્થરમારો થયો હતો જેમાં ૪૦થી વધુ લોકો ઘવાયા હતા. આ ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં તંગદીલીનો માહોલ છે ત્યારે અનેક હિન્દૂઓ મુસ્લિમ બહુમત વાળા આ વિસ્તારમાંથી હિજરત કરી રહ્યા છે. અને પોતાની સંપત્તિને વેચવા પણ કાઢી છે. તેઓનો આરોપ છે કે ચોક્કસ વર્ગના લોકોએ અમારી સંપત્તિ પર કબજો પણ કરી લીધો છે. એક આઈપીએસ અધિકારીએ મીડિયાને જણાવ્યું હતું કે કરૌલીની સ્થિતિ એટલી ખરાબ છે કે આ વિસ્તારમાંથી અનેક લોકોએ પલાયણ કર્યું છે.

તેઓ કરૌલી અથવા તો અન્ય વિસ્તારોમાં જતા રહ્યા

## કુલગામમાં આતંકીઓએ વધુ એક હિન્દુને નિશાન બનાવ્યો

# કાશ્મીરમાં રાજપૂત સમુદાયના ડ્રાઈવરની આતંકીઓ દ્વારા હત્યા

**શ્રીનગર**

કાશ્મીરના કુલગામ જિલ્લામાં આતંકીઓએ વધુ એક હિન્દુને ટાર્ગેટ કરીને તેની હત્યા કરી નાંખી છે. બુધવારે સાંજે સાડા સાત વાગ્યે રાજપુત સમુદાયના ડ્રાઈવર સતીશ સિંહ પર આતંકીઓએ ફાયરિંગ કર્યુ હતુ અને તેમાં તેમનુ મોત થયુ હતુ. આ પહેલા ૨ એપ્રિલે પુલવામામાં બિહારના બે લોકની હત્યા કરવામાં આવી હતી.

તેના પછીના દિવસે શ્રીનગરમાં બે સીઆરપીએફ જવાનો પર થયેલા હુમલામાં એક જવાન શહીદ થયો હતો. જ્યારે ૩ એપ્રિલે શોપિયાં જિલ્લામાં એક કાશ્મીરી પંડિતની આતંકીઓએ હત્યા કરી નાંખી હતી. કાશ્મીરના કુલગામ અને શોપિયાં જિલ્લામાં રાજપૂત પરિવારોની સંખ્યા ઘણી વધારે છે અને તેમની આજિવિકાનુ મુખ્ય સાધન સફરજનના બગીચા છે. મૃતક સતીષ સિંહના પરિવારજનો મીડિયા સાથે વાત કરવા તૈયાર નથી.

# વડાપ્રધાન મ્યુઝિયમ દેશની ધરોહર, આવનારી પેઢી સત્ય નિહાળશે: મોદી

**નવી દિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશમાં બધા વડાપ્રધાનના જીવન અને યોગદાન પર આધારિત પ્રધાનમંત્રી સંગ્રહાલયનું આજે ઉદ્ઘાટન કર્યું છે. પીએમ મોદી લગભગ ૧૧:૦૦ વાગ્યે ત્રણ મૂર્તિ ભવનમાં નેહરુ સ્મારક અને સંગ્રહાલય પહોંચ્યા હતા જ્યાં કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રી કિશન રેડ્ડીએ તેમનું સ્વાગત કર્યું હતું. વડાપ્રધાન મોદીએ દેશના યુવાઓ અને વાલીઓને પ્રધાનમંત્રી સંગ્રહાલય જોવા માટે દિલ્હી આવવાની અપીલ કરી છે. તેમણે જણાવ્યું કે, અહીં આવનાર લોકો દેશના પૂર્વ વડાપ્રધાનના યોગદાનથી રૂબરુ થશે. તેમનું જીવન અને તેમના સંઘર્ષ વિશે જાણવા મળશે. આ મ્યુઝિયમ દેશની ધરોહર છે અને આવનારી પેઢી તેમાંથી સત્ય જોશે.

# મુખ્યમંત્રી હોવા છતાં હિતેન્દ્રભાઈ કૉંગ્રેસ પક્ષ સાથેના સુમધુર સંબંધો જાળવી રાખતા હતા

**...ગતાંકથી શરૂ**

હિતેન્દ્રભાઈની સિદ્ધિઓ

(૧) પારડી ઘાસિયા જમીનના પ્રશ્નનો સફળ ઉકેલ.

(૨) મહેસૂલ ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિશીલ કદમ.

(૩) અછત અને અતિવૃષ્ટિમાં સફળ સંચાલન.

(૪) અમદાવાદમાં ભદ્રમાં કૉંગ્રેસ ભવન પાસે મહાગુજરાત આંદોલનના શહીદોના પ્રતીકરૂપ શહીદ સ્મારકની રચનામાં રાજકીય કૌશલ્યતા.

(૫) કચ્છ જમીન સત્યાગ્રહમાં પરસ્પર સુલેહ.

(૬) સરકાર અને સંગઠન વચ્ચે સુમેળભર્યા સંબંધો.

(૭) ગુજરાતના હિતમાં વિરોધ પક્ષને વાટાઘાટો દ્વારા વિશ્વાસમાં લેવાની સુંદર પ્રણાલિકા.

(૮) ગાંધીનગરમાં વસાહતના મંડાણ.

(૯) સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વડામથક અંગે રાજકોટ-ભાવનગર વચ્ચે વિવાદ થયો ત્યારે ભાવનગરને રેસિડેન્સિયલ યુનિવર્સિટી આપવી. ઉપરાંત ભાવનગરને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું સંયુક્ત મથક ગણવું. સાથે સાથે રાજકોટ પણ મુખ્ય યુનિવર્સિટી મથક ચાલુ રહેશે તેવું સમાધાન કરાવ્યું.

(૧૦) આયુર્વેદ અને કૃષિને પ્રોત્સાહન આપવા આયુર્વેદ તેમજ કૃષિ યુનિવર્સિટીની સ્થાપના.

(૧૧) ઉદ્યોગોના સર્વાંગી વિકાસ માટે આર્થિક સહાય અને સુવિધા.

(૧૨) લઘુ ઉદ્યોગોને પ્રોત્સાહન માટે વિશેષ સવલતો.

(૧૩) વહીવટમાં પ્રજાને નિષ્પક્ષતા અને સ્વતંત્રતાનો ભાસ કરાવ્યો.

(૧૪) પક્ષના નીતિવિષયક નિર્ણયોનો સરકાર દ્વારા મહદ્અંશે અમલ.

(૧૫) અવિકસીત વિસ્તારોને કેન્દ્રમાં રાખી ગુજરાતના સમતોલ વિકાસ માટે મહત્ત્વનું આયોજન અને એને અનુરૂપ અમલીકરણ.

આવા વિવિધલક્ષી પગલાંઓને પરિણામે લોકનજરે હિતેન્દ્રભાઈનું શાસન ઉત્તમતાના ક્રમમાં આવે છે.

સ્વભાવની સૌમ્યતા અને હૃદયની સૌજન્યતાને કારણે સહુના એ આપ્તજન હતા. વિરોધપક્ષો સાથે પણ મીઠાશભર્યા અને નિખાલસ સંબંધો કેળવ્યા હતા. ગુજરાતના વિકાસની કોઈ પણ બાબત વિધાનસભામાં રજૂ કરવાની હોય ત્યારે હિતેન્દ્રભાઈ એ સમયના વિરોધ પક્ષના નેતા ભાઈકાકા સાથે એ અંગે વિચારવિમર્શ કરી એમને વિશ્વાસમાં લેતા. પરિણામે વિધાનસભામાં આવી દરખાસ્તો લગભગ વિના વિરોધે પસાર થતી. વિધાનસભામાં વૉકઆઉટ જેવી ઘટનાઓ બહુ ઓછી બનતી.

વિરોધપક્ષને મહત્ત્વ આપવાની હિતેન્દ્રભાઈની નીતિનું એક ઉદાહરણ જોઈએ તો એ સમયે પણ નર્મદાનો પ્રશ્ન વિવાદાસ્પદ હતો. મધ્યપ્રદેશને કેટલાક મુદ્દાઓ અંગે વિરોધ હતો. મધ્યપ્રદેશમાં સ્વતંત્ર પક્ષની સરકાર હતી. હિતેન્દ્રભાઈએ ગુજરાતના સ્વતંત્રપક્ષના નેતા ભાઈકાકાની આગેવાની નીચે સર્વપક્ષીય પ્રતિનિધિ મંડળને ભોપાલ ત્યાંની સરકાર સાથે વાટાઘાટો માટે મોકલ્યા. પરિણામે મધ્યપ્રદેશના કેટલાક પ્રશ્નોનું નિરાકરણ થયું અને નર્મદા યોજનાને ગતિ મળી.

કેટલાક પ્રશ્નો અંગે વર્ષોથી આંદોલન ચાલતું હતું. એમાંનો એક પારડી ઘાસિયા જમીનનો મુદ્દો હતો. હિતેન્દ્રભાઈએ ૮૦૦૦ એકર જમીન એના માલિકો પાસેથી મુક્ત કરાવીને આદિવાસીઓને અપાવી. પરિણામે અશોક મહેતા, ઈશ્વરલાલ દેસાઈ, ઉત્તમભાઈ પટેલ જેવા સમાજવાદી અગ્રણીઓની પ્રશંસા પ્રાપ્ત કરી, એટલું જ નહીં પણ ગુજરાતને નકસલવાદ તરફ જતાં રોકી




**ગુજરાતના વિકાસની કોઇ પણ બાબત વિધાનસભામાં રજૂ કરવાની હોય ત્યારે હિતેન્દ્રભાઇ એ સમયના વિરોધ પક્ષના નેતા ભાઇકાકા સાથે એ અંગે વિચારવિમર્શ કરી એમને વિશ્વાસમાં લેતા. પરિણામે વિધાનસભામાં આવી દરખાસ્તો લગભગ વિના વિરોધે પસાર થતી. વિધાનસભામાં વૉકઆઉટ જેવી ઘટનાઓ બહુ ઓછી બનતી.**

ગાંધી રાહે પ્રશ્ન ઉકેલ્યો. એની રાજકીય અસર એવી થઈ કે અગ્રગણ્ય સમાજવાદીઓ અશોક મહેતા, ઈશ્વરભાઈ દેસાઈ, ઉત્તમભાઈ પટેલ સહિત સેંકડો સમાજવાદીઓ કૉંગ્રેસ પક્ષમાં જોડાયા. હિતેન્દ્રભાઈની આ સિદ્ધિ નાનીસૂની નથી. મહાગુજરાત આંદોલન સમયે ૧૯૫૬માં પોલીસ ગોળીબારથી માર્યા ગયેલા યુવાનોનું સ્મારક ભદ્રમાં કૉંગ્રેસ ભવન સામે નિર્માણ કરવાનો પ્રશ્ન વર્ષોથી વિવાદમાં હતો. ખુદ કૉંગ્રેસ પક્ષમાં પણ મતભેદ હતો. પોલીસે પણ ટ્રાફિકનો મુદ્દો આગળ ધરીને વિરોધ નોંધાવ્યો હતો. સરકાર, કૉંગ્રેસ પક્ષ અને મહાગુજરાત આંદોલનના અગ્રણીઓ માટે આ પ્રશ્ન પ્રતિષ્ઠાનો બન્યો હતો. આખરે હિતેન્દ્રભાઈએ વ્યાવહારિક રસ્તો કાઢ્યો. કૉંગ્રેસ ભવનની સામે ફૂટપાથ પર શહીદ સ્મારક રચવાની મંજૂરી આપી. આખરે ૧૯મી સપ્ટેમ્બર ૧૯૬૮માં ઈન્દુચાચાના હસ્તે જૂના કૉંગ્રેસ ભવન સામે એક ખૂણામાં શહીદ સ્મારકનું અનાવરણ થયું. મોરારજીભાઈ અને ઠાકોરભાઈ દેસાઈએ પણ અકડાઈને બદલે મુલાયમતા દર્શાવી. સમાધાનમાં બ્રહ્મકુમાર ભટ્ટ મધ્યસ્થી બન્યા. એ પછી મોરારજીભાઈએ અને ઈન્દુચાચાએ દિલ્હીમાં મોરારજીભાઈના નિવાસે સાથે ભોજન પણ લીધું. હિતેન્દ્રભાઈની સમાધાનકારી રાજકીય નીતિનું આ એક સીમાચિહ્ન છે.

હિતેન્દ્રભાઈનો વહીવટ ઉપર કેવો પ્રભાવ હતો એનું એક ઉદાહરણ જોઈએ. ગુજરાત સરકારમાં શ્રી દલાલ આઈસીએસ સચિવ હતા. એક મિટિંગમાં તેઓ વગર જાણ કરે થોડા મોડા આવ્યા. હિતેન્દ્રભાઈએ શ્રી દલાલ જેમની નામના કડક સચિવની હતી તેમને રોકડું પરખાવ્યું : ''મિ. દલાલ, મુખ્યમંત્રી આવે પછી મુખ્ય સચિવ આવે તે ચલાવી નહીં લેવાય.'' એ પછી હિતેન્દ્રભાઈની ઉપસ્થિતિવાળી દરેક મિટિંગ સમયસર શરૂ થવાની એક પ્રણાલી ઊભી થઈ ગઈ.

હિતેન્દ્રભાઈ મુખ્યમંત્રી હોવા છતાં કૉંગ્રેસ પક્ષ સાથેના સુમધુર સંબંધો જાળવી રાખ્યા હતા. અનુકૂળતાએ કૉંગ્રેસ હાઉસની મુલાકાત પણ લેતા. ગુજરાતના સમગ્ર જિલ્લાના કૉંગ્રેસ અગ્રણીઓ સાથે તેઓ સંબંધ રાખતા. આ લખનાર એ સમયે અમદાવાદના કૉંગ્રેસ ભવનમાં સેવા આપતો હતો. હિતેન્દ્રભાઈની કૉંગ્રેસ પક્ષની કામગીરી, મુલાકાતો, પ્રવાસો, મિટિંગો વગેરેના સંકલનની જવાબદારી સંભાળતો હતો. હિતેન્દ્રભાઈમાં વહીવટી શક્તિ સાથે રાજ્યનો મુખ્યપ્રધાન પોતાના પક્ષમાં પણ માર્ગદર્શક છે, નેતા છે. સંસ્થા એટલે સંગઠનના હોદ્દેદારોને પણ વિશ્વાસમાં લેવા, તેમનું માન જાળવવું, પક્ષની નીતિનિર્ણયોને વફાદાર રહેવું એ હિતેન્દ્રભાઈની પક્ષ પ્રત્યેની નિષ્ઠા દર્શાવે છે.

હિતેન્દ્રભાઈનો પૂર્વાર્ધ એટલે સુવહીવટ, સૌમ્યતા, સંગઠન, સુમેળતા, સમતોલ વિકાસલક્ષી શાસન વગેરે સિદ્ધિઓનો સરવાળો. પરંતુ ઉત્તરાર્ધ એક દુઃખદ સંભારણું પણ છે અને એ છે કોમી રમખાણો. ૧૯૬૯ એ ગોઝારો સપ્ટેમ્બર આજે પણ કંપાવે છે. કોમી હુલ્લડો, આગ, લૂંટ, જાહેર મિલ્કતોને નુકસાન, ખૂન, ખંજરની ખરાબી એ હિતેન્દ્રભાઈના શાસનની

એક કલંકિત ઘટના છે. સરકારી આંકડાઓ અનુસાર...!

* ૬૭૪૨ ઘર, દુકાનો, જાહેર મકાનોને આગ-લૂંટમાં નુકસાન, જેની અંદાજિત રકમ રૂ. ૪ કરોડ ૨૩ લાખ.

* ખૂનનો બિન સત્તાવાર આંકડો ૫૧૨થી ૧૦૦૦.

* ઘાયલ ૧૦૮૪.

કેન્દ્ર સરકારે જસ્ટીસ જગમોહન રેતી પંચ નીમ્યું. આ કમિશને હિતેન્દ્રભાઈની સરકારને તદ્દન દોષિત ન ઠરાવી અને તે ઈરાદાપૂર્વકની નહીં પણ પરિસ્થિતિનો તાગ કાઢવામાં ક્ષતિ હતી એવો નિષ્કર્ષ અહેવાલમાં દર્શાવ્યો.

હિતેન્દ્રભાઈના શાસનની આ એક કલંકિત હકીકત હોવા છતાં હિતેન્દ્રભાઈના શાસનને વિકાસની દૃષ્ટિએ શ્રેષ્ઠ શાસનના ક્રમમાં મૂકી શકાય.

**- પ્રભાકર ખમાર**

**દેવેન્દ્ર પટેલ**
સંપર્ક
+91 98792 07102

## જાણવા જેવું

### મધ્યપ્રદેશનું પ્રાચીન ચત્રભૂજ મંદિર



મધ્યપ્રદેશનું ઓરછા પ્રાચીન નગર છે. વિશ્વવિખ્યાત ખજુરાહોના મંદિર નજીક આવેલા ઓરછામાં તેનો કિલ્લો ઉપરાંત ઘણા જોવાલાયક સ્થાપત્ય છે. તેમાં ચત્રભૂજ મંદિર વિશેષ છે. ૧૬મી સદીમાં બુંદેલ રાજપૂત યુગમાં બંધાયેલું આ મંદિર નદીમાં આવેલ ટાપુ પર છે. ચત્રભૂજ મંદિર ૧૫ ફૂટ ઊંચા પ્લેટફોર્મ પર શંકુ આકારના ચાર શિખરો ધરાવે છે. વિશાળ પ્રવેશદ્વાર અને વચ્ચેનું સૌથી ઉંચુ શિખર ભવ્ય છે. પ્રથમ દૃષ્ટિએ મંદિર બહુમાળી મહેલ જેવું લાગે. મંદિરની દીવાલો પર ભૌમિતિક આકારની ડિઝાઈન ઉપરાંત રંગીન ભીંતચિત્રો છે. ઓરછામાં કિલ્લો ઉપરાંત ઝાંસીનો કિલ્લો અને વન્યપ્રાણી ઉદ્યાન પણ જોવાલાયક છે. બેટવા નદીને કિનારે બાંધેલી છત્રીઓ ઓરછાની વિશેષતા છે.

### સાચા મોતી ક્યાં બને છે? .



સોનું, હિરા, માણેક જેવી કીંમતી ચીજો પૃથ્વીના પેટાળમાંથી ખનીજ સ્વરૂપે મળે છે. પરંતુ રંગબેરંગી, તેજસ્વી અને સુંવાળા ગોળાકાર મોતી પણ કીંમતી ઝવેરાત ગણાય છે અને તે જમીનમાંથી નહીં પરંતુ દરિયાઇ જીવોની દેન છે. દરિયાકિનારે શંખ અને છીપલાં તો તમે જોયા હશે. દરિયામાં રહેનારા કેટલાક કોમળ જીવ પોતાના રક્ષણ માટે શરીરની આસપાસ સખત કવચ બનાવે છે અને તેમાં રહે છે. આ કવચ એટલે જ શંખ અને છીપ. દરિયામાં ઊંડે રહેતી કેટલાક છીપમાં મોતી તૈયાર થાય છે. કેટલીક ખાસ પ્રકારની છીપ આ મોતી બનાવે છે.આ જીવ વનસ્પતિ ખાઈને જીવે છે. ખોરાકમાં નુકસાનકારક દ્રવ્ય આવે ત્યારે તેનાથી બચવા તે ખાસ પ્રકારનું પ્રવાહી તે દ્રવ્યની આસપાસ લપેટી દે છે. આ કામ ચોકસાઈપૂર્વક થાય છે અને એકદમ ગોળાકાર આવરણ બને છે. તેનો રંગ છીપના પ્રવાહી પર આધારિત છે. કેટલાક દેશોમાં મોતી મેળવવા માટે આ છીપનો ઉછેર કરવામાં આવે છે. મોતી સખત પથ્થર જેવા પદાર્થના બનેલાં હોય છે અને મજબૂત હોય છે.

# ગુજરાત ટાઈટન્સનો ડંકો : રાજસ્થાન સામે 37 રને વિજય

## હાર્દિક પંડયાએ 52 બોલમાં 87 રન કર્યા : દયાલ-ફર્ગ્યુસનની 3-3 વિકેટ

નવી મુંબઈઃ હાર્દિક પંડયાની સતત બીજી અડધી સદી સાથે ૫૨ બોલમાં ૮ ચોગ્ગા અને ચાર છગ્ગા સાથે અણનમ ૮૭ રનની કેપ્ટન ઈનિંગ તેમજ દયાલ-ફર્ગ્યુસનની ૩-૩ વિકેટની મદદથી ગુજરાત ટાઈટન્સે શાનદાર દેખાવ સાથે રાજસ્થાન સામે ૩૭ રનથી જીત હાંસલ કરી હતી. ગુજરાતે આપેલા ૧૯૩ રનના ટાર્ગેટ સામે રાજસ્થાન ૯ વિકેટે ૧૫૫ રન કરી શક્યું હતુ. બટલરે ૨૪ બોલમાં ૫૪ રન ફટકાર્યા હતા, પણ સામેના છેડેથી તેને સાથ મળી શક્યો નહતો.

૧૯૩ના ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલા રાજસ્થાન તરફથી બટલરે ઝંઝાવાત જગાવ્યો હતો. જોકે સામેના છેડેથી વિકેટ પડતી રહી હતી. પડિક્કલ (૦) અને વન ડાઉન ઉતરેલો અશ્વિન (૮) રને આઉટ થયા હતા. બટલર છઠ્ઠી ઓવરના અંતે આઉટ થયો ત્યારે સ્કોર ૬૫/૩ થઈ ગયો હતો. હેતમાયરે ૧૭ બોલમાં ૨૯ સાથે લડત આપવાનો પ્રયાસ કર્યો હતો, પણ ગુજરાતે મેચ પર પકડ જમાવી હતી. ફર્ગ્યુસને ૨૩ રનમાં અને દયાલે ૪૦ રનમાં ૩-૩ વિકેટ ઝડપી હતી. અગાઉ ગુજરાત ટાઈટન્સને ચાર વિકેટે ૧૯૨ રન ફટકાર્યા હતા. રાજસ્થાનની બોલિંગ કંગાળ રહી હતી. ખાસ કરીને આખરી પાંચ ઓવરમાં ગુજરાતે ૬૨ રન ફટકાર્યા હતા.




### IPL નોકઆઉટના બે-બે મુકાબલા કોલકાતા-અમદાવાદમાં રમાય તેવા સંકેત

**મુંબઇ**

આઈપીએલની ૧૫મી સિઝનના લીગ તબક્કાનો પૂરો કાર્યક્રમ જાહેર કરી દેવામાં આવ્યો હતો પરંતુ પ્લે ઓફ અને ફાઈનલની તારીખો તથા વેન્યૂની જાહેરાત કરવાની બાકી હતી. સૂત્રોના અનુસાર પ્લે ઓફ અને ફાઈનલ મુકાબલાને બે વેન્યૂમાં રમાડવાનો નિર્ણય લેવાઈ ચૂક્યો છે જેના અનુસાર કોલકાતા અને અમદાવાદ નોકઆઉટ મુકાબલાની યજમાની કરશે. બીસીસીઆઈ જલદીથી આ અંગેની જાહેરાત કરી શકે છે. અગાઉ એવી માહિતી મળી હતી કે વર્તમાન સિઝનની બે નવી ફ્રેન્ચાઈઝી ગુજરાત અને લખનઉમાં નોકઆઉટ મુકાબલા રમાડવામાં આવશે.

### ‘ચેન્નઇ એક્સપ્રેસ’ આખરે પાટા ઉપર ચઢયોઃ બેંગ્લોરને 23 રનથી હરાવ્યો

**મુંબઇ**

દિનેશ કાર્તિકનો જાડેજાએ પકડેલો દિલધડક કેચ ટર્નિગ પોઈન્ટ બનતા ચેન્નઈ સુપર કિંગ્સે બેંગ્લોરને ૨૩ રનથી હરાવીને આઈપીએલની ૧૫મી સિઝનમાં પ્રથમ વખત વિજયનો સ્વાદ ચાખ્યો હતો. ઉથપ્પા અને દુબેની અડધી સદી વડે ચેન્નઈની ટીમે ચાર વિકેટે ૨૧૬ રનનો સ્કોર નોંધાવ્યો હતો. તેના જવાબમાં ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરનાર બેંગ્લોરની ટીમ ૨૦ ઓવરમાં નવ વિકેટે ૧૯૩ રન બનાવ્યા હતા. બેંગ્લોર માટે શાહબાઝે ૪૧ રન બનાવ્યા હતા. ચેન્નઈ તરફથી થિકશનાએ ૩૩ રનમાં ચાર તથા જાડેજાએ ૩૯ રનમાં ત્રણ વિકેટ ઝડપી હતી.

### મુંબઇના પરાજયનો પંજો, ઓડિયન સ્મિથે છેલ્લી ઓવરમાં ત્રણ વિકેટ ઝડપી બાજી પલટી

ઓડિયન સ્મિથે છેલ્લી ઓવરમાં ત્રણ વિકેટ ઝડપીને બાજી પલટી નાખતા પંજાબ કિંગ્સે છેલ્લા બોલ સુધી રમાયેલી રોમાંચક મેચમાં મુંબઈ ઈન્ડિયન્સને ૧૨ રનથી પરાજય આપ્યો હતો. પાંચ વખતની ચેમ્પિયન મુંબઈનો વર્તમાન લીગમાં સતત પાંચમો પરાજય છે. ટોસ જીતીને મુંબઈએ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય લીધો હતો. પંજાબની ટીમે સુકાની અગ્રવાલ તથા ધવનની અડધી સદી વડે પાંચ વિકેટે ૧૯૮ રનનો સ્કોર નોંધાવ્યો હતો. તેના જવાબમાં મુંબઈની ટીમ નવ વિકેટે ૧૮૬ રન નોંધાવી શકી હતી. રનચેઝ કરનાર મુંબઈની ટીમ માટે ડેવાલ્ડ બ્રેવિસે ૨૫ બોલમાં ચાર બાઉન્ડ્રી અને પાંચ સિક્સર વડે ૪૯, તિલક વર્માએ રનઆઉટ થતાં પહેલાં ૨૦ બોલમાં ૩૬ તથા સૂર્યકુમારે ચાર સિક્સર અને એક બાઉન્ડ્રી વડે ૪૩ રન બનાવ્યા હતા. પંજાબ માટે સ્મિથે ૩૦ રનમાં ચાર વિકેટ તથા રબાડાએ ૨૯ રનમાં બે વિકેટ ઝડપી હતી.

## કોમનવેલ્થ-એશિયન ગેમ્સમાંથી મને બહાર કરી BAIના અધિકારીઓ ખુશઃ સાઈના

**હૈદરાબાદ**

હૈદરાબાદની અનુભવી શટલર સાઈના નેહવાલે કોમનવેલ્થ તથા એશિયન ગેમ્સના ટ્રાયલ્સમાંથી ખસી જવા અંગે સ્પષ્ટતા કરીને બેડમિન્ટન ફેડરેશન ઓફ ઈન્ડિયા સામે વળતો જવાબ નહીં આપવાનો આક્ષેપ કર્યો છે. સાઈનાએ બન્ને ગેમ્સના ટ્રાયલ્સ અંગે પણ પ્રશ્નાર્થ કર્યા છે.

સાઈનાએ જણાવ્યું હતું કે મેં ફેડરેશનને ચાલુ વર્ષે રમાનારી કોમનવેલ્થ અને એશિયન ગેમ્સના ટ્રાયલ્સમાં ભાગ લઈ શકું તેમ નથી તેવી જાણકારી આપી હતી. તાજેતરમાં પ્રસ્તુત થઈ રહેલા અહેવાલથી હું ચકિત થઈ છું. ફેડરેશન દ્વારા એવો દાવો કરવામાં આવે છે કે હું મારા કોમનવેલ્થ અને એશિયન ગેમ્સના ટાઈટલનું રક્ષણ કરવા માગતી નથી. સાઈનાએ જણાવ્યું હતું કે ત્રણ સપ્તાહમાં હું યુરોપમાં વિવિધ ટૂર્નામેન્ટમાં ભાગ લઈને હમણાં જ પરત ફરી છું. સિનિયર ખેલાડી હોવાના નાતે બે સપ્તાહમાં સતત ટૂર્નામેન્ટ રમવામાં ઈજાનું જોખમ ઘણું રહેતું હોય




છે. આટલા ઓછા સમયમાં ટ્રાયલ્સમાં ભાગ લેવો તે મારા માટે શક્ય નથી. મેં ફેડરેશનને આ તમામ બાબતની જાણકારી આપી હતી પરંતુ મને કોઈ વળતો જવાબ આપવામાં આવ્યો નથી. મને એવું લાગી રહ્યું છે કે ફેડરેશનના અધિકારીઓ મને કોમનવેલ્થ તથા એશિયન ગેમ્સના અભિયાનમાંથી બહાર કરીને ખુશ છે.

## 2024ના ICC ટી 20 વર્લ્ડ કપ માટે અમેરિકા-વિન્ડીઝ સીધું ક્વોલિફાય

**દુબઇ**

આઈસીસીએ ૨૦૧૪માં રમાનારા ટી૨૦ વર્લ્ડ કપ માટે ઘણા નિયમો સ્પષ્ટ કરી દીધા છે. ટૂર્નામેન્ટની યજમાની અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝ કરવાનું છે અને યજમાન હોવાના નાતે બન્ને દેશે સીધું ક્વોલિફાય કરી લીધું છે. દુબઈ ખાતે યોજાયેલી બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો. પ્રથમ વખત ગ્લોબલ ટૂર્નામેન્ટમાં ૨૦ ટીમોને સ્થાન અપાયું છે. ૨૦૨૨નો વર્લ્ડ કપ ઓસ્ટ્રેલિયા ખાતે ઓક્ટોબર અને નવેમ્બરમાં રમાવાનો છે અને તેમાં ૧૬ ટીમો ભાગ લેશે. ૨૦૨૪ના વર્લ્ડ કપમાં ૨૦માંથી ૧૨ ટીમોને સીધી એન્ટ્રી મળશે જેમાં ઓસ્ટ્રેલિયા ખાતેના વર્લ્ડ કપની ટોપ-૮ ટીમ ઉપરાંત બે યજમાન દેશ સામેલ છે. અન્ય બે ટીમોનો નિર્ણય ચાલુ વર્ષે નવેમ્બરમાં ટોપ રેન્કિંગમાં રહેનારી ટીમોના આધારે નિર્ણય લેવાશે.

વિન્ડીઝ જો ઓસ્ટ્રેલિયા સાથે ચાલુ વર્ષે રમાનારા ટી૨૦ વર્લ્ડ કપની ટોપ-૮ ટીમમાં સ્થાન મેળવશે તો રેન્કિંગમાં ત્રીજા ક્રમે રહેલી ટીમને તક અપાશે. અન્ય આઠ ટીમો રિજિનલ ક્વોલિફાયર્સના આધારે પ્રવેશ મેળવશે. એશિયા, આફ્રિકા અને યુરોપના ક્વોલિફાયર્સની ટોપ-૨ ટીમોને મેગા ઈવેન્ટમાં સ્થાન અપાશે. અમેરિકા અને ઈસ્ટ એશિયા પેસિફિકની એક-એક ટીમને સ્થાન મળશે. ૨૦૨૪માં રમાનારા વિમેન્સ ટી૨૦ વર્લ્ડ કપમાં પણ મેન્સની જેમ ફોર્મ્યુલા અમલમાં મુકાશે જેમાં ૧૦ ટીમો સામેલ થશે.

### બાબર આઝમ અને રેચલ હેન્સ ICC પ્લેયર ઓફ ધ મંથ બન્યા

**દુબઇ**

પાકિસ્તાનના સુકાની બાબર આઝમ અને ઓસ્ટ્રેલિયાની વિમેન્સ ક્રિકેટ ટીમની ઓપનર રેચલ હેન્સને માર્ચ મહિના માટે આઈસીસી પ્લેયર ઓફ ધ મંથ જાહેર કરવામાં આવ્યા છે. ઓસ્ટ્રેલિયા સામે મલ્ટિ ફોર્મેટની હોમ સિરીઝમાં બાબરે શાનદાર પ્રદર્શન કરીને આ એવોર્ડ જીત્યો છે. બાબરે બીજી ટેસ્ટમાં વિક્રમી ૧૯૬ રનની ઈનિંગ રમવાની સાથે ટેસ્ટ શ્રેણીમાં ૩૯૦ રન બનાવ્યા હતા. મેન્સ કેટેગરીમાં તેણે વિન્ડીઝના ક્રેગ બ્રાથવેઈટ તથા ઓસ્ટ્રેલિયાના પેટ કમિન્સને પાછળ રાખી દીધા હતા. રેચલ હેન્સે તાજેતરમાં ન્યૂઝીલેન્ડ સામે રમાયેલા આઈસીસી વન-ડે વર્લ્ડ કપની આઠ મેચમાં ૬૧.૨૮ની સરેરાશથી ૪૨૯ રન બનાવ્યા હતા. તેના પ્રદર્શન વડે ઓસ્ટ્રેલિયા પૂરી ટૂર્નામેન્ટમાં અજેય રહી હતી.

### 2026ની કોમનવેલ્થ ગેમ્સમાં ટી 20 ક્રિકેટનો સમાવેશ કરાશે : અન્ય 16 રમતો સામેલ

**લંડન**

ઓસ્ટ્રેલિયાનું વિક્ટોરિયા સ્ટેટના વિવિધ શહેર ૨૦૨૬ની કોમનવેલ્થ ગેમ્સની યજમાની કરશે. મોટા ભાગની ઈવેન્ટ્સ વિવિધ પ્રાંતીય સેન્ટર્સમાં યોજાશે જે એક જ શહેરમાં યોજાતી તમામ સ્પર્ધાના આયોજનના પરંપરાગત મોડેલ કરતાં અલગ રહેશે. વિક્ટોરિયાના વિવિધ સ્ટેટમાં મેલબોર્ન, જિલોંગ, બેન્ડિંગો, બેલાર્ટ અને જિપ્સલેન્ડનો સમાવેશ થાય છે. આ તમામ શહેરમાં અલગ અલગ ગેમ્સ વિલેજ રહેશે. ઉદ્ઘાટન સમારંભનું આયોજન એક લાખ લોકોની ક્ષમતાવાળા મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ (એમસીજી) ખાતે થશે. કોમનવેલ્થ ગેમ્સ ફેડરેશને મંગળવારે આ જાહેરાત કરી હતી. શરૂઆતમાં ટી૨૦ ક્રિકેટ સહિત ૧૬ ગેમ્સને આ મેગા ઈવેન્ટમાં સામેલ કરવામાં આવી છે અને ચાલુ વર્ષે હજુ અન્ય રમતોને પણ સાંકળવામાં આવશે.

વિક્ટોરિયાના પ્રધાનમંત્રી ડેનિયલ એન્ડ્રુઝે જણાવ્યું હતું કે વિક્ટોરિયાને ૨૦૨૬ની કોમનવેલ્થ ગેમ્સ માટે પસંદ કરવામાં આવ્યું છે તે ઘણી સન્માનની બાબત છે. અમે અમારા રાજ્યમાં વિશ્વનું સ્વાગત કરવા માટે વધુ રાહ જોઈ શકતા નથી. ઓસ્ટ્રેલિયા પાંચ વખત કોમનવેલ્થ ગેમ્સની યજમાની કરી ચૂક્યું છે. વિક્ટોરિયાના મેલબોર્નને ૨૦૦૬માં આ ગેમ્સની યજમાની મળી હતી જે ટૂર્નામેન્ટના ઈતિહાસમાં સૌથી સફળ રહેલી ગેમ્સમાંની એક છે.

### આઈસીસી ટી-20 રેન્કિંગમાં પાક.ના ખેલાડીઓનો દબદબો

**દુબઇ**

વેસ્ટ ઈન્ડિઝ અને શ્રીલંકા સામે સતત બે ટી૨૦ શ્રેણી જીતી હોવા છતાં આઈસીસીની ટી૨૦ રેન્કિંગમાં ભારતીય ખેલાડીઓ નજરે પડતા નથી. ટોપ-૧૦ બેટ્સમેન, બોલર્સ તથા ઓલરાઉન્ડર્સની યાદીમાં લોકેશ રાહુલ એકમાત્ર ભારતીય છે. પાકિસ્તાનનો બાબર આઝમ બેટ્સમેનોમાં ૮૧૮ રેટિંગ પોઈન્ટ સાથે પ્રથમ સ્થાને છે. તેને માર્ચ મહિના માટે આઈસીસી પ્લેયર ઓફ ધ મન્થ પણ જાહેર કરવામાં આવ્યો હતો. બીજા ક્રમે સાઉથ આફ્રિકાનો એડન માર્કરામ તથા પાકિસ્તાની વિકેટકીપર મોહમ્મદ રિઝવાન ત્રીજા ક્રમે છે. ટોપ-૧૦ બોલર્સમાં પાકિસ્તાનનો શાહિન શાહ આફ્રિદી પણ સામેલ થયો છે. તે ચાર ક્રમાંકની આગેકૂચ કરીને ૧૦મા સ્થાને પહોંચ્યો છે.

# ન્યૂ યોર્કના મેટ્રો સ્ટેશન પર હુમલો, હાઈએલર્ટ જાહેર

## અંધાધૂંધ ગોળીબારમાં 10ને ગોળી વાગી : હુમલાખોરનો સ્કેચ જાહેર કરાયો, ઘટનામાં કુલ 16 ઘાયલ, સબવેના કેટલાક રૂટ બંધ કરાયા

**ન્યૂયોર્ક**

ન્યૂયોર્કના બ્રુકલિનમાં એક મેટ્રો સ્ટેશન પર મંગળવારે સવારે એક હુમલાખોરે અંધાધૂંધ ગોળીબાર કરતાં ૧૦ લોકોને ગોળી વાગતા નાસભાગ મચી ગઈ હતી. જોકે, આ હુમલામાં કોઈ જાનહાની થઈ નથી તેમ ન્યૂયોર્ક પોલીસ વિભાગના એક અધિકારીએ જણાવ્યું હતું. આ ઘટનાને પગલે હાઈએલર્ટ જાહેર કરાઈ હતી. પ્રારંભિક અહેવાલોમાં આ આતંકી હુમલો હોવાનું અને સ્ટેશન પર વિસ્ફોટક સામગ્રી જણાવાયું હતું. જોકે, પાછળથી એનવાયપીડીના અધિકારીએ કહ્યું કે સ્ટેશન પર કોઈ વિસ્ફોટક ડિવાઈસ મળી આવી નથી. જોકે, પોલીસ ગેસ માસ્ક અને બંડી પહેરેલા હુમલાખોરને શોધે છે. પોલીસે હુમલાખોરનો સ્કેચ જાહેર કર્યો હતો.

ન્યૂયોર્કના ફાયર વિભાગના એક અધિકારીએ જણાવ્યું કે ફાયર વિભાગને સનસેટ પાર્ક પાસે ૩૬ સ્ટ્રીટ સ્ટેશનથી ધૂમાડો નિકળતો હોવાની માહિતી મળી હતી. તેમણે ઉમેર્યું કે, ઘટનાસ્થળ પર ૧૦ લોકોને ગોળી વાગી હતી જ્યારે નાસભાગના કારણે ૧૬થી વધુ લોકોને ઈજા પહોંચી હતી. પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, પ્રારંભિક તપાસ મુજબ શકમંદ હુમલાખોર કન્સ્ટ્રક્શન કામ સંબંધિત ડ્રેસમાં હતો. પોલીસ તેને શોધી રહી છે. જોકે, પોલીસે આ ઘટના અંગે વધુ વિગતો આપવાનું ટાળ્યું હતું. પોલીસે આ આતંકી ઘટના હોવાનો ઈનકાર કર્યો હતો.

ગોળીબારની ઘટનાના પગલે ૩૬મા મેટ્રો સ્ટેશન પર સનસેટ પાર્કથી ડી, એન અને આર લાઈનો બંધ કરાઈ છે. વ્હાઈટ હાઉસના સચિવ જેન સાકીએ જણાવ્યું હતું કે, આ ઘટના અંગે અમેરિકન પ્રમુખ બાઈડેનને માહિતી અપાઈ છે. વ્હાઈટ હાઉસના વરિષ્ઠ કર્મચારીઓ કોઈપણ પ્રકારની મદદ માટે ન્યૂયોર્કના મેયર તથા પોલીસના સંપર્કમાં છે.



# ચીનમાં કોરોનાના નવા 26 હજાર કેસ, લોકડાઉનથી શાંઘાઈમાં સ્થિતિ વણસી

**નવી દિલ્હી**

ચીનમાં કોરોના વાયરસની ત્રીજી લહેર કાબૂ બહાર થઈ રહી છે. કડક પ્રતિબંધો છતાં ચીનમાં કોરોનાના રેકોર્ડ કેસ સામે આવી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૨૬ હજારથી વધુ કેસ નોંધાયા છે. આ દરમિયાન ભારતે શાંઘાઈમાં તેની કોન્સ્યુલર સેવાઓ બંધ કરી દીધી છે. ચીની પ્રશાસને બુધવારે કહ્યું કે ૧૨ એપ્રિલે કોરોનાના ૨૫,૧૪૧ નવા કેસ નોંધાયા છે, જ્યારે લક્ષણોવાળા ૧,૧૮૯ કેસ મળી આવ્યા છે.

કોરોનાના વધતા જતા કેસ વચ્ચે ઝીરો કોવિડ પોલિસીનો બચાવ કરતા ચીનના વિદેશ મંત્રીના પ્રવક્તાએ કહ્યું કે, 'આ પોલિસી એન્ટી એપિડેમિક પ્રોટોકોલ સાયન્સ અને એક્સપર્ટ ઓપિનિયન પર આધારિત છે.' અહીં, લોકડાઉનને કારણે શાંઘાઈમાં સ્થિતિ વણસી રહી છે. કેટલાક ફૂટેજ જિયાંગસુ, ચાંગઝોઉ, શાંઘાઈમાંથી બહાર આવ્યા હતા. જ્યાં લોકોની ભીડ જરૂરી વસ્તુઓ માટે સુરક્ષા વ્યવસ્થા તોડતી જોવા મળે છે. આ ટોળાનો વીડિયો ટ્વિટર પર શેર કરવામાં આવ્યો છે, જેમાં લખવામાં આવ્યું છે કે, ચીનના સૌથી મોટા અને સૌથી ધનિક શહેર શાંઘાઈમાં કોવિડ લોકડાઉન હેઠળ ભોજન માટે હુલ્લડ. કેટલાક અન્ય વીડિયો પણ શેર કરવામાં આવ્યા છે જેમાં મેડિકલ સેન્ટર અને સુપરમાર્કેટની આસપાસ લૂંટ થઈ રહી છે. હોંગકોંગ પોસ્ટ અનુસાર, ત્યાંના લોકોનું કહેવું છે કે તેઓ દિવસમાં માત્ર એક જ વાર ખાય છે.

# ફ્રાન્સ-જર્મનીમાં કોરોના ફરી વધ્યો, કેસમાં 1.7 લાખથી વધુનો ઉછાળો

**શાંઘાઈ**

ફ્રાન્સ અને જર્મનીમાં પણ હવે કોરોનાએ માથું ઊંચક્યું છે. હાલ ચૂંટણી મોડમાં રહેલા ફ્રાન્સમાં લગભગ 2 લાખ નવા કેસ નોંધાયા છે, તો જર્મનીમાં 24 કલાક દરમિયાન કોરોનાના વધુ 1.76 લાખ કેસ નોધાયા હતા. ચીનના શાંઘાઈમાં રોજ 25 હજારની આસપાસ નવા કેસ આવી રહ્યા છે. કોરોનાનો BA.2 વેરિઅન્ટ યુરોપ, અમેરિકા અને ચીનમાં કાળો કેર મચાવી રહ્યો છે. ફ્રાન્સમાં હોસ્પિટલમાં દાખલ થતા દર્દીઓની સંખ્યામાં ભારે વધારો થઈ રહ્યો છે. જર્મનીમાં 1.76 લાખ નવા કેસ સાથે હજુ સુધીમાં નોંધાયેલા કેસની સંખ્યા 23 કરોડના આંકને આંબી ગઈ છે. સાથે જ કોરોનાથી 362 નવા દર્દીના મોત થયા હતા. ફ્રાન્સમાં 24 કલાકમાં 1.9 લાખ નવા કેસ નોંધાયા હતા.

# શ્રીલંકામાં સંકટ: મહિન્દા રાજપક્સેની દેખાવકારો સાથે વાતચીતનો પ્રસ્તાવ

## ભ્રષ્ટ રાજકીય સંસ્કૃતિને બદલી નાખવા દેખાવકારોનું આહ્‌વાન, PMના રાજીનામાંની માંગ

**કોલંબો**

અનઅપેક્ષિત આર્થિક સંકટથી ઘેરાયેલા શ્રીલંકામાં સતત સરકાર વિરોધી પ્રદર્શન વધી રહ્યા છે ત્યારે વડાપ્રધાન મહિન્દા રાજપક્સેએ બુધવારે રાષ્ટ્રપતિ ગોટાબાયા રાજપક્સે અને તેમના પરિવારના તમામ સભ્યોના સરકારમાંથી રાજીનામાંની માગ કરી રહેલા પ્રદર્શનકારીઓ સાથે વાતચીત કરવાનો પ્રસ્તાવ આપ્યો છે. બુધવારે સરકાર વિરોધી દેખાવો પાંચમા દિવસમાં પ્રવેશ્યા હતા. દેશના યુવાનો સતત પ્રદર્શન કરી રહ્યા છે, દેખાવકારોની માગ છે કે દેશની ભ્રષ્ટ રાજકીય સંસ્કૃતિને સંપૂર્ણપણે બદલી નાખવામાં આવે, તેમણે દાવો કર્યો હતો કે શ્રીલંકાએ 1948માં બ્રિટન પાસેથી સ્વતંત્રતા મેળવી ત્યારબાદથી દેશમાં ભ્રષ્ટાચારની સંસ્કૃતિ ફૂલીફાલી છે. વડાપ્રધાન રાજપક્સેના કાર્યાલય તરફથી પ્રસિદ્ધ એક નિવેદનમાં જણાવ્યા પ્રમાણે, વડાપ્રધાન રાજપક્સે દેખાવ કરી રહેલા યુવાનો સાથે વાતચીત કરવા માગે છે, આ યુવાનો રાષ્ટ્રપતિ સચિવાલય નજીક ધામા નાખીને બેઠા છે. વડાપ્રધાને કહ્યું હતું કે જો દેખાવકારો વાતચીત માટે તૈયાર હોય તો તેઓ તેમને આમંત્રિત કરશે કે તેઓ પોતાના પ્રતિનિધિઓને મંત્રણા માટે મોકલે. દેખાવકારોએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર અભિયાન શરૂ કર્યું છે અને તેઓ યુવાનોને ગાલે ફેસ પર એકઠા થવા આહ્વાન કરી રહ્યા છે. બીજી તરફ કરોડોનાં દેવાંમાં ડૂબેલા શ્રીલંકાએ આખરે નાદારી જાહેર કરી છે. શ્રીલંકાની સેન્ટ્રલ બેન્કે 51 અબજ ડૉલરનું વિદેશી દેવું ચૂકવવા અસમર્થતા દર્શાવી છે.

# બ્રિટનમાં કોરોનામાં પાર્ટી કરવા મામલે PM જ્હોન્સનને દંડ

**લંડન**

બ્રિટિશ વડાપ્રધાન જોહ્નસન, નાણામંત્રી સુનાકને કોરોના મહામારીના સમયમાં લોકડાઉન સમયે સરકારી ઓફિસમાં પાર્ટી કરવા બદલ દંડ કરાશે તેમ વડાપ્રધાન કચેરીએ જણાવ્યું હતું. વડાપ્રધાન બોરિસ જોહ્નસે લોકડાઉનમાં પાર્ટી યોજવા બદલ માફી માગી દંડ ભરવાની તૈયારી બતાવી છે. કોરોનામાં લોકડાઉન છતાં વર્ષ ૨૦૨૦માં ૧૯મી જૂને સરકારી ઓફિસમાં પાર્ટી કરવા બદલ જોહ્નસન સામે લોકોમાં ભારે આક્રોશ ફેલાયો હતો.

# NSGમાં ભારતને કાયમી સભ્યપદ માટે USની ટેકો આપવાની જાહેરાત

**વૉશિંગ્ટન**

બાયડન વહીવટીતંત્રે ભારતને યુનોની સલામતી સમિતિ તથા વિયેના સ્થિત ન્યુક્લિયર સપ્લાયર્સ ગ્રુપમાં કાયમી સભ્ય પદ આપવા માટેના પ્રસ્તાવોને ટેકો આપવાની તેની પ્રતિબધ્ધતા દર્શાવી છે. આ સાથે, અમેરિકાએ ભારતે હજી સુધીમાં યુનોની આ સર્વોચ્ચ સમિતિમાં આપેલાં પ્રદાનની પણ પ્રશંસા કરી હતી.

ભારત-અમેરિકા વચ્ચેની ૨+૨ તેવી મંત્રી કક્ષાની પરિષદના અંતે પ્રસિધ્ધ કરેલાં એક નિવેદનમાં અમેરિકાએ ૨૦૨૧-૨૦૨૨ દરમિયાન ભારતે સલામતી સમિતિમાં આપેલાં પ્રદાનની પણ ભારોભાર પ્રશંસા કરી હતી. આ ઉપરાંત, ૧૯૭૦ની લિબિયા સેન્કશન્સ કમીટી ૧૯૭૩ની કાઉન્ટર ટેરરિઝમ કમીટી તથા ૧૯૮૮ની તાલિબાન સેન્કશન્સ કમીટીના પ્રમુખ પદે ભારતે આપેલાં પ્રદાનની અમેરિકાએ ભારોભાર પ્રશંસા કરી હતી. અમેરિકા સાથેની ૨+૨ મંત્રણામાં ભારત તરફથી સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ તથા વિદેશ મંત્રી એસ.જયશંકર ઉપસ્થિત હતા. જ્યારે અમેરિકા તરફથી તેના સંરક્ષણ સચિવ લોઈડ ઓસ્ટિન અને વિદેશ મંત્રી ટોની બ્લિંકને હાજર રહ્યા હતા.

# નેપાળમાં આર્થિક કટોકટીના વાદળો ઘેરાયા : લક્ઝરી વસ્તુની આયાત પર પ્રતિબંધ

**કાઠમાંડુ**

નેપાળમાં આર્થિક કટોકટીના વાદળો ઘેરાવા લાગ્યા છે. સેન્ટ્રલ બેંકે રોકડની અછત અને ફોરેન એક્સચેન્જ રિઝર્વમાં ઘટાડાનું કારણ આપીને વાહનો, લક્ઝરી વસ્તુઓની આયાત પર પ્રતિબંધ મૂકવાની જાહેરાત કરી છે. નેપાળ રાષ્ટ્ર બેંકે(એનઆરબી) ગયા સપ્તાહમાં એક બેઠકના અંતે આ નિર્દેશ જારી કર્યા હતાં. આ બેઠકમાં નેપાળ કોમર્શિયલ બેંકોના અધિકારીઓ પણ હાજર રહ્યાં હતાં. સરકારે ખાતરી આપી છે કે નેપાળની સ્થિતિ શ્રીલંકા જેવી થશે નહીં. એનઆરબીના પ્રવક્તા ગુનાખર ભટ્ટાએ જણાવ્યું છે કે આયાત વધવાને કારણે અર્થતંત્રમાં અમુક પ્રકારની કટોકટીના લક્ષણો જોવા મળી રહ્યાં છે.

## ભારત-ચીન વચ્ચે સંબંધો તળિયે અને આર્થિક સંબંધો ટોચે

# સરહદે તંગદિલી છતાં ભારત-ચીનનો વેપાર 15 ટકા વધી 31 અબજ ડોલર

**બૈજિંગ**

ભારત - ચીનના રાજકીય સંબંધો ઐતિહાસિક રીતે નીચલા સ્તરે પહોંચી ગયા છે, તેનાથી વિપરીત બંને વચ્ચેનો કારોબાર દિનપ્રતિદિન નવી ટોચ હાંસલ કરતો જાય છે. 2022ના પ્રથમ ક્વાર્ટરમાં ભારત અને ચીન વચ્ચેનો કારોબાર ગયા વર્ષના સમાન સમયગાળાનીતુલનાએ 15.3 ટકા વધી 31 અબજ ડોલર થયો હતો. તેમા પણ પૂર્વી લડાખમાં લશ્કરી સંઘર્ષ પછી બંનેના સંબંધો તળિયે છે. જાન્યુઆરીથી માર્ચ 2022ના સમયગાળા દરમિયાન ચીનની ભારતમાં નિકાસ વધીને 27.01 અબજ ડોલર થઈ હતી. ગયા વર્ષે ભારત અને ચીન વચ્ચેનો વેપાર 125 અબજ ડોલરની નવી ટોચે પહોંચ્યો હતો. આ વર્ષે જાન્યુઆરીથી માર્ચમાં વેપારખાધ વધીને 22.23 અબજ ડોલર થઈ હતી, કારણ કે ચીનની ભારતને નિકાસ ૨૭.૧ અબજ ડોલર હતી, જે ચીનની ભારત પાસેથી 4.87 અબજ ડોલરની આયાત કરતાં પાંચ ગણી હતી.

# ગૌતમ અદાણી વિશ્વના છટ્ઠા ક્રમના સૌથી વધુ ધનવાન : મુકેશ 11મા ક્રમે

**યુએમ**

વિશ્વના અબજોપતિઓની રેસમાં ભારતીય ઉદ્યોગપતિ અને અદાણી જૂથના ચેરમેન ગૌતમ અદાણીએ લાંબી છલાંગ મારી છે અને વિશ્વના ટોચના 10 ધનકુબેરોની યાદીમાં છટ્ઠા ક્રમ પર જ સીધી એન્ટ્રી મારી છે. જો કે તેમના આ મોટા કુદકાની સાથે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના સર્વેસર્વા મુકેશ અંબાણી ટોચના 10 ધનિકોની યાદીમાંથી બહાર નીકળી ગયા છે અને હવે તેઓ 11મા ક્રમ પર પહોંચી ગયા છે. સોમવારે શેરબજારમાં જૂથ કંપનીના શેર્સમાં ઉછાળા બાદ ગૌતમ અદાણીનો હનુમાન કૂદકો જોવા મળ્યો હતો, અહેવાલો અનુસાર ગૌતમ અદાણીની નેટવર્થ હવે 118 અબજ ડોલર થઈ ગઈ છે.

# યુક્રેનના એક હજાર સૈનિકો રશિયા સામે ઘૂંટણિયે

## ખાર્કિવમાં રશિયાના તોપમારામાં સાત લોકોના મોત થયા, કીવમાં 720 નાગરિકોના મૃતદેહ મળ્યા, હજી 200 લાપતા


**ડેસ મોનિસ**

યુક્રેનના શહેર મારિયુપોલમાં રશિયાના સૈનિકોના ધસારા સામે યુક્રેનના સૈનિકો શરણાગતિ સ્વીકારી લીધી હોવાનો દાવો રશિયાએ કર્યો છે જે મુજબ લગભગ 1026 સૈનિકોએ એટલે કે એક બ્રિગેડે રશિયા સમક્ષ શરણાગતિ સ્વીકારી છે. જ્યારે અમેરિકન પ્રમુખ બાઈડેને જણાવ્યું છે કે રશિયાએ સમગ્ર યુક્રેનને ખતમ કરવા માટે નરસંહાર આદર્યો છે. તેની સાથે તેમણે યુક્રેનને લશ્કરી સહાય પેટે 75 કરોડ ડોલર મંજૂર કર્યા છે.

યુક્રેન-રશિયા યુદ્ધમાં મારિયુપોલમાં રશિયાની સેનાએ મોટી સફળતાનો દાવો કર્યો છે. મારિયુપોલમાં યુક્રેનની પૂરી બ્રિગેડે આત્મસમર્પમણ કર્યુ છે. યુક્રેનની 36મી મરીન બ્રિગેડે આત્મસમર્પણ કર્યુ છે.આ આત્મસમર્પણ હેઠળ 1026 સૈનિકોએ શસ્ત્રો નાખી દીધા છે. તેમા 162 યુક્રેની અધિકારી પણ સામેલ છે. રશિયાનો દાવો છે કે ડોનેત્સ્કના બળવાખોરો સાથે રશિયાના લશ્કરે જે ઘેરાબંધી કરી હતીતેમા તેને મહત્ત્વની સફળતા મળી છે. આ પહેલા આમને-સામને લાંબી લડાઈ ચાલી. તેના પછી રશિયાએ 95 ટકા વિસ્તાર પોતાના કબ્જામાં લઈ લીધો છે.

રશિયાનું લશ્કર હવે ખેરસોનની નજીક આવેલા વિસ્તાર કીવરીને લક્ષ્યાંક બનાવી રહ્યું છે. તે હાલમાં કીવરીથી 50 કિ.મી. દૂર છે. કીવરી ઈકોનોમિક હબ છે અને ઈસ્પાત સેન્ટર પણ છે. તેથી તેને લક્ષ્યાંક બનાવવામાં આવી રહ્યું છે. ખાર્કિવમાં રશિયાના તોપમારામાં સાતના મોત થયા હોવાનું શહેરના ગવર્નરે જણાવ્યું હતું. કીવમાં 720 નાગરિકોના મૃતદેહ મળી આવ્યા છે. જ્યારે બીજા ૨૦૦ નાગરિકો ગુમ છે. આમ યુક્રેનના વિવિધ શહેરોમાંથી મૃતદેહ મળવાનું જારી છે. રશિયાએ હવે બૂચામાં કરેલા નરસંહારની બાબતો જાહેર થતાં આ પ્રકારે ફરીથી સ્થિતિ ન સર્જાય તે માટે મોબાઈલ અગ્નિદાહ

# રશિયાના સૈન્યએ 25 યુવતીઓને બંધક બનાવી રેપ કર્યો, હજુ 700 મહિલાઓ પણ રશિયાની કેદમાં



યુક્રેન અને રશિયા વચ્ચેના જંગમાં યુક્રેનના માનવાધિકાર કમિશનરે દાવો કર્યો છે કે, બુચામાં રશિયન સૈનિકોએ મહિલાઓ અને યુવતીઓ પર સામૂહિક રેપ કર્યા છે. તેમણે કહ્યુ હતુ કે, 25 યુવતીઓને  બેઝમેન્ટમાં કેદ કરવામાં આવી હતી અને તેમાંથી ઘણી યુવતીઓની વય 14 થી 24 વર્ષની છે. તેમની સાથે રોજ રશિયન સૈનિકો રેપ કરતા હતા, તેમના પર માનસિક અત્યાચાર પણ કરાયો હતો. આ પૈકીની મોટાભાગની યુવતીઓ હવે ગર્ભવતી છે. દરમિયાન યુક્રેનના નાયબ વડાપ્રધાને દાવો કર્યો છે કે, 500 જેટલી મહિલાઓને પણ રશિયન સેનાએ કેદમાં રાખી છે. તેમની સાથે ખરાબ વહેવાર થઈ રહ્યો છે.તેમને બેસવા માટે પણ મંજૂરી નથી.તેમના વાળ પણ કાપી નાંખવામાં આવ્યા છે. આ સિવાય રશિયાએ યુક્રેનના 700 સૈનિકોને કેદી બનાવીને જેલમાં રાખ્યા છે અને બીજા 1000 નાગરિકોને પણ રશિયાએ જેલમાં પૂર્યા છે.

## બ્લેક સીમાં રશિયન સબમરીનને બનાવ્યું નિશાન : યુક્રેનનો દાવો

યુક્રેન સાથેના યુદ્ધ વચ્ચે રશિયાને મોટો આંચકો લાગ્યો છે. માહિતી મળી રહી છે કે બ્લેક સીમાં થયેલા વિસ્ફોટમાં રશિયન મિસાઈલ ક્રૂઝર નષ્ટ થઇ ગયું હતું. ત્યારબાદ મિસાઇલ ક્રૂઝર 'મોસ્કવા'ના ક્રૂ મેમ્બર્સને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. રશિયાના સંરક્ષણ મંત્રાલયે આ માહિતી આપી હતી. સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર આ વિસ્ફોટમાં મિસાઈલ ક્રૂઝરને ઘણું નુકસાન થયું છે. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે યુદ્ધ જહાજમાં આગ લાગ્યા બાદ વિસ્ફોટ થયો હતો. પરંતુ આગ લાગવાનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. સ્લાવા ક્લાસ મિસાઈલ ક્રુઝર 1979માં લોન્ચ કરવામાં આવી હતી. તેની પાસે 16 એન્ટિ-શિપ મિસાઇલો અને ઘણી એર ડિફેન્સ મિસાઇલો, ટોર્પિડો અને બંદૂકો તૈનાત છે.

## રશિયન સેના રાસાયણિક હુમલાની તૈયારીમાં યુક્રેન રાષ્ટ્રપતિએ પશ્ચિમી દેશોની મદદ માંગી

**મોસ્કો :** રશિયા અને યુક્રેન વચ્ચે ઘણા દિવસોથી યુદ્ધ ચાલી રહ્યું છે. રશિયા અવાર નવાર મિસાઇલ હુમલા કરી રહ્યું છે. આ સ્થિતિ વચ્ચે હવે રશિયા આરપારના હુમલાની તૈયારી કરી રહ્યું છે. એવા અહેવાલો છે કે રશિયાએ યુક્રન પર રાસાયણિક હુમલાની તૈયારી કરી લીધી છે. યુક્રેનના રાષ્ટ્રપતિ જેલેંસ્કીએ આપી હતી. તેઓએ સાથે જ પશ્ચિમિ દેશોને વિનંતી કરી છે કે તે રશિયા પર દબાણ વધારે અને વધુ પ્રતિબંધો લગાવે.  આ સાથે જ બુજોવામાં એક સામૂહિક કબર મળી આવી છે. જેમાંથી ૫૦થી વધુ મૃતદેહો કાઢવામાં આવ્યા હતા. આ લોકો યુદ્ધમાં માર્યા ગયા હોવાની શંકા છે. યુક્રેનના રાષ્ટ્રપતિ જેલેંસ્કીએ વીડિયો સંદેશામાં કહ્યું છે કે રશિયાના રાસાયણિક હુમલાની શક્યતાઓને અમે બહુ જ ગંભીરતાથી લઇ રહ્યા છીએ. હું દુનિયાભરના નેતાઓને યાદ અપાવવા માગુ છું કે અમે પહેલા પણ રશિયા દ્વારા રાસાયણિક હુમલાની શક્યતા વ્યક્ત કરી હતી.

।।સ્વામીશ્રીજી ।।

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી લેખમાળા

# સંત-ભગવાન એટલે શાશ્વત સુખનું સરનામું

જોશુઆલિબ્મેને નામના અમેરિકાના યહૂદી પાદરી અને લેખકે કિશોરાવસ્થામાં એક યાદી બનાવી કે, ’જીવનમાં શું મેળવવાથી સુખી થવાય?’તેમાં તેણે સ્વાસ્થ્ય, સ્નેહ, સુંદરતા, સારી આવડત, સત્તા, અને સંપત્તિ આદિ નોંધ કરી હતી. ત્યારબાદ એક વૃદ્ધ પાસે જઈને પોતાની યાદી બતાવી ત્યારે વૃદ્ધ કહે, ‘એમાં મહત્વની વસ્તુ તો બાકી જ રહી ગઈ. - ‘કઈ?’- **‘મનની શાંતિ!’** આ શબ્દોએ તેની દિશા બદલી નાખી અને તેણે‘**Peace of mind**’નામનું પ્રખ્યાત **(best seller)** પુસ્તક લખ્યું, જેનાથી તે વિશ્વ પ્રસિદ્ધ થયા . આજે ઘણા વ્યક્તિઓ તેમાંથી મનની શાંતિ મેળવવાનો પ્રયત્ન કરી રહ્યા છે.

ખરેખર, પ્રાચીનયુગથી આધુનિકયુગ સુધી, આદિવાસીથી અમેરિકાવાસી સુધી દરેક વ્યક્તિને શાશ્વત સુખ જોઈએ છે. અને તે મેળવવા માટે ઘડિયાળના કાંટે તાલ મિલાવીને સતત દોડધામ કરે છે, છતાં સાચા અને શાશ્વત સુખનું સરનામું હજુ સુધી શોધી શક્યો નથી.


જેમ પતંગિયું સુખની શોધમાં અગ્નિની જ્વાળાની આસપાસ આંટા મારે છે અને અંતે તેમાં જ બળીને ભસ્મ થઈ જાય છે. તેમ માણસમાત્ર સુખી થવા વ્યક્તિ, વસ્તુ, વાતાવરણ કે વગ પાછળ આંધળી દોડ મૂકે છે. પરંતુ, મહદ્અંશે તેમાંથી જ દુઃખ પ્રાપ્ત થાય છે.

પોતાને જ **The law** ગણાવનાર નેપોલિયન બોનાપાર્ટે યુદ્ધ દ્વારા ઘણા દેશો જીતી એક મોટું સામ્રાજ્ય સ્થાપ્યું. પરંતુ, સત્તા, સંપત્તિ અને સામ્રાજ્ય હોવા છતાં પણ તેના ઉદ્ગારો કંઈક આવા હતાં. **‘I have not seen six happy days in my life.’** મેં મારી જિંદગીમાંસુખનાં છ દિવસ નથી જોયા.

આપણને અનુભવાય છે કે લૌકિક રિદ્ધિ, સિદ્ધિ, પ્રસિદ્ધિ અને બુદ્ધિમાં ટોચ પર પહોંચેલા વ્યક્તિઓ પણ સુખી નથી હોતા, તેઓ પણ જીવનમાં દુઃખ, અશાંતિ અને બેચેની અનુભવે છે.

“પર્વત પર ચઢી જવાથી મંઝિલ મળી નથી જતી,
હું કૈંક વ્યક્તિઓને પર્વત પર રખડતી જોઉ છું.”

માટે આ લોકના પદાર્થો પામવા માત્રથી સુખી થઈ જવાશે એ અનાદિકાળથી ચાલ્યો આવતો ભ્રમ છે.



પદ, પ્રતિષ્ઠા, સત્તા અને સંપત્તિ જેનાં ચરણોમાં આળોટતા એવા એલ્વિસ પ્રેસલી અને માઈકલ જેક્શન. તેઓ પણ સુખની શોધમાં નિષ્ફળ ગયા અને અંતે આત્મહત્યા દ્વારા જીવનનો અંત આણ્યો.

સાચા સુખની અનુભૂતિ અને શાંતિ માટે ઘણા લોકો ભૌતિકતા પાછળ દોડી દોડીને થાકી ગયા, હારી ગયા અંતે નામશેષ પણ થઈ ગયા છતાંતેઓને જે ન મળ્યું તે સુખનું સરનામું બતાવતા ભગવાન સ્વામિનારાયણ વચનામૃત ગ્રંથના સારંગપુર-૧ પ્રકરણમાં કહે છે : “ભગવાનનું જે એક નિમિષમાત્રનું દર્શન તે ઉપર અનંતકોટી બ્રહ્માંડનાં વિષય સુખ છે તે સર્વેને વારીફેરીને નાંખી દઈએ અને ભગવાનના એક રોમમાં જેટલું સુખ છે તેટલું જો અનંત કોટી બ્રહ્માંડના વિષયસુખ ભેળા કરીએ તોપણ તેના કોટીમાં ભાગની બરોબર પણ થાય નહિ.’

સંત તુલસીદાસજી પણઆ જ વાત દોહરાવતા કહે છે,

‘સુરપુર, નરપુર, નાગપુર એ તીનમેં સુખ નાહીં,
કા સુખ હરિ કે ચરણ મેં કા સંતન કે માંહી..’

ખરેખર, શાશ્વત સુખની અનુભૂતિ અને મનની શાંતિ ભગવાન અને સંત પાસે જ રહેલી છે.

ભગવાનમાં જ રમમાણ રહેનાર સંત તુકારામનું ગામના યુવકોએ ગધેડા પર ઊંધા બેસાડી ક્રૂર મજાક સાથેનું અપમાન કર્યું. પરંતુ, આ ભક્ત ભગવાનના સુખે સુખી હતા. તેથી તેઓને લેશ પણ અપમાન ન લાગ્યું.

કૃષ્ણભક્ત નરસિંહ મહેતા અત્યંત ગરીબ પરિસ્થિતિ હોવા છતાં ભગવાનનું સુખ ભોગવતા. તેથી લોકો તરફથી ઊઠતા પ્રશ્નો ક્યારેય તેઓને અડ્યા જ નથી.

ઉદયપુરના રાજરાણી મીરાંબાઈને અંતરમા શાંતિ હતી તેનું કારણ સત્તા કે સંપત્તિ નહીં પરંતુ ભગવાનની ભક્તિ હતી. જેના બળથી તેઓ કાતિલ ઝેર પણ પચાવી ગયા.

પૂ. પ્રમુખસ્વામીમહારાજના જીવનમાં પણ ઘણા વિક્ષેપો અને વિઘ્નો આવ્યા હતા. છતાં ભગવાનનાં બળે તેઓ સર્વદા અંતરથી સુખી હતા. તેઓ સતત ભગવાનનાં શાશ્વત સુખને ભોગવતા હતા. સન ૨૦૦૨માં પ્રમુખસ્વામીના હૃદય સમા ગાંધીનગર અક્ષરધામ પર આતંકી હુમલો થયો હતો. આ સમાચાર સાંભળતા જ સૌ પ્રથમ તેઓએ વધારે જાનહાની ન થાય તે માટે ભગવાનને પ્રાર્થના કરી હતી. આવી વિષમ પરિસ્થિતિમાં પણપ્રમુખસ્વામી મહારાજ ભગવાનની કર્તૃત્વ શક્તિના બળથી શાંત અને સ્થિર હતા. જેના કારણે ગુજરાત પણ સંપૂર્ણ શાંત અને સ્થિર રહી શક્યું હતું. અને એક જનસંહાર થતો બચી ગયો. અરે! ૯૩ વર્ષની જૈફ વયે હૃદયમાં ‘પેસમેકર’ મૂકવા માટેની કષ્ટદાયક સર્જરી કરવા આવી હતી. લોકલ એનેસ્થેસીયા આપીને થયેલી મોટી સર્જરીમાં તેઓએ એક ઊંહકારો પણ નથી કર્યો. જે ડોક્ટરો માટે અતિ આશ્ચર્યજનક હતું. લંડનમાં સુવર્ણતુલાના દિવસે જેટલું ભવ્ય સન્માન થયું તેટલું જ બીજા દિવસે એક વ્યક્તિની ગેરસમજથી અપમાન થયું. છતાં તેઓ સન્માનમાં જેટલા સ્થિર અને શાંત હતા તેટલા જ અપમાનમાં પણ.

મહાપુરુષો પાસે બાહ્ય રીતે કદાચ પદ, પ્રતિષ્ઠા, સગવડ કે સંપત્તિ હોય કે ન હોય. પરંતુ, ભગવાનનાં સુખથી તેઓનું અંતર સુખી હતું અનેશાશ્વત શાંતિની અનુભૂતિ હતી. જેના કારણે આજે પણ આપણે તેમને યાદ કરીએ છીએ.

છાન્દોગ્યોપનિષદ કહે છે: **“सुखंभूमात्वेव”**અર્થાત્ ભૂમા (પરમાત્મા) જ સુખ છે. માટે સુખસ્વરૂપ પરમાત્માના માર્ગે ચાલીએ અને યથાર્થ સુખન ભોક્તા બનીએ.

**• સાધુ કૌશલમૂર્તિદાસ**

# HONEST - DEDICATED - TEAMWORK

*Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.*

PINNACLE REAL ESTATE GROUP

CENTURY 21.
Innovative Pinnacle Real Estate Group
BROKERAGE

We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a single realtor
- Over 15 years of combined experience

**JUST LISTED**
128 Golfdale Road Belleville




A Beautiful Raised-Bungalow Perfect For A Growing Family. Functional Layout With 3 Bedroooms On The Main Floor, 2 In The Basement. The Floorplan Allows For An In-Law Suite On The Lower Level With Kitchen Providing Income Potential! Bright And Spacious W/Ample Windows Providing Natural Light. Great Curb Appeal. Walkout From The Kitchen To A Large Deck Overlooking The Private Backyard. Minutes To Belleville Go Station, Hwy 401 And Much More.

**JUST LISTED**
Brock / Taunton




Excellent Location In Pickering Duffin Heights, Semi-Detached ,3 Beds & 3 Baths. Lot Of Upgrade: 9' Ceiling, Hardwood Floor On Main Flr, Brand New Hardwood On 2nd Flr,Close To Walmart Supercenter, Mcdonald ,Hwy407 &401. Fireplace, Central Ac ,California Shutters, Quartz Counter Top In All Bathrooms, Granite Countertop In Kitchen.

**JUST LISTED**
Anderson & Rossland




A Chef's Kitchen Not To Miss, Kitchen Aid Appliances, Built In Dbl Oven, Built In Microwave, Culinaire Series Gas Stove. On A Large Lot 52' Wide. In The Heart Of Whitby, Interlocked Extended 3 Car Driveway, Stone Porch, Backyard Patio, Enter To An Open Foyer, Curved Oak Stairs, Eat In Kitchen With Granite Counter, Walk Out To Large Patio To A Fenced Backyard. Close To Transit, Mins To 401, Shopping, Schools



- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions... Its that Simple!

Call or DM for further details on this both amazing projects.

*You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.*

**Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work !**

## Shamim & Amin Kharodia

**Broker of Record / Sales Representative**
**teamkharodia@gmail.com**
**300-2855 Markham Rd Toronto ON M1X 0C3**
**D: (647) 501-6786 I D: (647) 308-2941**
**F : (416) 298-8303 I P: (647) 666-8676**




Grand Centurion Office

Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.



Chapel Ridge
FUNERAL HOME
& CREMATION CENTRE

## 416.993.0826
## 24/7 # 905.305.8508



તમારી સગવડ માટે અમે બે ફ્યુંનરલ સેન્ટર ઑફર કરીયે છીએ. મારખમ અને મિસિસાગા. સંપૂર્ણ હિન્દુ તથા જૈન વિધિની સગવડતા. *(St. John's Dixie, 737 Dundas St. E., Mississauga, ON L4Y 2B5)*

**ફ્યુંનરલ સર્વિસ, બેઝિક કાસ્કેટ, ક્રિમેશન અને ટેક્સ બધાં સાથે ટોટલ ફક્ત**
**$4270**

વધુ માહિતી માટે ફોન કરો. અમારો પ્રોફેશનલ સ્ટાફ તમારી ભાષામાં તમને માહિતી આપશે.

પ્રિપેઇડ ફ્યુંનરલ અને ટ્રાવેલ ઈન્સુરન્સ

1. તમારા ડોલર ફ્યુંનરલ હોમમાં જમા નહિ થાય. પરંતુ સરકારે નીમેલી ટ્રસ્ટ કંપની પાસે રહેશે.
2. એક વખત પ્લાન ખરીદ્યા પછી તમે કે તમારા ફેમિલીએ કદીપણ વધુ પૈસા નહિ આપવા પડે.
3. ટ્રાવેલ ઈન્સુરન્સ - ફક્ત $595 એક વખત આપી જિંદગી ભર તમે ક્યાંય પણ નિશ્ચિંત ટ્રાવેલ કરી શકશો. *

* *This is not a general insurance. Applies only in case of a death away from home.*

8911 Woodbine Avenue, Markham, Ontario L3R 5G1
www.chapelridgefh.com • info@chapelridgefh.com